ૐ

મનોહર-કાન્તા.

ભાગ ૨ જો.

પ્રકાશક.

સોરેઠ ત્રી. ક તથા શા માં જોશી.

સને ૧૯૦૨

ॐ परमात्मने नमः

મનોહર-કાન્તા.

ભાગ ૧ લો.

એક અંત્યુત્તમ નોવૅલ.

બનાવનાર તથા પ્રગટ કરનાર.

ત્રીભુવન કાકુભાઇ બારોટ.

તથા

જોશી રામશંકર સાંકલેસ્વર.

મુ. કડી—(ગુજરાત)

આવૃતી ૧ લી   પ્રત ૫૦૦

અમદાવાદ

'એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ' માં

નથુભાઈ રતનચંદ મારફતીયાંએ છાપી.

સંવત ૧૯૬૨   સને ૧૯૦૫

કિમત રૂ૧—૦—૦

અર્પણ પત્રિકા

માનવંતા અને કીર્તિસ્થંભ.

રા. રાજેશ્રી શેઠ હુકમચંદ ઇશ્વરભાઇ.

પુના લેટ મ્યુનિસિપાલ કમીશનર.

મુ૦ માણસા.

આપની ઉદારતા, ધૈર્યતા, ધર્મબુદ્ધિ, પરગજુ પણું, ગુરૂભક્તિ અને સત્કર્મમાં નાણાં ખર્ચવાથી આહા ભાગ્યપણું માનવાપણાના પરમ સ્તુતિપાત્ર ગુણો જોઇ, હું ઘણોજ ધન્યવાદ આપી તેની સાથે આપનું મુબારક નામ સઘળી આલમમાં ફેલાવવા આ જગોએ દાખલ કરવા રજા લેઉછું. મારા પ્રથમ પ્રયાસમાં આપે જે મદદ કરી છે તેથી હું મારા ખરા અંતઃકરણથી આપનો આભાર માની મારા હાથથી લખાયેલ આ "મનોહર-કાન્તા" નામનું પુસ્તક આપનેજ અર્પણ કરૂછું તે સ્વીકારશો.

લી૦ હું છું

આપનો આભારી

ત્રીભુવન કાકુભાઇ બારોટ.

મુ૦ કડી-ઠે. કરણપુર.

આભાર પત્રિકા.

નામદાર દરબાર શ્રી સુરજમલજી. મુ. વરસોડા.
રા.રા. શેઠ હાથીભાઇ મુલચંદ. મુ. માણસા.
રા.રા. શેઠ વાડીલાલ ગુલાલજી. ,,
રા.રા. શેઠ ગીરધરલાલ ગુલાબચંદ. ,,
રા.રા. શેઠ વીઠલદાસ અનોપચંદ. ,,
રા.રા. વકીલ મનસુખરામ મુળચંદ. ,,
રા.રા. શેઠ હરગોવનદાસ હીરાચંદ. ,,

આપ નામદાર સાહેબો ગ્રંથકારના આશ્રયસ્થાન છો અને બનતી મદદ આપવા ઉલટ બતાવો છો. જેથી આ ઠેકાણે આપનો આભાર માની આપનું મુબારક નામ દાખલ કરી કૃતાર્થ થાઉં છું.

હું છું આપનો આભારી
ત્રીભુવન કાકુભાઇ બારોટ.
મુ. કડી (ગુજરાત)

પ્રસ્તાવના.

પ્રાચિન સમયમાં આપણી આર્યભૂમિમાં ઘણા કુશળ કારીગરો હતા, તેમની કારીગરીઓનાં નિશાન ઘણા જમાના તેમજ વર્ષોનાંવર્ષ વહી ગયાં છતાં હજુ પ્રકાશીત છે. તે જોઇ આપણે અજાયબ થઇયે છીએ. જેમ કે અંબાજી માતા પાસે કુંભારીઆ નામથી ઓળખાતાં દેવાલયો, સિદ્ધપુરનો રૂદ્રમહાલય, તેમજ શામળાજીનું દેવળ તેમ તારંગો જે ખેરાળુની નજીકમાં શ્રાવકલોકોનું તિર્થયાત્રાનું મથક છે. વીગેરે ઠેકાણે તેમાં પધરાવેલી મૂર્ત્તિઓ તેમજ કોરણીઓ તેમ તેની અદભૂત કારીગરી જોતાં જોનાર માણસને તો એમજ લાગે કે આ અદભુત કામ શિલ્પકર્મા શિવાય કોઇ બનાવી શકે નહિ, પરંતુ વિચાર કરી જોશો તો સહેજ માલુમ પડશે કે શિલ્પકર્માએ માણસને ચાતુરી આપી અને મનુષ્યોએજ બનાવેલાં છે. કંઇ દેવલોક હાથે બનાવતા નથી આવું છતાં કોઇ ઠેકાણે અને કોઇ જગોએ કીયા કારીગરોએ બનાવી તે મારા સમજવા પ્રમાણે તેમ વાંચવા પ્રમાણે ન જોવામાં આવેથી તેમ તેમની અદભૂત કારીગરીનો ચિતાર મારા લક્ષમાં રહેથી તેમજ ઘણા કવિઓએ કરેલી પ્રશંસા મેં સાંભળેથી તેથી એક કલ્પીત કારીગરની આ વાર્તા બનાવી છે; વળી મને વાર્તાઓ તેમજ પુરાણો ઇત્યાદીક સાંભળવાનો ઘણો શોખ હોવાથી આ કલ્પીત પુસ્તક રચ્યું છે આ પુસ્તક બનાવવાનો હેતુ એટલોજ કે માણસા સ્ટેટમાં પ્લેગનું જોર વધવાથી રાજા તેમ પ્રજા પોતાની હવેલીઓ તેમજ નાનાં ઘરો બંધ કરી વગડો શેવતાં હતાં, ત્યારે હું પણ મારાં બાઇ

ચત્રુભુજ ત્યાંના પોસ્ટમાસ્તર હતા તેમની જોડે વગડામાં હોવાથી ત્યાં જરા આરામ તેમજ મારા ભાઇના નોકર લોકથી સુખ પડવાથી એક સુંદર ખાસના મકાનમાં બેશી આ કલ્પીત વાર્તા બનાવી છે. પુસ્તક બનાવવાનો મારો આ પ્રથમ પ્રયાસ હોવાથી તેમાં કાંઇ હુ-સ્તદોષથી ભુલ ચુક રહી ગઇ હોય તો વાંચકવર્ગ કૃપા કરી દરગુજર કરશો એવી આશા રાખુંછું શાંન્તીઃ શાંન્તીઃ

Tribhovan K. Barot Kadi D/ 8-5-04.	ત્રીભોવન કાકુભાઇ મુ. કડી.



મનોહર—કાન્તા.

ભાગ ૧ લો.

શાર્દૂલવિક્રીડિતમ્.

यंशैवाःसमुपासतेशिवइतिब्रह्मेतिवेदान्तिनो,
बौद्धाबुद्धइतिप्रमाणपटवःकर्तेतिनैयायिकाः ॥
अर्हन्नित्यथजैनशासनरताःकर्मेतिमीमांसकाः ।
सोऽयंवोविदधातुवाञ्छितफलंत्रैलोक्यनाथोहरिः ॥१॥

અર્થ—જેને શૈવલોકો શિવ માનીને ઉપાસે છે, વેદાન્તી લોકો બ્રહ્મ માનીને ઉપાસે છે, બૌધ લોકો બુદ્ધ માનીને ઉપાસે છે; પ્રમાણોમાં ચાતુર્યતા ધરાવનારા નૈયા- યિક લોકો કર્તા માનીને ઉપાસે છે, જૈન લોકો અર્હંત માનીને ઉપાસે છે અને મીમાંસીક લોકો કર્મ માનીને ઉપાસે છે, તે ત્રૈલોકયનાથ વાં- ચ્છિત ફળ આપો. ॥ ૧ ॥

હિંદુસ્તાનના દક્ષિણ તરફના દરીઆકિનારે ચંદ્રાવતી કરીને એક મોટા વિસ્તારવાળું શહેર હતું. જેનો ચકાવો ચા- ળીસ કોશનો વખાણવા લાયક હતો. તે શહેરને ફરતો એક

જબરો કિલ્લો હતો. તેમાં ચાળીસ દરવાંજા હતા. શહેરનો બજાર તેમજ રસ્તાઓનો દેખાવ મનને આનંદ પમાડે એવો સુશોભીત હતો. તેમજ રાજની મહેલાતો પણ ઘણીજ ચિત્ર વિચિત્ર આરસપહાણની બનાવેલી હતી. વળી તે શહેરના નાના મોટા મહેલો જોયાથી જોનાર માણસને તો એમજ લાગે કે—વિશ્વકર્માએ પોતાને માટેજ આ શહેર બાંધેલું હોય એવું સુંદર લાગતું હતું. વળી આ શહેરની દક્ષિણ બાજુએ ગામ બહાર એક દીલખુશાલ નામનો બાગ હતો; તે બાગમાં જાય, જુઈ, મોગરો, ચંપો, ગુલાબ, ચંબેલી, વીગેરે ઘણી જાતનાં પુષ્પ ઝાડો હતાં. અને તેની આજુબાજુએ આંબો, આંબલી, દાડમ, ફણસ, અંજીર, નાળીએરી, દ્રાક્ષ, સાગ, તમાલકેતકી સીસવ, દેવદાર, કેવડો, કેળ, પીપર, વડ, કદમ, લીંબુ, બદામ, જાંબુ, લીંમડા, વીગેરે ઝાડોની ઝાડી ફળદ્રુપ ઝુકી રહી હતી. તેમાં મેના, પોપટ, કોકાકઉઆ, કબુતર, સિંહ, ચિતા, વાઘ, સાબર, રીછ, રોઝ વીગેરે ઘણાં પશુ પક્ષીઓ આનંદથી વિ-હાર કરી રહ્યાં હતાં, તે જોતાંજ જોનારને ઘણોજ આનંદ થ-તો હતો. તેવા સુંદર ઝાડોની વચે એક મોટો બિશાળ બંગલો એવો તો બાંધેલો હતો કે કોઇપણ ચિત્રકાર અથવા શિલ્પશા-સ્ત્રી તેમાંનું ઉત્તમ પ્રકારની આકૃતિનું કોતરકામ શીખવા

માગતો હોય તેને આ મહેલ જોયાથી કોઇપણ પ્રકારનો સુધારો વધારો કરવાની ઇચ્છા રહે નહિ. આવો સુંદર મહેલ ઘણી જાતની રચનાથી શણગાર્યો હતો. જેથી નજરે જોનાર તો તે જોતાંજ ખુશ થઇ જાય. બંગલાની મધ્યભાગની બંને બાજુએ સોના રૂપાની હીરા જડીત ખુરસીઓ ગોઠવેલી હતી. જેની મધ્યભાગે એક સુંદર બેઠક હતી. જે વિશ્વકર્માએ ખાનગી વખતમાં પોતાનાજ માટે બનાવેલી હોય એમ લાગતું હતું. આ સુંદર બંગલામાં હમેશાં સાંજના પાંચ વાગ્યા પછી તે શહેરનો રાજા અમરસિંહ હવા ખાવા માટે આવી બિરાજમાન થતો હતો. રાજા ઘણોજ હોંશિયાર બુદ્ધિશાળી તેમજ ઉદાર દિલનો હતો. જેથી હમેશાં પોતાના શહેરના તમામ કારીગરોને આ બાગની બેઠકે બોલાવી તેમની અનેક પ્રકારની કારીગરી જોઇ વખતોવખત ઇનામ આપતો હતો, તેમ પોતાની પ્રજા વધારે સુધરે તેને માટે પુરતુ ધ્યાન આપતો હતો એટલુંજ નહિ પણ ઉત્તેજન માટે જોઈતું દ્રવ્ય પણ આપતો હતો આ શહેરના તમામ કારીગરો પૈકી એક મોતીરામ કરીને કારીગર હતો, તેના ઉપર રાજ્યની ઘણીજ મહેરબાની હતી. તેથી તેને હમેશાં આ બાગમાં બોલાવવામાં આવતો હતો; અને તેની પાસે નવિ નવિ જાતના બંગલા તથા મેહેલો બનાવવાના નકશા

બનાવવાનો હુકમ કરતો હતો. જેવા તે નકસા બનાવી રજુ કરતો તે જોઈ રાજા ઘણો ખુશ થતો; અને વખતોવખત તેને ઇનામ આપતો હતો, તેમ તેનું રાજ્યમાં એટલું બધું માન વધી ગયું હતું કે તે કારીગર ધારે તે કરી શકતો હતો; જેથી મોતીરામ કારીગર પાસે આશરે પચાસહજાર નાણાં શીલક થયાં હતાં. કારીગર ઘણોજ હોંશિયાર બુદ્ધિશાળી તેમ તેના કામમાં ઘણોજ પ્રવિણ હતો, જેથી તેની હોંશિયારી તથા આબરૂ ઘણીજ વખણાતી હતી. તેથી ઘણા રાજાઓ મહેલો તથા બંગલા બનાવવા માટે તેની પાસેથી નકસા બનાવી મંગાવતા હતા. જેથી દુનિઆમાં તેની ઘણીજ પ્રખ્યાતી ચાલી હતી આ કારીગરની સ્રીનું નામ કંકુ હતું. તે બાઈ પણ ઘરકામથી સારી વાકેફગાર હતી. તેમ શાન્ત દીલની હતી. એ બાઇને એક ફરજન હતું જેનું નામ મનોહર હતું. મનોહરની ઉમ્મર પંદર સતર વરસના આશરેની હતી. તેને પરણાવેલો હતો; ને તેની સ્રીનું નામ અંબા હતું. મનોહર પણ બાપની હોંશિયારીને લીધે ચિત્રકામ તેમજ નકસા બનાવવાનું કામ સારી રીતે શીખ્યો હતો. પરંતુ તે થોડું ભણેલો તેમ મગજનો જરા ખસેલો હતો.

એક દીવસ **મોતીરામ** કારીગર પોતાની હવેલીની અગાશીમાં બેઠો બેઠો કોતરકામનો નકસો બનાવતો હતો. તેવામાં તેને વિચાર સુજી આવ્યો કે મારી પાસે દ્રવ્ય ઘણું છે પરમેશ્વર કૃપાથી પુત્ર પણ છે, પરંતુ આ દુનિઆમાં મારી જેવી આબરૂ છે તેવી આબરૂ આ છોકરો કાઢશે કે નહિ તે માટે આ છોકરાની પરિક્ષા મારે કરવી જોઈએ. તેમ સમજી મનમાં વિચાર કરી મનોહરને બોલાવ્યો, **મનોહર** આવ્યો; અને પોતાના પિતાને પુછ્યું, પિતાજી મને આપે કેમ બોલાવ્યો ? ત્યારે મોતીરામે જવાબ દીધો કે બેટા ! આવતે કાલે આપણે એક રાજાનો મહેલ બનાવવા માટે પરદેશ જવાનું છે, તો આપણા ટાંકણા, હથોડા, વીગેરે સામાન બાંધી તૈયાર થાઓ. ત્યારે **મનોહરે** જવાબ આપ્યો કે—સારૂ. પિતાજી હું આપના કહેવા મુજબ તૈયાર થાઉં છું. પછી મોતીરામે પોતાની સ્ત્રી કંકુને બોલાવીને કહ્યું કે આવતે કાલે મારે તથા મનોહરને પ્રદેશ જવું છે. માટે સવારમાં ચાર વાગે રસોઇ તૈયાર થાય તેમ કરવું. કંકુએ પોતાના સ્વામીની આજ્ઞા પ્રમાણે બીજે દીવસે સવારમાં ચાર વાગે રસોઈ તૈયાર કરી અને પોતાના સ્વામીને તથા દીકરાને જમાડી વિદાય કર્યા.

માર્ગમાં ચાલતાં ચાલતાં મોતીરામે પોતાના દીકરા મનહરને કહ્યું કે બેટા! રસ્તો ઉતાવળથી કાપો જેથી આપણો ધારેલો મુકામ ઝટ આવે. જેવા તેના બાપના મુખમાંથી આ શબ્દો નીકળ્યા તેવો તુર્તજ મનોહર જે તેની પાસે ટાંકણાં વીગેરેની બચકી હતી. તે છોડી તેમાંથી ટાંકણું તથા હથોડો કાઢી માર્ગ કાપવા બેઠો. ત્યારે મોતીરામે વિચાર કર્યો કે છોકરો ગાંડો છે, ફક્ત તેને એકજ ઇંદ્રિનું જ્ઞાન છે જેથી તે મારી પુંજી બરોબર વાપરી શકશે નહિ તેમ મારા જેવી ઇજત પણ મેળવી શકશે નહિ. એવી રીતે મોતીરામ વિચારમાં પડયો. અને મનોહરને કહ્યું કે બેટા! ટાંકણું તથા હથોડો બાંધી લ્યો. અને ચાલો જેથી આપણા ધારેલા મુકામે વહેલા પહોંચીએ. ત્યારે મનોહરે ટાંકણું તથા હથોડા બચકામાં બાંધી મોતીરામની પાછળ ચાલવા માંડયું. ચાલતાં ચાલતાં મોતીરામે વિચાર કર્યો કે આગળ જવામાં કાંઇ સાર નથી. મારે તો ફક્ત મનોહરની હોંશિયારી જોવાની હતી, તે જોઈ. માટે પાછું ફરવું તે સૌથી સારૂં છે. એમ સમજી મોતીરામે મનોહરને કહ્યું કે બેટા! પાછા વળો આપણને અપશુકન થાય છે. તેમ કરી બંને બાપ દીકરો ઘેર આવ્યા. અને મોતીરામે મનમાં વિચાર કર્યો કે છોકરાને તો એકજ ઇંદ્રિનું જ્ઞાન છે.

પરંતુ ઘરમાં તેની સ્ત્રી હોંશિયાર હશે તો આ વાતથી વાકેફ થઇ શીખામણ દેશે જેથી થોડા વખત પછી પાછું પ્રદેશ જવાનું બ્હાનું કાઢી નીકળવું અને વહુની પણ હોંશિયારી જોવી. રાત્રે વાળુ કરી સુઈ રહ્યા. સુતી વખતે મોતીરામની સ્ત્રી કંકુએ મોતીરામને પુછ્યું કે તમો તુર્ત પાછા કેમ આવ્યા ? ત્યારે મોતીરામે કહ્યું કે અપશુકન થવાથી પાછા આવ્યા. પરંતુ મનોહરને તો તેની સ્ત્રીએ કંઇ પુછ્યું પણ નહિ તેમ મનોહરે તેણીને પણ કંઈ કહ્યું નહિ, બાદ થોડા દીવસ વીત્યા પછી મોતીરામે ફરીને મનોહરને કહ્યું કે બેટા આવતે કાલે આપણે પેલા રાજાનો મહેલ બનાવા જવું છે. માટે આપણે આપણાં રાસરસીલાં બાંધી તૈયાર થાઓ. તે મુજબ મનોહરે સર્વે તૈયાર કરી રાખ્યું. બીજે દીવસે પ્રથમ મુજબ સવારમાં બાપ દીકરે જમીને પ્રદેશ જવાનો રસ્તો ઝાલ્યો માર્ગમાં ચાલતાં ચાલતાં કહ્યું કે બેટા રસ્તો કાપો કે ઝટ ગામ આવે. ત્યારે મનોહરે પ્રથમ મુજબ પોતાની બચકી નીચે ઉતારી તેમાંથી થોડા ત્રણ ટાંકણું કાઢી રસ્તાના મધ્યભાગે બેશી રસ્તો કાપવા માંડયો. ત્યારે મોતીરામે વિચાર કર્યો કે છોકરાને તો એકજ ઇંદ્રિનું જ્ઞાન છે અને તેની બાઇડી પણ ગાંડી છે. માટે મારી પુંજી લુંટાઇ જશે. અને દુનિઆમાં મારી જેવી

ઇજતઆબરૂ છે તેવી આ છોકરો રાખશે નહિ. વીગેરે બાબતોથી ઘણોજ ખેદ કર્યો, અને મનોહરને કહ્યું કે બેટા પાછા વળો આપણને ઘણા માઠા શુકન થાય છે. એમ કરી બંને બાપ દીકરો પાછા વળ્યા. અને પોતાને મુકામે આવ્યા. રાત્રે જમીને મનોહર તેમજ મોતીરામ સુઇ રહ્યા. પરંતુ મોતીરામને તો જરા પણ ઉંઘ આવે નહિ. અને મનમાં ને મનમાં ઘણી જાતના તર્ક વિતર્કો કરવા માંડયા. વિગેરે વિચારોથી તેનું શરીર સોસાવા લાગ્યું. જેમ કે—

શાર્દુલવિક્રીડિત છંદ.

ચિંતાએ ચતુરાઇ ચંચળ તણી, ચોરી લીએ ચિત્તથી;
વાસો વૃક્ષ વિષે કરે તવ નહિ શાન્તી મળે વિત્તથી.
શોભા શોણિત હર્ષ હિંમત હરે શંકા વધે સર્વદા;
વ્યાધિ એહ સમ દેહને અવર કો દુષ્ટ ન દીઠી કદા.

વળી— છપ્પો.

ચિન્તા સમ નહિ ચોર, રોગ ચિન્તા સમ નાહી;
ચિન્તા ઝેરી શસ્ત્ર, ડાકણી એ દીલ માંહી.
ચિન્તા એજ પિશાચ, એજ ઉચાટન મનનું;
એ છાની દીલ આગ, તેજ બાળે સહુ તનનું.

છે ચિન્તા દુશ્મન ચતુરને, કો ભાગ્યે છુટા ભમે;
જે પડે પાપણી પાસમાં, નિર્દય થઈ તેને દમે.

વળી શાસ્ત્રોમાં કહ્યું છે કે—

कोर्थ पुत्रेण जातेने, योन विद्वान्न धार्मिकः
काणे न चक्षुषा किंवा, पीडैव केवलं ॥

અર્થ—જેનો દીકરો વિદ્વાન અને ધાર્મીક નથી, તે કંઇ કામનો નથી જેમ ફુટેલી આંખ કેવળ પીડાકારી છે; તેમ મુર્ખ છોકરો કેવળ પીડા કરનાર જાણવો.

वरंगर्भस्त्रवो, वरमपिचनैवाभिगमनं ।
वरंजातप्रेतो, वरमपिचकन्याचजनिता ॥
वरंवंध्याभार्या, वरमपिचगर्भेषुवसंति ।
नवाविद्वानरूपद्राविणगुणयुक्तोपितनय् ॥

અર્થ—જેનો પુત્ર રૂપવાન, દ્રવ્યવાન, ને ગુણવાન છતાં વિદ્વાન ન હોય તો તે કરતાં પુત્ર ન હોય તો સારૂ. ગર્ભ ગળી જાયં તો સારૂ, સ્રીગમન ન કરવું તે સારૂં, મુવેલો બાળક અવતરે તે સારૂં, કન્યાનો જન્મ થાય તે સારૂં, વાંઝણી સ્રી રહે તે સારૂં, અથવા પેટમાં ને પેટમાં રહી છોડ થઇ જાય તે સારૂં પણ મુર્ખ છોકરો હોય તે સારૂં નહિ.

વળી–विद्यानामनरस्यरूपमधिकं प्रच्छन्नगुप्तंधनं।

विद्याभोगकरीयशःसुखकरी विद्यागुरूणांगुरु ॥

विद्याबंधुजनोविदेशगमने विद्यापरंदैवतं।

विद्याराजसुपुज्यतनहिधनं विद्याविहिनःपशुः ॥

અર્થ–વિધા એ પુરૂષનું અધિક રૂપ તથા ઢાંકેલુ ગુપ્ત ધન છે. અને તે ભોગ, યશ, તથા સુખને આપનારી, ગુરૂની પણ ગુરૂ છે. પ્રવાસમાં બંધુજન સમાન અને પરંમ દેવતરૂપ છે. રાજ્યદરબારમાં વિધા પુજાય છે, ધન પુજાતુ નથી. માટે વિધાહીન પુરૂષને પશુ સમાન જાણવો.

વળી— एकेनापिसुवृक्षेण पुष्पितेनसुगन्धिना।

वासितं तद्वन सर्वं सुपुत्रेण कुलं यथाः ॥

અર્થ–જેમ એક પણ સુંદર વૃક્ષનું ફુલ આખા બગીચાને સુગંધી આપે છે, તેમ એકજ સુપુત્રથી આખુ કુળ પ્રકાશિત થાય છે.

વળી એક અંગ્રેજ કવિ કહે છે કે—;

The wise and prudent conquer difficulties.
By daring to attempt them Sloth and folly.
Shhiver and Shrink at sight of toil & danger.
And make the imp s-ibility they fear.

ROWE.

એવી રીતે જેમકે કોઇ પ્રદેશી માણસને સવારમાં વેહેલા ઉઠી ચાલવાનું હોય જેની ચિન્તાએ નિંદ્રા ન આવે તેમ કોઈ કારભારીએ ખોએલો કારભાર પુનઃ સવારમાં પાછો મળવાનો હોય જેના ઉત્સાહથી નિંદ્રા ન આવે તેમ આ મોતીરામ કારીગરને નિંદ્રા આવતી નથી. અને તે પલંગમાં આમતેમ આળોટે છે. અને વિચારમાં ને વિચારમાં લીન થઇ ગયો છે. અને મનમાં વિચાર કરે છે કે છોકરો તો મુરખ છે તે બદલાય નહિ. માટે તેને હવે કોઇ સારી ગુણવાન તથા હોંશિયાર ફરીથી કન્યા શોધી પરણાવુ. જેથી મારી ધારેલી વાત સુધરે. અને મારો ભેગો કરેલો પૈસો સારી રીતે વપરાય. એમ વિચાર કરતાં કરતાં સવારના છ વાગવાનો વખત થયો. મોતીરામ સવારમાં ઉઠી દાતણ કરી સ્નાન કરી જમવાનું તૈયાર હતું તે જમી. કન્યાની શોધમાં પ્રદેશ જવાની તૈયારી કરી. અને પોતાની સ્ત્રીને બોલાવીને કહ્યું કે હું કંઈ કારણસર પ્રદેશ જઉં છું. માટે ઘરની તું બરોબર સંભાળ રાખજે તેમ કહી પોતાની સાથે જે કંઈ લેવાનું હતું તે લઈ પોતે પ્રદેશ જવાનો રસ્તો પકડયો.

રસ્તે ચાલતાં ચાલતાં સાંજ પડી ગઈ હતી. ચંદ્ર કીરણોથી કાઇ પ્રકાશિત થએલાં નાની વાદળીઓનાં ટોળેટોળાંએ

જમીન ઢાંકી દીધી હતી રત્નાગર સાગરના નિર્મળ પાણીનાં નાનાં મોટાં મોજાં આમતેમ અથડાઈ મૃદુમૃદુ ગાન ગાંતાં હોય તેમ સંભળાતાં હતાં. કોઇ કોઈ વાર દુરના સુસવાટા કરતા શીતળ પવનની મીઠી લહેરો એક સરખા આનંદથી દરિયા કિનારાના ચોગાનમાં રમતી હતી. તે વખતે આ મોતીરામ દરિયા નજીક આવેલા રસીલા ગામ તરફ જોઈ રહ્યો હતો. અને વિચાર કર્યો કે લાવ હવે સાંજ પડી ગઇ છે તેથી ગામમાં જઇને રહેવું તે સારૂં. તેમ કરી ગામ તરફ ચાલ્યો માર્ગમાં ચાલતાં ચાલતાં કોઈ માણસને પુછ્યું કે ભાઇ આ ગામમાં કોઈ કારીગરોનાં ઘર છે કે ? ત્યારે જવાબ મળ્યો કે હા છે. ત્યારે મોતીરામે પુછ્યું કે તે કારીગરનું નામ શું છે ! ત્યારે તે માણસે કહ્યું કે તેનું નામ શીવરામ કારીગર છે. તે ઘણો ગ્રહસ્થ અને વિવેકી છે. માટે તમે તેનું ઘર પુછીને જાઓ. ત્યાં તમારી ખાતરી બરદાશ થશે. ત્યારે મોતીરામ કારીગર શીવરામ કારીગરનું ઘર પુછતાં પુછતાં ગામમાં ચાલ્યા.

પ્રકરણ ૨.

આ રસીલા ગામમાં એક શીવરામ કરીને કારીગર રહેતો હતો. તેને ગુજરાતી, સંસ્કૃત, તેમજ શિલ્પ શાસ્ત્ર વીગેરેનું ઘણું સારૂ જ્ઞાન હતું. તેમ તે ગ્રહસ્થ અને વિવેકી હ-

તો તેને એક સુંદર કાન્તા નામે દીકરી હતી. બીજું કંઇ ફરજન હતું નહિ. તેથી તે દીકરી ઉપર ઘણી પ્રિતી રાખતો હતો. તે બાઈને ગુજરાતીમાં ને સંસ્કૃતમાં પ્રવિણ કરી હતી. તેમ માતુ પ્રતેથી ગ્રહકાર્ય ચલાવવામાં ઘણી નીપુણતા તે બાઈએ મેળવી હતી. હવે દીવસે કંઇ કરણના લીધે તે બાઈનાં માતુશ્રી તથા તેનાં પીતા તે બાઇને ઘેર મુકી બીજે ગામ ગયેલાં હતાં. તેવામાં આ મોતીરામ કારીગર શીવરામ કારીગરનું ઘર પુછતો પુછતો ત્યાં આવ્યો. ત્યારે કાંન્તાએ કહ્યું કે આવો બેસો એમ કહી મોતીરામને પલંગ પાથરી આપ્યો. અને એક ઠંડા જળનો લોટો ભરી આગળ મુક્યો તેમ જ્ઞાતી રીવાજ મુજબ હુક્કો તેમજ તમાકુની દાબડી મુકી. તે સાથે અફીણની દાબડી પણ મુકી અને કાન્તા ઘરમાં ગઈ. આવા વિવેકના લીધે મોતીરામ આ સુંદર યોવના તરફ જોઇ રહ્યો. અને પગથી તે માથા સુધી જોઈ વિચાર કરવા માંડયો કે—

આ બાઈ બાર તેર વરસની વયની અને તેના નાજુક અને આનંદત અવયવો એક ઝીણું રેશમી વસ્ત્ર જે તેના શરીરની આસપાસ કરચોળીઓમાં વીંટાએલું હતું. તેની સુંદર આંખો જેમાંથી નિર્મળતાનો પ્રકાશ દ્રવતો હતો. તેના વિશાળ કપાળના ઉપર કાળા ચળકતા વાળની લટો રમતી હતી. તેના

ગુલાબી ગાલને પરવાળા જેવા હોઠ જેમાંથીડાડમની કળી-
ઓ જેવા દાંત દેખાતા હતા. આવી અદભૂત કાન્તિવાળી બાઈ
જેના શરીરમાં કોઇ પણ જાતની ખામી નહોતી. તેને જોતાં
મોતીરામ કરીગર પાંચેક મીનીટ પોતાની સ્થિતી ભુલી ગ
યો. અને પુછ્યું. તમારા પિતા ક્યાં છે? અને ક્યારે આવસે?

કાન્તા— આવે આવે તો ના આવે અને ના આવે
તો આવે. ત્યારે મોતીરામ કારીગર સમજી ગયો કે—શીવરામ
કંઇ પરગામ ગયેલો હોવો જોઇએ. અને આ ગામ તથા તે
ગામની વચ્ચે નદી હોવી જોઇએ. જો પુર આવે તો ન આવે.
અને ન આવે તો આવે. કારણકે ચોમાસાનો વખત છે. માટે
આ બાઇએ મને ગર્ભિત જવાબ આપ્યો છે. એમ વિચાર મન
સાથે કરે છે કે—

આહા! યૌવના! શું મર્મીત ઉત્તર? શું સંસારના સ-
ર્વે કઠીન મનને નમ્ર કરી પદમણી અર્થે તુજ નીર્માણ થઇ
હોઇશ? કૃપાળુ પ્રભુની મહાન શક્તિનું તુંજ દર્શન હોઇશ?
કે તું કીયા પુરૂષના ચિત્તને શાન્ત કરી પરવશ ન કરે? બાદ
મોતીરામે વિચાર કર્યો કે મારે આ બાઇની હોંશિયારી જોવી
જોઇએ. એમ કહી મોતીરામ પાસે આરસ પાહાણના પથ્થર-
ના ચોખા હાથ તે કાન્તાને બોલાવીને કહ્યું કે બાઈ મને અ-

ફીણ આવતું નથી, માટે આટલા ચોખા ઓરી આપો. ત્યારે કાન્તાએ તે ચોખા થાળમાં લઇ જોયું તો માલુમ પડયું કે આ ચોખા પથ્થરના છે, અને મારી પરીક્ષા કરવા માટે આ પુરૂષે મને આપ્યા છે. તેથી તે ચોખા લઈ ઘરમાં ગઈ, અને ચોખા પડતા મુકી મેડી ઉપર ચડી. અને ત્યાં મેડી ઉપર માટલામાં પથ્થરના તલ કાન્તાના બાપે બનાવેલા હતા તે તલ થાળમાં લઇ તેમાં એક ગોળનું ઢેફું મુકી મોતીરામને કહ્યું કે લ્યો આ ખાર ભાંજણું ખાઓ. તમારૂં અફીણ આવશે અને થોડી વારમાં ચોખા પણ થશે. જેવા મોતીરામે તલનો થાળ હાથમાં લીધો તેવુંજ તેને માલુમ પડયું કે આ તલ આરસ પાહાણના પથ્થરના છે. જેથી તે મનમાં સમજ્યો કે આ બાઈ ઘણી હોંશીયાર છે અને જો આ મારા દીકરાને વેરે આવે તો મારૂ કુળ અજવાળે. તે સાથે વિચાર કરવા માંડયો કે—

અહા ! બાળા ! શું તારી યુક્તિ ? અને શું તારૂં સ્નેહમય રસત્રિતે ભાષણ ? એવા કીયા માણસના મનમાં આ સરસ યુક્તિ અવકાશ સ્થાન કરી ન શકે ? બોલવામાં અને તારી ચાલાકીમાં તેં એટલો તો રસ રાખ્યો છે કે કીયો પુરૂષ તને જોતાં સ્થંભ બની ન જાય ? બાળા ! સૃષ્ટાએ તને બનાવતાં

કેટલો બધો પરિશ્રમ લીધો હશે ? વિશેષમાં બાળા જરા જવાબ આપશો કે—તમારૂ લગ્ન થયું છે? જવાબ—નથી થયું.

આ જવાબ સાંભળી મોતીરામ ઘણો ખુશ થયો. અને મનમાં વિચાર કરવા માંડયો કે—જો શીવરામ કારીગર આ કાન્તાને મારા મનોહર વેરે પરણાવે તો મારો મનોહર સુધરે. અને મારી પુંજીનો બંને મળી સારો ઉપયોગ કરે. એટલામાં શીવરામ કારીગર આવ્યા અને મોતીરામને ખબર પુછી જે થી શીવરામ ઘણા ખુશી થયા કે મોતીરામ ઘણા પ્રખ્યાત અને ગ્રહસ્થ માણસ મારે ઘેર કયાંથી. એમ સમજી તેમની ચાકરી બરદાસ સારી કરી.

રાત્રીના આઠ વાગી ગયા છે, મોતીરામ તથા શીવરામ જમી એકાંતમાં બેઠા છે તે વખતે શીવરામે મોતીરામને પુછ્યું કે તમો એકાએક અતરે કેમ પધાર્યા? તેનું શું કારણ તે મને કહો. કેમકે હું ઘણા વખતથી તમારૂં નામ સાંભળતો હતો, તેથી તમને મળવા આવવા ઘણી વખત મારૂં મન તમારી તરફ ખેંચાતું હતું; છતાં આજ અચાનક ઈશ્વર કૃપાએ તમે મારે ઘેર આવ્યા. જેથી હું કૃપાળુ ઈશ્વરનો ઘણો ઉપકાર માનુંછું. ત્યારે મોતીરામે કહ્યું કે મારો છોકરો નામે

મનોહર છે તેને કન્યા ગાંડી છે, માટે મારે મારૂં ઘર સાચવે તેવી ગુણવંતી કન્યાની શોધમાં નીકળ્યો છું. વિગેરે વાતો કરતાં કરતાં રાતના દશ વાગી ગયા છે. ત્યારે શીવરામે મોતીરામને કહ્યું કે તમો સુઈ રહો. તમારી કહેલી હકીકત મારા ધ્યાનમાં છે. તે બાબતમાં ફીકર કરશો નહી. મોતીરામ સુઈ રહ્યા ને શીવરામ ઘરમાં ગયા અને પોતાની સ્ત્રી જેનું નામ પાલી હતું. તેને કહ્યું કે સાંભળ્યું ? આ મોતીરામ ઘણા પ્રખ્યાત અને ગ્રહસ્થ માણસ છે તેમ આબરૂદાર પણ છે. તેઓ તેમના છોકરા માટે કન્યાની શોધમાં નીકળ્યા છે. તો આપણી કાન્તા બાર તેર વરસની થઈ છે અને આવું ઘર આપણે શોધવા જઈશું તો મળશે નહિ. વળી કહ્યું છે કે—લક્ષ્મી ચાંલ્લો કરવા આવે એટલે મોં ધોવા ન જવું. તેવું ન થાય માટે ઝટ ઉત્તર આપ. કારણ કે સવાર થશે એટલે આ મોતીરામ અતરે ઉભા રહેશે નહિ. ત્યારે પાલીએ ઉત્તર આપ્યો કે-સ્વામીનાથ ! જેવી આપની ઇચ્છા. તમારાથી મારામાં કંઇ અક્કલ વધારે નથી. જો તેમજ હોય તો ખુશીથી રૂપીઓ આપો. એમ વાતો કરતાં કરતાં શીવરામ નિદ્રાવશ થઇ ગયા સવારમાં મોતીરામ વેહેલા ઉઠયા. અને શીવરામને બોલાવ્યા કે—હું રજા લઉછું, ત્યારે શીવરામે કહ્યું કે તમે જે કામે આ-

બ્યા છો તે કામ કર્યા શીવાય કેમ જાઓછો? તમે જવા માગો છો પરંતુ જવા દઇશું નહિ, હવે હું તો તમારો વેચાઇ થાઉં.

ઉપરના શબ્દો કાને પડતાં જેમ ભુખ તૃષાથી કૃશ થયેલું શરીર જેથી અંધારાં આવતાં હોય અને અન્ન અન્ન પોકારતો હોય તેવા મનુષ્યને અન્ન મળે ત્યારે કેટલો આનંદ થાય! તેમ આ મોતીરામને થયું અને જરા પણ બોલ્યા શિવાય પોતાની પથારીએ ગયો અને વિચાર કર્યો કે—

To be a richman is not as difficult as to be a great man.

અર્થ-જેમ કે પૈસાદાર થવું સહેલ છે પરંતુ મોટાઈ મેળવવી તે સહેલ નથી માટે હે નિયંતા તારી ગહનગતિ છે. મારી ધારેલી ધારણા પાર પાડી. એવો વિચાર કરતો કરતો બેઠો છે;—

હવે સવારના છ વાગી ગયા છે, તેવામાં શીવરામ દાતણ તથા પાણીનો લોટો લઈ મેડીએ આવ્યા. ને શીવરામે મોતીરામને દાતણપાણી આગળ ધર્યું. મોતીરામે દાતણ તથા સ્નાન કર્યા બાદ ચાહ તૈયાર હતો તે પીધો તથા શીવરામનાં કુટુંબનાં માણસો આવેલાં હતાં તેમણે પણ પીધો. આ વખતે શીવરામે પોતાના કુટુંબના માણસોના દેખતાં મોતીરામને સમા

ઈનો રૂપીઆ આપ્યો. અને લગ્નનો દીવસ નક્કી કરી, લગ્ન નજીક આવવાથી બીજે દીવસે મોતીરામને જાન લેવા માટે વિદાય કર્યા. મનમાં વિચાર કરતા કરતા તેમ ખુશ થતા પોતાના ગામ તરફનો રસ્તો લીધો. માર્ગમાં ચાલતાં ચાલતાં મન સાથે કહે છે કે;—

कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः ।
शरीरयात्रापि च ते न प्रसिद्ध्येदकर्मणः ॥

ભગવતગીતા.

અર્થ—મનુષ્ય જીવે ત્યાં સુધી કર્મ કર્યા કરે કર્મહીનતામાં તારી શરીરયાત્રાનો નિર્વાહ થશે નહિ. આ સંસારમાં કોઈ પણ વૃક્ષ, જંતુ, પ્રાણી, જીવ, અને મનુષ્ય પ્રારબ્ધ કર્મરહિત નથી. માટે મનુષ્ય દૈવ ઉપર આધાર રાખી કર્મહીન થવું અતિ અધમ છે. શ્રી કૃષ્ણપરમાત્માએ પણ કર્મહીન ન થવા અરજુનને આજ્ઞા કરી હતી. વળી એક અંગ્રેજ કહે છે કે;—

A country man was one day carelessly driving his wagon along a miry lane. The wheels struck so deep in the mud that the horses came to a stand still. Upon this the man made no effort of his own to get the wagon moved but began to call upon Hercules to come and help

him in his distress. But Hercules told him to put his shoulder to the wheel as he only helped. Those that trad to help themselves. The man did so, and Hercules assisted him to push the wagon along. In this way he got out of his difficulties It is in vain to expect our prayers to be heard, if we do not strive as well as pray. Hercules helps those that help themselves.

આ પ્રમાણે જો હું દૈવ ઉપર આધાર રાખી બેશી રહ્યો હોત તો કઇ થાત નહિ. એમ વિચાર કરતાં કરતાં પોતાના ગામ નજીક આવી પહોંચ્યો. અને ઘેર જઇ પોતાના દીકરાના ફરી લગ્ન કરવાની હકીકતથી પોતાની સ્ત્રીને વાકેફ કરી. બીજે દીવસે ન્યાત રીવાજ મુજબ ખર્ચ કર્યું. અને જાન શણગારી ગામની ભાગોળે આવી મુકામ કર્યો. જ્યારે પોતાના કુટુંબનાં માણસો હાજર થયાં ત્યારે મુકામ ઉઠાડી રસીલા ગામનો રસ્તો લીધો. રસ્તો કાપતાં કાપતાં ત્રીજે દીવસે રસીલા ગામે આવી પહોંચ્યા. વેવાઈની જાગુ માટે સાથે ચોકીયાતો લાવ્યા હતા જેથી ઘણા બંદુકોના અવાજ કર્યા તેમ હજામને તેડું લેવા વેવાઇને માંડવે મોકલ્યો, તેથી શીવરામ કારીગરને જાણ થઇ. અંતે સામઇયું લેઇ સામા આવ્યા, ને જાનને ઉતા-

રૈ આપ્યો. વળી મુહુર્ત્ત અને શાસ્ત્રવિધિ પ્રમાણે લગ્ન કર્યું. પેહેરામણી સારી રીતે આપી, ન્યાત રીવાજ મુજબ ચાકરી કરીને જાનને વિદાય કરી.

પ્રકરણ ૩

કન્યા તથા વરને લઈ મોતીરામ ત્રીજે દીવસે પોતાને ગામ (ચંદ્રાવતી) આવી પહોંચ્યા. અને વર કન્યાને ધણીજ ધામધુમ સાથે ઘેર લાવ્યા. જાનૈયા સૌ સૌને ઘેર ગયા. પછી થોડા દીવસ વિત્યા બાદ મોતીરામે વિચાર કરવા માંડયો કે કાન્તા ઘણી હોંશિયાર છે. માટે ઘરથી વાકેફ કરવી તે સારૂ. તેમ કરી ઘરની બધી વાકેફગાર કરી, પેટી પટારા વિગેરેની કુચિઓ તેને સોંપી. વળી કહ્યું કે બેટા! હું તને મારા દીકરાને સુધારવા માટે લાવ્યો છું. માટે બનતી કેળવણી આપી સુધારજે કારણ કે તે સુધરેથી તારો બધો ભવ સુધરશે.

કાન્તા—સારૂ સસરાજી. તમારે તમારા દીકરાનું બાર માસ સુધી નામ પણ લેવું નહિ. તેમ મેડી ઉપરથી નીચે ઉતરવાની પણ તેમને મના કરસો. બાદ બાર મહિના પછી તમારે તમારા દીકરાની પરિક્ષા લેવી. કાન્તાના કહેવા મુજબ મોતીરામે મનોહરને કાન્તાને સોંપ્યો.

કાન્તાએ મનોહરને પ્રથમ તો ગુજરાતીમાં સારો હોંશિ

યાર કર્યાં તેમ સંસ્કૃતમાં પણ પ્રવિણ કર્યાં. પછી દુનિયાદારી ના ઘણા વિષયોપર રોજ કાન્તાએ ભાષણ આપવા માંડ્યું. તે ને લગતા કવિઓએ કરેલા ભાષણના દાખલા આપીએ છીએ.

Whoever observes the world, and the order of it, will find all the motions in it to be only vicissitude of falling and rising; nothing extinguishes, and even those things which seem to us to perish are in truth but changed. The seasons go and return; day and night follow in their courses; the Heavens roll, and nature goes on with her work. All things succeed in their turns; Storms and Calms.

Selection from Seneca P. 45.

અર્થ—જે કોઇ આ જગતને અને જગત ક્રમને અવલોકે છે તે દેખે છે કે, તેમાં જે ગતિઓ છે તે કેવળ અસ્તની અને ઉદયની આવૃત્તિ છે કશું નાશ પામતું નથી અને જે પદાર્થ આપણને નાશ પામતા જણાય છે તે પદાર્થ પણ વસ્તુત માત્ર વિકારજ પામે છે. રૂતુઓ જાય છે અને આવે છે. દીવસ રાત્રી પરસ્પર અનુસરે છે, આકાશમંડળ લોટતું દેખાય છે. અને સૃષ્ટી પોતાનાં કાર્ય કર્યા જાય છે. સર્વે પદાર્થ અનુક્રમે વર્ત્તેછે, ઉપદ્રવ અને શાન્તિ અસ્તોદયનું આકર્ષણ મહા વીસ્તાર પા-

મેલા કુટુંબને નિર્વંશ કરી મુકે છે. અને નિર્વંશ થતા એક રહી ગયેલા બાળકને મહા વિસ્તારવાળા કુટુંબનો પિતા વ પિતામઃ કરી દે છે. અસ્તોદયનું આકર્ષણ સુરને કાયર કરે છે, અને કાયરને સુર કરે છે. ઉદય અસ્તના આકર્ષણથી જ્યાં જીતના ડંકા વાગ્યા હોય છે અને જયજયના શબ્દ ઘોશ ગાજી રહ્યા હોય છે, અને સંક્ષેપમાં અસ્તોદયનું આકર્ષણ એટલું વીપરીત અવસ્થાન તર કરી કહે છે કે–ધોળાનું કાળું અને કાળાનું ધોળું અને પુર્વનું પશ્ચિમ અને પશ્ચિમનું પુર્વ એવાં અસહ્ય અને દુર્ઘટ અવસ્થાન્તર થાય છે ખરાં તથાપિ તેમાં જે સત્ય માહાજનો છે તેઓ પોતાનું સ્વરૂપ મુકતા નથી. વળી;—

उदयेसवितारक्तो रक्तश्चाऽस्तमेनतथा ।

संपत्तोचविपत्तौच महतामेकरूपता ॥

અર્થ–જેમ સુર્ય ઉદય સમે રાતો હોય છે અને અસ્ત પામતાં પણ રાતો હોય છે. તેમજ સંપ્રતિમાં પણ અને વિપત્તિમાં પણ મહાપુરૂષો એકજ રૂપે રહે છે, એમ વિષમ દેશકાળમાં અને વિષમ અવસ્થામાં જે એકજ રૂપ રહી શકે છે, તે મહાપુરૂષ છે; એવું સર્વ દેશના અનુભવીઓનું મત છે,

જે ઈશ્વરથી આ દુનિઆની ઉત્પત્તિ, સ્થિતિ, તથા પ્રલય થાય છે. જે ઇશ્વર જ્ઞાન સ્વરૂપ અને સ્વયંપ્રકાશ છે. વળી સાંભળો.

પુરૂષની વૃત્તિઓ ત્રણ પ્રકારની હોય છે. અને તેમાં ફેરફાર પણ હોય છે. તેથી જેની જેવી વૃત્તિ તેવું ફળ તેને મળે છે. (૧) સદાચાર અને સારી વૃત્તિ ધરાવનાર પુરૂષને સુખ મળે છે. (૨) રજોગુણી એટલે છળ, કપટ, વીગેરે ખોટું આચરણ કરનાર પુરૂષને દુઃખ તથા અસુખ મળે છે. (૩) તમોગુણી એટલે અહંકારથી તથા કુવરાણથી ચાલનાર પુરૂષને દુઃખ તથા મુઢપણું મળે છે. જે પુરૂષ જેવું આચરણ કરે છે તેને તેવું ફળ મળે છે. છતાં આ બધું અનાદી કાળના અજ્ઞાનને લીધે મનુષ્યોના સમજવામાં આવતું નથી. માટે હમેશાં સદાચાર પાળવો. જેથી દુનિયામાં જશ વાપે. અને આ જીવની મુક્તિ થાય. વળી હે સ્વામી ?—આ હાડ, માંસ અને લોહીથી ભરેલા ક્ષણભંગુર દેહ વિષે અભિમાન રાખતા હશો તો છોડી દેશો. કેમકે આ જગત ક્ષણભંગુર છે. માટે હમેશાં તમારો જીવ ઈશ્વરભક્તિ કરવામાં ઉમંગી રહે અને આ શરીરનું પોષણ કરવા જેટલું છળ, કપટ, કર્યા સિવાયનું મળે તેમ વર્તશો. જેને માટે હે વલ્લભ ! હું થોડા દાખલાઓ આપું

છુ ં તે ઉપર આપ ધ્યાન આપી સાર ગ્રહણ કરશો. કેમકે નિતિ તથા પવિત્ર સેવાનાં ફળ કેવાં છે તે આપને સહેજ માલુમ પડશે.

પૂર્વે હરિશ્ચંદ્ર વિશ્વામિત્રના રૂણમાંથી છુટવા માટે પોતાનું સર્વસ્ય આપી દીધું હતું. રન્તિદેવ રાજા અડતાળીસ દીવસ સુધી ભૂખ્યા અને તરસ્યા રહ્યા હતા. છેલ્લે દીવસે જે અન્નોદિક મળ્યું તે અતિથિઓને આપીને મોક્ષ પામ્યા હતા. મુદગળ બ્રાહ્મણ ઉચ્છ વૃત્તિવાળો હતો તે છ મહિના સુધી દુઃખી થઇ છેવટે અતિથિને અન્ન આપીને બ્રહ્મલોકમાં ગયો હતો. શિબિ રાજા શરણે આવેલા હોલાની રક્ષા કરવા માટે પોતાનું માંસ આપીને સ્વર્ગમાં ગયો હતો. બળિરાજાએ પોતાનું સર્વસ્ય વેશધારી બ્રાહ્મણ વામન ભગવાનને આપી તેમને પોતાનાજ કરી લીધા હતા. વીગેરેઓના દાખલા યાદ રાખવા જોગ છે.

વળી મારા રસીક! ઈન્દ્રિઓને આધિન થશો નહિ. સ્ત્રીઓાની મિત્રતા કોઇ પણ ઠેકાણે સ્થિરતાવાળી હોતી નથી અને સ્ત્રિઓનું હૃદયં મહા ક્રુર હોય છે. વળી સ્ત્રિઓ નિર્દય, ક્રૂર, ક્ષમા વિનાની અને સાહસ ઉપર પ્રિતિ રાખનારી હોય છે. તેઓ નાના સુના કામને માટે વિશ્વાસુ પતિને અથવા તો

ભાઈનો પણ નાશ કરે છે વળી પુરૂષનું અતિક્રમણ કરનાર છીનાળ સ્વતંત્ર રીતે વર્તનારી અને સ્નેહ વિનાની સ્ત્રીઓ અજ્ઞાની પુરૂષને ખોટા વિશ્વાસ બેસાડીને નવા નવા પુરૂષોની ઈચ્છા કરે છે. તેના માટે એટલીજ વિનંતી કરવાની કે, હે પ્રાણનાથ ! સ્ત્રિ એ નર્કનું દ્વાર છે. માટે ભુલે ચુકે પણ પરસ્ત્રિ સામું જોશો નહીં. એટલી મારી આપના પ્રત્યે વીનંતી છે.

વળી પુર્વે એક બ્રાહ્મણ ઇશ્વર ઉપર ઘણી પ્રિતિ રાખી રાધાકૃષ્ણ ભગવાનનું હમેશાં પુજન સારી રીતે કરતો હતો. મંદિરમાં તુળસી ફળફળાદીક તેમ પુષ્પનાં ઝડો સારાં વાવેલાં હતાં તેથી આ બ્રાહ્મણ ઇશ્વર ભકિત શીવાય બીજું કંઈ કામ કરતો નહોતો. આવી મંદિરની સુંદીર રચના તથા તેની પ્રેમ ભકિત જોઇ તે ગામનો રાજા હમેશાં કચેરીથી મહેલમાં પધારતાં તે મંદીરે દરશન કરી મહારાજને ફુલનો હાર ભગવાનનો ઉતારેલો આપે તે પહેરી રાજા મહેલે જતો હતો. એવી રીતે હમેશાં સાંજના સાત વગે તે રાજા મંદીરમાં જતો હતો. એક દીવસે કંઇ કારણને લીધે રાજા કચેરીમાં રોકાયો. અને અહીંઆં મંદીરમાં ઠાકારજીને પોઢાડવાનો વખત થયો, જેથી પેલા બ્રાહ્મણે ઠાકારજીનો કંઠથી હાર કાઢી પોતાની કોટે નાંખી ઈશ્વર ભજનમાં બેઠાઃ એવામાં રાજા મંદીરમાં આવ્યો, બ્રાહ્મણ તો

ગભરાઇ ગયો અને બ્હાવરો બની ગયો. પણ હીમત લાવી કોટમાંથી હાર કાઢી મંદીરમાં ઉતાવળે ઉતાવળે દીવો કરી પેલો હાર રાજાની કોટમાં નાંખ્યો. જેવો હાર કોટમાં નાંખ્યો. તેવામાં તે હારમાંથી ભરાઇ રહેલા બે વાળ રાજાની કોટમાં ખુંચ્યા. તેવો તુર્તજ તે હાર કોટમાંથી કાઢી હાથમાં લઇ પેલા બ્રાહ્મણને રાજાએ કહ્યું હે બ્રાહ્મણ આ ફુલની માળામાં વાળ કયાંથી આવે? બ્રાહ્મણે જવાબ આપ્યો કે મહારાજ પ્રભુને હમેશાં દાઢી મુછ આવે છે, જેથી ઉતાવળથી કાઢતાં કદાચ એક બે વાળ તણાઈ આવ્યા હશે. રાજા ઘણોજ આશ્ચર્ય પામ્યો અને મહારાજને કહ્યું કે કાલે મને પ્રભુની દાઢી મુછ બતાવજો. આવું કહી રાજા પોતાના દરબાર તરફ ચાલ્યો ગયો. હવે પોતાના મનથી મહારાજ ભુલથી કહેતાં શું કહી ગયા જેની ફીકરથી મહારાજ અન્ન પાણી ત્યાગ કરી ઈશ્વર ભજન કરવા મંડયા. બીજે દીવસે રોજના નીયમ પ્રમાણે રાજા મંદીરમાં આવ્યો. અને જુએ છે તો રાધાકૃષ્ણ ભગવાનની દાઢી ઘણા વાળથી ભરેલી જોવામાં આવી. રાજા આ જોઇ ઘણોજ ખુશ થયો. અને ફરી વીચાર કર્યો કે આ વાળ તો બનાવટી હોય એમ લાગે છે. માટે લાવ ખેંચી જોઉં. એમ સમજી રાજાએ રાધાકૃષ્ન ભગવાનની દાઢીના વાળ ખેંચ્યા તો તેમાંથી રૂધીરની ધારા છુટી.

તે જોઈ રાજા ગભરાઇ ગયો. એવામાં રાધાકૃષ્ણ ભગવાન બો-લ્યા કે હે રાજન! તારે નાસવું હોય તો નાશ. નહીતો બળીને ભસ્મ થઈ જઇશ. આ સાંભળતાં રાજા તે ગામ છોડી ચાલ્યો ગયો.

નોટ—વાર્તાનો સાર એટલોજ કે હે સ્વામી! તમો કોઇ પણ જગોએ ઇશ્વર ભકતની ખોટી ખરી ચેષ્ટા કરશો નહી તેમ હદ ઉપરાંત ઇશ્વરની પરીક્ષા કરશો નહી. હમેશાં પોતાનીનીતી બરાબર રાખી જે માણસ પ્રભુભકિત કરેછે તેને તાત્કાળીક ગુણ મળ્યા વિના રહેતો નથી. તે વિષે તો હરીશ્ચંદ્ર, નળ, વીગેરેના ઘણા દાખલા છે, તે પ્રસગોપાત યાદ લાવ્યાથી મનની શંકાનું સમાધાન થાય છે. માટે હમેશાં જગતકર્ત્તા ઇશ્વર પ્રત્યે સાચી ટેક રાખી આપણો ઉદર પોષણ માટેનો ઉદ્યોગ કરવો એ સુજ્ઞ માણસનું કામ છે.

હે સ્વામીનાથ! હું નીચેના બે શબ્દો આપને કહેવા માગુછું તે જરા ધ્યાન દઇ સાંભળશો. કારણકે એ શબ્દો મનુષ્ય જાતીને ઘણા ઉપયોગી છે. અને વિશેષે કરીને આપનો તો ફૂર લક્ષ આપવા જેવા છે. આ દુનિઆમાં એવી રીતે ચાલવું કે આપનું જીવીત આનંદમાંગત થાય આ લોકમાં ખોટો અપવાદ પામી જે મનુષ્યો દીવસ નીર્ગમન કરે છે. તેનું

જીવીત નકામું છે. માટે સત્ય બોલવું, ન્યાયિ રીતે ચાલવું; પરસ્પર હેત રાખવુ, જુઠું બોલવું નહિ, દુર્ગુણોનો ત્યાગ કરવો, આવી રીતે ચાલનાર મનુષ્યોને લોકો સદાચારી કહે છે. અને તેનો આ ભવ સુધરે છે. એટલુંજ નહિ પણ પરભવ પણ સુધરે છે. મનુષ્યો અને બીજાં પ્રાણીઓ વચ્ચે મુખ્ય કરીને તફાવત વિવેક અને બુદ્ધિનો છે.

માટે વિવેક અને બુદ્ધિ સારી રાખવી આના જેવો બીજો એક ગુણ નથી. અને એ ગુણો દુનિઆદારીમાં બહુ ઉપયોગી છે. પોતાની પેદાશ ઉપર નજર રાખી ખરચ ખુટણ વીગેરે કરવું. એમ કરવું તેનું નામ વિવેક છે. પોતાના ઘેર આવનાર મિત્ર અગર જ્ઞાતીના માણસને તેને તેના યોગ્ય હોય તે પ્રમાણે આસન આપવું અને મધુર અને નમ્ર વાણીથી બોલી તેમને ખુશ રાખવા. આવા પ્રસંગે તેમજ કોઇ પણ બીજા પ્રસંગે પણ અભિમાન કે મોટાઈના શબ્દ બોલવા નહિં. આવી રીતે ચાલવાથી (વર્તવાથી) ચાલનાર માણસ વિવેકી છે એમ સામા માણસને સમજાય. આવા માણસનું મન હમેશાં સુખચેનમાં રહે છે, અને સંસારિક કામકાજ તેનાં સેહેલથી પાર પડે છે. અને અંતે તે ઘણો સુખી થાય છે. તો કહો વિવેકી માણસ કોને પ્રિય નથી લાગતો ? મતલબ કે બધી દુનિઆને તે વહાલો

લો લાગે છે. માટે આવી રીતે વિવેક રાખવા ચુકવું નહિ. કો ઇનું પણ ભલું કરવું અને ભલું કરવા માટે હમેશાં ઇચ્છા રાખવી જોઇએ. જો કે તે ઘરનો માણસ હોય અગર પરાયો માણસ હોય તેને પ્રસંગોપાત ઉપકાર કરવા ચુકવું નહિ. જે ના પાસે આવા ગુણો હોય છે તે પરમેશ્વરને ઘણોજ પ્રિય લાગે છે. ઉપકાર કંઇ પૈસાથીજ થાય છે એમ સમજવું નહિ. જાત મહેનતથી પણ થાય છે. જુઓ આપણી પાસે પુરતો પૈસો હોય તો, ધર્મશાળાઓ, કુવા, વાવો, વીગેરે બંધાવી દુઃખી મનુષ્યોને સુખ આપવું. પણ પ્રથમ યાદ રાખવું કે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે દ્રવ્યવાન મનુષ્યોએ પ્રથમ પોતાનું કુટુંબ પછી નજીકનાં સગાં ત્યારબાદ જ્ઞાતીના લોકો જે દુઃખી હાલતમાં હોય અગર જેઓ આપણી આશા રાખતા હોય તેઓને આશરો આપવો. પછી વધારે દ્રવ્ય હોય તો સાર્વજનીક કામ કરવું કે જેથી દુનિયામાં સર્વને ઉપયોગી થઈ પડે. આ દુનિઆમાં આવા પુરૂષોને લોકો પરોપકારી કહે છે. અને તેનો આ દુનિયામાં જશ વાપે છે. અને મુઆ પછી તેની ઘણા વખત સુધી કિર્તી અમર રહે છે. માટે આવી રીતે થવા ઈચ્છા રાખવી. જેથી આપનો આ ભવ સુધરી પરલોક ઘણા જશને પ્રાપ્ત થશે. પ્રિય ! તમે કોઇ પણ જાતનો વહેમ રાખશો નહિ.

હિ. વહેમ મનુષ્ય જાતીને ઘણું નુકશાન પહોંચાડે છે. કારણકે કોઇ પણ જાતનો વહેમ શરીરમાં પેસી ગયો હોય તો તે કાઢવાને ઘણા ઉપાયો રચવા પડે છે.

ભૂવા, ધુતારા વીગેરે લોકોને બોલાવવા પડે છે, તેના માટે હું એક તાજો દાખલો આપુ છું તે ધ્યાન દઇ સાંભળશો. એક વખત-એક શેહેરમાં એક માસ્તર રાતની વખતે ખુરશીએ બેઠો બેઠો પોતાનું કામ કરે છે. રાત્રે દીવાબતીની લાઈટ પણ સારી છે એક નોકર જેનો રાત્રે સુઇ રેહેવાનો પહેરોછે. તે માણસ તે મકાનની એક બાજુએ સુઇ રહેલો. કારણ કે દીવસના કામથી થાકી ગયેલો તેમ જાતે વૃદ્ધ હોવાથી પડી રહેલો છે. આ અરસામાં પ્લેગનું જોર ઘણુંજ વધી પડેલું હતું. અને કર્મ યોગે તેજ માસ્તરના હાથ નીચેના તાર માસ્તરને પ્લેગ લાગ્યો, તે માણસને તે મકાનમાંથી બીજે ખસેડવામાં આવ્યો. છતાં તેજ મકાનની આગળ.પાછળ શ્રાવક લોકોનાં ઘર હતાં ત્યાં પાંચ સાત માણસને પ્લેગ લાગવાથી રાત્રે અરીહંત, અરીહંત, એવી રીતનો પોકાર થઇ રહેલો હતો. આ વખતે પેલા માસ્તરને ઘણીજ ડર લાગી અને પેલા સુઇ રહેલા પટાવાળાને બે ચાર હાંક મારી. પરંતુ થાકેલો અને વૃદ્ધ તે ઉઠી શકયો નહિ તેમ જવાબ પણ આપ્યો નહિ. એ-

વામાં પેલો માસ્તર બહાર અંધારામાં જુએ છે તો તેની તુર્ત જ એક બાઇડીને સામી ઉભેલી જોઇ. જોતાંજ આ માસ્તર ઘડીવાર તો સ્તબધ બની ગયો. પરંતુ થોડી વારે સાવધ થઈ જુએ છે તો તે બાઈડી તેજ જગોએ ઉભેલી જોઇ તે બાઈના દાંતે રેખો જડેલી હતી અને મકાનના બત્તીના અજવાળાથી તે વખતનો બનાવ ઘણોજ ગંભીર થવાથી આ માસ્તરે મનમાં વિચાર કર્યો કે આ કોઇ યક્ષણી, અગર જોગણી છે, અને તે મને ખાઇ જશે, તેથી પ્રથમ તો ઘણોજ ડર્યો. પરંતુ મન સ્થિર રાખીને તે માસ્તરે વિચાર કર્યો કે તેણે મને જોયો છે તેથી તે મને ખાઇ જશે પણ તેના ખાતા પહેલાં લાવ તેને ઓલું. આમ મન સાથે વિચારે કરીને તે એકદમ ઉઠયો અને તે બાઇને એક દમ એક પાટુ મારી તેથી તે બાઈ એકદમ ભોંય પડી અને બુમેબુમ પાડવા માંડી જેથી નજીકનાં લોકો ભેગાં થઇ ગયાં અને પેલા માસ્તરને પુછવા લાગ્યાં કે ભાઇ આ બેહેરીને શા માટે મારી. ત્યારે માસ્તરે બીકની હકીકત કહી. જેથી લોકોએ તેને ભુલથી તથા વહેમથી મારી છે તેમાં કાંઇ માસ્તરનો દોષ નથી. એમ સમજી તે બાઇને તેના ઘેર તેડી ગયા. અને માસ્તરનો વહેમ પુરો પડયો. જો તે માસ્તરે તે બાઇને લાત મારી બોલાવી નહોત તો ખરેખાત વહેમાઇ જુઃ-

ખી થાત. માટે તેમ થવાથી તેનો વહેમ જતો રહ્યો. અને તે માસ્તરને કંઈ પણ નુકશાન થયું નહિ. માટે હમેશાં વહેમ એ ખોટું અને નુકશાનકારક છે. જો વહેમ પડે તો તે નક્કી કરવું. જેથી એક વખત આવો દાખલો મળી આવવાથી ફરીથી તમારી જીંદગી સુધી તમોને વહેમનો ભ્રમ જતો રહેશે.

વળી મારે એટલું કહેવાનું કે આપ હમેશાં પ્રમાણીકપણે ચાલનારા ખંતીલા થશો. નિતિનો ભંગ કોઇ દીવસ કરશો નહિ. નિતિ અને વિવેકથી ચાલવાથી આપ પ્રમાણીક કહેવાશો. કોઇને દગો કરવો નહિ. દગો કરવાથી આપણા પ્રમાણીકપણાને એબ લાગે છે. માટે જેમ બને તેમ પ્રમાણીક થવું. કોઈપણ જાતનો ક્રોધ અગર ગુસ્સો મનમાં લાવવો નહિ. ક્રોધ છ પ્રકારના હોય છે. કામ, ક્રોધ, મોહ, મદ, મત્સર, અને લોભ, તો તમો આ ગુણોનો ત્યાગ કરશો. વગર વિચારે ક્રોધ કરવાથી સાહસ કામ થઇ જાય છે. અને તેથી કોઇને અગર આપણને નુકશાન થાય છે. જે આપણા જીવિત સુધી સાંભરે છે. અને તેથી ઘણી જાતના સંતાપો વળગે છે. માટે ભુલેચુકે કોઈના પર ક્રોધ રાખવો નહિ. આથી એમ ન સમજવું કે કોઇ આપણને મારી જાય એટલે માર ખાઇ બેશી રહેવું. ના ના ઇશ્વરે આપણા ઉપર દેખતો ઇશ્વર મુકેલો છે (ન્યાયાધિશ) તો

ત્યાં દાદ લેવી પણ યાદ રાખવું કે તે કરેલા કૃત્યથી વધારે વૃથા ભાષણ કરવું નહિ તેમ ખોટું અભિમાન લાવી અહંકાર અને ગર્વની ટેકરીએ ચડવું નહિ. અભિમાનથી પુરૂષ જો કે પોતે મોટા કહેવરાવવા તથા પોતાની ખોટી કીર્તિ મેળવવા સહેજ બાબતમાં ઘણા પૈસા ભાગી કોરટ ચડી સામા માણસને થોડી શિક્ષાને બદલે ઘણી શિક્ષા કરાવવા અભિમાન રાખે છે. અને આવી યુક્તિ રચવા વગસગ લાવવાની તજવિજ પણ કરે છે. તો આમ કરવું ઘણુંજ ખોટું અને મોટું પાપ છે. માટે આવો પ્રપંચ કોઈ કાળે પણ નહિ રચશો. જોશો તો સહેજ માલુમ પડશે કે દુર્યોધન અને રાવણે અભિમાન કર્યા હતા જેથી આખરે તેઓએ તેમના રાજપાટ છોડી આ દુનિયામાંથી અકાળ મૃત્યુ પામી ચાલ્યા ગયા. તેના દાખલા પુરાણોમાં છે. અભિમાનથી કીર્તિ લક્ષ્મી, અને પોતાના કરેલા શુભ કર્મો નાશ પામે છે, આવું છતાં ઘણા દુર્ભાગી પુરૂષો પોતાનો અહંકાર છોડતા નથી માટે હે સ્વામી ઉપરના શબ્દો યાદ રાખી કોઇ પણ જાતનું મિથ્યા અભિમાન કે તેનો ડોળ કદિ પણ રાખશો નહિ. હમેશાં ક્ષમા દ્રઢતા માયાળુપણું અને પ્રમાણીકપણું રાખી ચાલવું જેથી આ દુનિયામાં આપણો જશ વધશે. આવી રીતે કાન્તાએ ઘણાં પ્રસિદ્ધ ભાષણો આપ્યાં. જેથી મનોહરનું

ખશી ગયેલું મગજ ઠેકાણે આવ્યું. અને વિદ્વાન પુરૂષોની મંડળીમાં બેસે તેવો થયો. એટલામાં વરસ દહાડો પુરો થયો અને કૌંસીલપુરના રાજા તખ્તસિંહ તરફથી રામસિંહ નામનો સિપાઈ મોતીરામ કારીગર ઉપર કાગળ લેઈને આવ્યો તેમાં એમ લખેલ હતું કે અમારે સૌથી ઉત્તમ મહેલ બાંધવાનો છે માટે તમારે તમારાં રાસરસિલાં લઇ આવેલા માણસ સાથે આ તરફ આવવું. તમને સારો પગાર આપવામાં આવશે. પછી મોતીરામે પોતાના પુત્રને આ પત્રની બધી હકીકતથી વાકેફ કર્યો.

મનોહર રાત્રે સુતો સુતો વિચાર કરે છે કે સ્ત્રી મુકી પરદેશ જવું પડશે. આવા વિચારોથી તેને નિદ્રા આવી નહિ. અને તેથી તેનું અંતઃકરણ ચીરાવા લાગ્યું, મારૂં સર્વસ્વ જેણે હરી લીધું છે, તેને વર્તમાનથી શું નહિ થાય? છતાં મારૂં ગમે તેમ થાઓ પરંતુ હું તેમની સાથે જઇશ. વીગેરે તર્ક, વિતર્કથી ક્ષીણ થતું મસ્તિક હજારો તુરંગમાં ઉછાળા ખાતું હતું. અને એથી પૂર્વે શું દારૂણ પરિણામ આવશે એ વિગેરેની અવગણા કરી. કેવળ પિતાની ઇચ્છાને શરણ થવું એ ઉત્તમ છે. (એમ વિચારો કરતો આંખમાં આંસુ સાથે પલંગમાં આમ તેમ તરફડીયાં મારે છે તેજ વખતે પોતાની સ્ત્રી પોતાના સમક્ષ આવી ઉભી રહી.)

આમ અચાનક નજરે પડતાંજ જાગૃત થયો હોય તેમ તતક્ષણ ઉંચી દ્રષ્ટિ કરી તો સન્મુખ પ્રિયાને જોઇ. પરાધિન થયો, અપરાધી છું, ક્ષમા કરશો. એવા અનુભવો કરતો કલ્પનામય, દિનસ્થિતિ અનુભવતો અપરાધ યુક્ત દ્રષ્ટિ પલવાર પૃથ્વીમાં પેસતી, પલવાર પ્રિયા મુખચંદ્ર ચિત્તે જોતો, ઉંચી નીચી નજરો કરતો બોલવાનો મારગ જડયો નહિ. પરંતુ પ્રિયા ! હું આવતે કાલે મારા પિતા જોડે પ્રદેશ જઈશ.

કાન્તા—અહો ! મારા રસિક ખુશીથી આપના પીતા જોડે પ્રદેશ જાવ આમ વદતાં હ્રદય ભરાઈ આવ્યું, છતાં ન દર્શાવતાં આપે ઉચિત ધાર્યું છે. પિતાની ઇચ્છા મુજબ પ્રદેશ જાઓ, અને સારી પ્રતિષ્ટા મેળવો, મારો શોચ કરશો નહિ. મને કંઇ થવાનું નથી; આપનું શરીર જાળવજો, અને વખતોવખત પ્રેમયુકત પત્ર પાઠવજો.

બીજે દીવસે સવારમાં પોતાનાં ઓજારો લઇ મોતીરામ તથા મનોહર બંને આવેલા સીપાઇ રામસિંહ જોડે કોસલપુરનો રસ્તો લીધો. માર્ગમાં ચાલતાં ચાલતાં મોતીરામે પોતાના દીકરા મનોહરને કહ્યું કે—બેટા ઝટ રસ્તો કાપો એટલે ધારેલો મુકામ આવે. ત્યારે મનોહરે કહ્યું પિતા સાંભળો. હું શાસ્ત્રોનો થોડો સાર બતાવું જેથી વાતમાં રસ્તો ઝટ કપાશે. એમ કહી

વાત શરૂ કરી. મનોહર વાત કરે છે અને મોતીરામ હુંકારો દે છે, અને રસ્તો કપાતો જાય છે.

પ્રકરણ ૪

પુર્વે એક મદનપુરી કરી ગામ હતું, તેમાં એક બ્રાહ્મણ નામે હરીપ્રસાદ કરી રહેતો હતો આ બ્રાહ્મણ વિદ્વાન તેમ તેણે ઘણાં શાસ્ત્રોનું અવલોકન કરેલું હતું. છતાં દરિદ્રતાએ તેને ઘેર્યો હતો. તેનો નિર્વાહ ભિક્ષાવૃત્તિ ઉપર ચલાવતો હતો પરંતુ તેને બરોબર ભિક્ષા મલતી નહોતી, તેમ તે કુંવારો હતો. જેથી એક દિવસે તેણે વિચાર કર્યો કે—આ ગામમાં મારૂં પુરૂં થતું નથી, માટે આથી બ્હેતર છે કે પ્રદેશ જવું તે સારૂં. એમ મનમાં સંકલ્પ કરી બીજે દીવસે પ્રદેશ જવા નીકળ્યો; ચાલતાં ચાલતાં માર્ગમાં એક મોટું ભયંકર વન આવ્યું. થાકી ગયેલો અને ઉનાળાનો દીવસ તેથી તૃષા પણ ઘણી લાગેલી જેથી પાણી માટે તે આમ તેમ ફાંફાં મારવા મંડયો, તેથી થોડે છેટે એક ઝુંપડી માલુમ પડી. પછી તે બ્રાહ્મણ હરીપ્રસાદ તે ઝુંપડી તરફ ચાલ્યો. અને ઝુંપડીમાં જુએ તો એક મહાત્મા પુરૂષ તપ કરતા માલુમ પડયા. જેથી તે બ્રાહ્મણ મહાત્મા પાસે જઈ મહાત્માને પગે નમીને વિનંતી કરવા માંડી ને કહ્યું, મહારાજ ! મને તૃષા લાગી છે, માટે પાણી જોઈએ

છીએ. ત્યારે માહાત્મા પ્રભુએ જવાબ આપ્યો કે—બેટા ! આ ઝુંપડી કેડે જા એટલે તને પાણી મળસે. તેથી તે બ્રાહ્મણ ઝુંપડી પછવાડે જુએ તો તેની નજરે એક નાનો કુંડ માલમ પડયો, તેમાંથી તે બ્રાહ્મણે પાણી પીધું, અને પાછો મહાત્મા પાસે આવ્યો. હવે સંધ્યાકાળ થવાનો વખત થયો, તેથી અહીંઆંજ રાત્રી ગાળવી તેવો વિચાર કર્યો. માહાત્માએ તેને રાત્રે ફળ ફળાદીક આપ્યાં. તે તેણે ખાધાં, બાદ રાત્રે મહાત્માની પગચંપી કરવા મંડયો. થોડીવાર પછી હરીપ્રસાદે માહાત્માને પુછ્યું કે—માહારાજ ! સાધુ લોકો સુવર્ણ અને સ્ત્રીનો ત્યાગ કરવાનું કેમ કહેતા હશે ! તે કૃપા કરી મને કહો. કેમકે તે સાંભળવાની મારી ઈચ્છા થઇ છે. ત્યારે મહાત્માએ ઉત્તર આપ્યો કે સાધુ પુરૂષ સ્ત્રીઓ ને સુવર્ણનો ત્યાગ કરવાનું કહે છે તે ઉપદેશ મનુષ્યના અધિકારને અનુસરીને કહે છે, ત્યારે હરીપ્રસાદે પુછ્યું કે -મહારાજ ! ત્યારે મારો અધિકાર કેવ ઉપદેશને યોગ્ય છે. ત્યારે મહારાજે કહ્યું કે હે સોમ્ય ! તું તારા અંતઃકરણને પુછ. તને ધર્મયુક્ત સંસાર કરવાની ઇચ્છા છે અગર સકળ બંધનોથી મુકત થવાની ઇચ્છા છે? હરિપ્રસાદે કહ્યું કે મારૂં મન આ બંને બાબતોમાંથી એક બાબત વિષે નિર્ણય કરી શકતું નથી. ત્યારે માહાત્માએ કહ્યું

કે હે બ્રાહ્મણ હું તને ધર્મયુક્ત સંસાર સેવન માટે ભલામણ કરૂછું. તો તું એક ગુણવાન સ્ત્રી ખોળી કાઢી તેની સાથે ગ્રહસ્થાશ્રમ બાંધીને ઉદ્યોગ કર. આ પ્રમાણે મહાત્માનાં વચન સાંભળી તે બ્રાહ્મણ થોડાં ફળફળાદિ લઈ કન્યાની શોધમાં નીકળી પડયો. ચાલતાં ચાલતાં ગ્રહસ્થાશ્રમીના સુખના અનેક પ્રકારના વિચારો કરે છે. થાક પણ લાગેલો છે. અને ઉનાળાનો દીવસ તેથી તૃષા પણ લાગી છે. એવામાં એક કુવો નજરે પડયો, તે કુવા ઉપર એક વડનું ઝાડ હતું જેની સુંદર છાયા કુવા ઉપર પથરાઈ રહી હતી. જેથી તે બ્રાહ્મણે તે કુવા ઉપર બિશ્રામ લેવાનો વિચાર કરી આરા ઉપર બેશી જળ કાઢયું. અને જે તેની પાસે ફળફળાદી હતાં તે ખાધાં પછી વડની શીતળ છાયાને લીધે તે માણસને નિદ્રાદેવીએ વશ કરી લીધો તેથી તે બ્રાહ્મણ કુવાના આરા ઉપર સુનો. કુવાનો કીનારો ફકત એકજ ગજ પહોળો હતો, જો તે માણસ ખસે તો નીચે જમીન ઉપર પડે અગર કુવામાં પડે એવી રીતનો હતો. હવે આ બ્રાહ્મણ સુઈ રહ્યો છે ને ભરઉંઘમાં આવી ગયો છે. ત્યારે તેને સ્વપ્ન થયું, અને સ્વપ્નમાં દેખાવા માંડયું કે એક ગુણવંતી સ્ત્રી જોડે તેનો વિવાહ થયો, અને તે સ્ત્રીથી ગ્રહસ્થાશ્રમ ચલાવવા માંડયો. તેનો ગ્રહસ્થાશ્રમ એટલો ફેલાયો કે

થોડી વખતમાં તે કન્યાથી એક પુત્ર પેદા થયો હવે પુત્રને વચમાં લઈ એટલે કુવાની તરફ પુરૂષ અને વચ્ચે પુત્ર અને જમીન બાજુ તરફ સ્ત્રી એમ ત્રણે જણાં કુવાની પાળ ઉપર સુઇ રહ્યાં છે. એ પ્રમાણે કન્યાની શોધમાં નીકળેલા બ્રાહ્મણને સ્વપ્ન આવ્યું છે અને તે ભરઉંઘમાં છે.'એટલામાં તેની સ્ત્રીએ કહ્યુ કે સ્વામીનાથ ! આ બાળક દબાઇ જાય છે માટે આપ જરા પાછા ખસો; આવું પોતાની ધર્મપત્નિનું મધુર વચન સાંભળી આ સ્વપ્નવાળો પુત્રનો બાપ જે બ્રાહ્મણ તે જરા ખ-સ્યો અને ખસ્યો તેવોજ તે કુવામાં પડયો. તેનું સ્વપ્ન પણ જતુ રહ્યું. અને જુએ તો સ્ત્રી પુત્ર કાંઈ ભાળ્યું નહિ. તેમ સારા યોગે કુવામાં પાણી થોડું હતું તેથી તે ડુબ્યો નહિ તેમ બીજી કંઈ ઇજા થઈ નહી અને મહા વીટંબનામાં આવી પડયો તેથી કુવામાં રહી ઈશ્વર ભકિત કરવા શરૂ કરી. અને એક તરફ રૂએ તથા બહાર નીકળવા માટે જોઇતી કોશીશ ક-રવા માંડી. કર્મયોગે કોઇ ખેડુત પાણી પીવા સારૂ તે કુવા ઉપર ઘડો દોરડું લઇ આવેલો તેણે તે બ્રાહ્મણને કુવામાં દોરડું નાંખી બહાર કાઢયો. જેવો તે બહાર આવ્યો તેવોજ તુર્તજ સીધો મહાત્માના આશ્રમ તરફનો રસ્તો લીધો. અને થોડી વખતમાં માહાત્માના ચર્ણાર્વિંદમાં મસ્તક મુકી વારંવાર નમસ્કાર કરવા

માંડયો. અને વિનંતી કરી કે મહારાજ ! હવે મને સંસારના સ્વરૂપનો અનુભવ થઈ ગયો. આ મીથ્યા સ્વપ્ના જેવા સંસારે મને કુવાગાં નાંખી દીધો, તો પૂરેપૂરા સંસારમાં જવાથી મારી શી દશા થાત તેનો મને ખાસ ચમત્કાર થયો છે. માટે મારે **હવે સંસાર જોઇતો નથી** માહાત્માએ ગભરાયેલા બ્રાહ્મણને તેના સ્વપ્નનો તમામ હાલ પૂછયો ત્યારે તે બ્રાહ્મણે સ્વપ્નની બધી હકીકતથી મહાત્મા પ્રભુને વાકેફ કીધા. ત્યારે મહાત્માએ તે બ્રાહ્મણને તેના સ્વપ્નનો સાર બતાવ્યો કે યાદી યોગથી ત્યાગ રૂપ વૈરાગ્ય છે. તે સર્વ પ્રકારસેં નિર્મળસ્થાન જેવું છે. અને અને ગ્રહસ્થાશ્રમ સંસારરૂપી કુવા જેવા મનની સમાન છે. આ ગ્રહસ્થાશ્રમ કુવા જેવું છે; આવાં મહાત્માનાં વચન સાંભળી તે બ્રાહ્મણે નિશ્ચય કર્યો કે સંસારમાં એવો ભય છે માટે ગ્રહસ્થાશ્રમ સેવન કરવા મારી જરા પણ અપેક્ષા નથી. આશ્રમ અથવા સન્યાસ સ્વિકારવો તે સૌથી ઉત્તમ છે. એવું સમજી તે બ્રાહ્મણ મહાત્માને કહેવા મંડયો કે—હે ભગવાન હવે તો મારૂં મન સન્યાસ નિર્ભયતાના ઉપર અધિક પ્રેમ છે અને સંસાર સર્વથા ભયમાં છે એવો નિશ્ચય થયો છે. માટે કૃપા કરી મને સન્યાસની દીક્ષા આપો. પરંતુ સર્વજ્ઞ અને શરણાગત હિતકારી માહાત્માએ કહ્યું કે હે પુત્ર ! તારો પ્રેમ સ-

ન્યાસ ઉપર થયો એ ઠીક છે, પરંતુ સન્યાંસ પાળવાની યો ગ્યતા તારામાં થઇ નથી, માટે હે બેટા હું તને શાસ્ત્રયુકત જે કથા સંભળાવું તે સાંભળ. પછી હું તને દીક્ષા આપીશ. માટે શ્રવણ કર. એમ કહી માહાત્મા પુરૂષે નીચે પ્રમાણે જ્ઞાનોપદેશ કરવા માંડયો.

પ્રકરણ ૫

દુહો.

પાર ન પામે શેષ સમ, શહસ્ત્ર ઉભય જેને રસન;
પ્રેમ હુસે પ્રસન્ન રહો, રસીક રાધીકા ક્રષ્ણ.

પ્રે. સા.

મારૂં શરીર, મારા હાથ, મારા પગ, મારી આંખો, મારી જીભ ઈ૦ મારાં કહેવાય છે, પણ તે મારાં નથી. વળી બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, અને ક્ષુદ્ર એ ચાર વર્ણો મારાં નથી તેમ બ્રહ્મચર્ય ગ્રહસ્થ વાનપ્રસ્થ ને સંન્યસ્ત એ પણ મારા આત્માનાં આશ્રમ નથી. હું તે આશ્રમને જોઉછું. માટે તે મારાથી જુદાં છે તેથી તે હું નથી, કે તે મારાં નથી. વળી મારૂં અને તારૂં એમ જે અહંકારથી બોલાય છે તે પણ હું નથી, હું કોણ તે કહી શકાય તેમ નથી, વળી સાંભળ. વાચા તેજ તત્વથી થયેલી છે, આત્મા તો એ તેજ તત્વ તો શું પણ

પાંચ તત્વથી ભીન્ન છે, અને તે અમર છે, તેમ નીત્ય છે. વાણી તો અનીત્ય છે તો તે વાણી અજર અમરરૂપ આત્માનું શીરીતે વર્ણન કરે ? વળી પ્રારબ્ધ, સંચીત, અને ક્રિયામાણ, એ ત્રણ પ્રકારનાં કર્મ કહેવાય છે. તે પણ હું નથી અને તે મારાં નથી, અને પૃથ્વી આદી ગ્રહો, ઉપગ્રહો, અને દેખાતું આ યાવત જગત માત્ર મારૂં નથી અને હું તેનો નથી કારણ એ સર્વ અનિત્ય અને તક્ષણ છે. વળી આ જે દેહ પ્રત્યક્ષ માંસ હાડકાં, રૂધીર વીગેરે ગંદી ચીજોથી ભરેલો છે, ને નીત્ય તે માંથી ગુદાદ્વારે મળ નીકળે છે પરસેવાથી શરીર ગંધાય છે, સ્નાનાદિક ક્રિયા નહી કરીએ તો શરીર બહુજ ખરાબ થઇ જાય છે, અને સુસ્તી આવે છે, તો આવા ગંદા અને ગંધાતા દેહમાં કોણ પુરૂષ અહંબુદ્ધી દાખલ કરે ? આવું સમજનાર પુરૂષ મમતા છોડી વૈરાગ્ય પકડે છે, પણ અજ્ઞાનીઓ તો મમતા કરી મરી જાય છે વળી આવો ગંધાતો દેહ ક્ષણભંગુર છે. આ દેહનું આપણે રત્ન કરતાં અધીકે જત્ન કરીશું તોપણ પ્રયત્ન સફળ થતાં પ્રારબ્ધ પ્રમાણે સુખ દુઃખ ભોગવી નાશ પામે છે વળી જેની કાન્તી સુર્ય જેવી જેનુ બાહુ ભીમ જેવું અને જેની કીર્તીસ્થંભ કરણરાજા જેવી તે પણ શમશાનમાં શયન કરી ગયા છે. મનુષ્ય માત્રનો નાશ છે એમ હમે

શાં મન વિશે યાદ રાખવું માટે જેમ ચેતાય તેમ ચેતો. પુનઃ આવો ઉંચ અને સાધન સંપન દેહ નહિ મળે. એમ એમ નક્કી વિચારી આત્મસુખ લેવા પ્રયત્ન કરો ત્રીલોક નાશવાન ગણી તેના ભોગોમાંથી પ્રીતિ ઉઠાવી લો. કારણ તે પણ અનિત્ય છે. અનિત્ય જાણ્યા બાદ ભરોંસો કરશો નહિ. માટે આ ભયથી બચવા સારૂ અભયરૂપ વૈરાગ્યનું સેવન કરો. બોલવા કે સાંભળવાથી વૈરાગ્ય થતો નથી. પરંતુ પ્રથમ જણાવ્યા બાદ પહેલો નિત્યાનિત્ય વસ્તુઓનો વિવેક અને સાંભળેલા વાકયેનો વિચાર કરવાથીજ વૈરાગ્ય થાય છે. વૈરાગ્યની મહત્તા નામરૂપ પદાર્થ માત્ર હૃદયથી અનિત્ય જાણવામાંજ છે. દંડ કમંડલ ધારણ કરી કરેલા સાધુનો વેશ ધારણ કરવ માં વૈરાગ્ય રહેલો નથી. પણ વિવેક અને વૈરાગ્ય થાય તો આગળ વધાય. વૈરાગ્ય મનથીજ થવો જોઇએ. પણ યાદ રાખવું કે આળસુમાં વૈરાગ્ય રહેલો નથી. આમ વિવેક અને વૈરાગ્યથી આગળ વધી મન એક ચીત રાખી કથા શ્રવણ કરવાથી તેમ નીયમસર પાઠ પુજા કરવાથી વૈરાગ્ય થાય છે અને તે વૈરાગ્યની સીધીને પામે છે. છતાં જે મોક્ષરૂપ ફળ ચખાડનારને બ્રહ્મજ્ઞાન તેમાં લઈ જનાર ૭ સતીઓ છે. તે ૭ સતીઓ સત્યવાનને સત્ય રસ્તે લઇ જાય છે. તેનાં નામ—શમ, દમ, ઉ-

પરતિ, તિતિક્ષા, શ્રાધા, સમાધાન, એ નામની છ સત્યસંપતી સતિઓનો વિચાર કરવો ઇષ્ટ છે. પરંતુ વહેવારની દુષ્ટ વાસના કરતાં વહેવારની નિતિયુક્ત વાસના ઉત્તમ છે અને ધર્મ વાસના તેથી ઉત્તમ કહેવાય, વળી તેનાથી કર્મ અને ભકિત ઉપાસના જ્ઞાનાદિકની વાસના ઉત્તમ છે. મુમુક્ષોએ ક્રમે ક્રમે થાય એવું જ્ઞાન ચાખવા ઉમેદ રાખવી. અધિકાર પ્રમાણે આગળ વધી વાસના મંત્રનો આશા માત્રનો છેવટ નીકાલ કરી નાંખવો એ ઉત્તમ છે ત્યારે વાસનાનો ત્યાગ કરવો તે સમ. અને દસે ઇંદ્રિયોનો ગુલામ ન બનતાં તેને આત્માને સ્વાધિન ન કરવી તે દમ કહેવાયમાં છે, દમમાં જ્ઞાન ઈંદ્રિયોનું અને કર્મ ઇંદ્રિયોનું દમન કરવું એજ મુદ્દો છે. ઉપરતિ અને સર્વે દુઃખોનું સહન કરવું તે તિતિક્ષા કહેવાય છે. વિષયો વિષ્ટાવત અનિત્ય અને દુઃખરૂપ જાણી, તેને ગ્રહણ કરવાની વૃત્તિ ન કરવી. તે આત્મજ્ઞાનનું શ્રેષ્ટ સાધન છે. ટાઢ તડકાથી સર્વે દુઃખો એટલે આધિ, વ્યાધિ અને ઉપાધિ માત્રના દુઃખ પણ અનિત્યે શરીર ધર્મને પ્રારબ્ધ જાણીને સહન કરવાં તે તિતિક્ષા નામની સંપત્તિ છે. વિશ્વાસ તેને શ્રધા તથા શ્રુતિ વાકયના લક્ષાર્થરૂપ બ્રહ્મ તેને વિષે ચિત્તની એકાગ્રતા તેને સમાધાન જાણવું આટલાં સાધન થયા બાદ નિર્વિકલ્પપણું

પામીને સમજુ માણસ જીવન મુક્તીના સુખને પ્રાપ્ત કરેછે. વળી સાંભળ;—

જ્ઞાનીઓનાં લક્ષણ.

અક્રોધ, વૈરાગ્ય, જીતેંદ્રિયપણું, ક્ષમા, દયા, શાંતિ અને સર્વે જણ પર પ્રીતિ નીર્લોભપણું, દાતાંપણું તથા ભય અને શોક દુર કરવાપણું એ જ્ઞાનેંદ્રિયોનાં દસ લક્ષણ છે. ધૈર્યતા જેનો પિતા છે, અને ક્ષમા જેની માતા છે. શાન્તિ તો તેની સ્ત્રી છે, અને સત્ય જેનાં પુત્ર પુત્રીરૂપ છે, દયા જેની બેન છે મન સમય કે એકાગ્રતા તો ભાઈ છે. પૃથ્વી જેની પથારી છે અને દિશાઓ જેનાં ઓઢવાનાં વસ્ત્ર છે તેમ જ્ઞાનામૃત જેનું ભોજન છે એવા કુટુંબવાળા પુરૂષને હે શખા ! ત્રીલોકમાં પણ ભય કોનો ?

ભક્તિ.

શ્રવણ, કીર્તન, સ્મરણ પાદસેવન, અર્ચન, વંદન, દાસપણું, સખાપણું, આત્મનીવેદન આ નવ પ્રકારની નવધા ભક્તિની રીત છે. તેથી ક્રમ વાર અને અધિકાર પ્રમાણે એ ભકિત માર્ગમાં આગળ વધવાનું છે. ભક્તિની કથાનું શ્રવણ કરવું. તેમ ઈશ્વરનું ભજન કરવું. વારંવાર યાદ લાવવા. તેમની પાદુકાંની સેવા કરવી તથા પુજન કરવું. શરિર, મન અને

ણાણી ઇશ્વરાર્પણ કરી આત્મનિવેદન નામની ભક્તિ કરવી.

બ્રહ્મ, ક્ષત્રી, વૈસ્ય, અને શુદ્રના કર્મો.

બ્રાહ્મણનાં લક્ષણ—શમ, મન, નીગ્રહ, દમ, ઇંદ્રિય નીગ્રહ, તપ, પવિત્રતા, શાન્તિ સરલપણું, જ્ઞાન, વિજ્ઞાન, આસ્તિકપણું, એ બ્રાહ્મણોનાં સ્વભાવિક કર્મ છે. શુરાતન, તેજ, ધીરજ, ચતુરાઇ યુધમાંથી નાશી ન જતાં દ્રઢ રહેવું, દાન, તથા ઇશ્વરભાવ એ કર્મ ક્ષત્રીનાં છે. ખેડુ, ગાય આદીનુ રક્ષણ અને વેપાર એ વૈશ્યનુ કર્મ છે. ત્રણે વર્ણોની સેવા કરવી. (નોકરી) એ શુદ્રનું કર્મ છે. વળી સાંભળ કલયુગમાં પુરૂષ તથા સ્ત્રીના કર્મ કેવાં છે તેનો દ્રષ્ટાંતો આપુછું.

પ્રકરણ. ૬
સ્ત્રી પ્રકૃતિનો સારાંશ.

પુર્વે એક અભયનગર કરીને એક ગામ હતું. આ ગામ ઘણું સુંદર અને શુશોભીત હતું. એટલુજ નહિ પણ તે ગામના લોકો પણ ઘણા ઉમંગી તેમજ વિવેકી હતા. તે ગામમાં રામસિંહ કરીને એક રજપુત સરદાર રહેતો હતો. આ માણસ નિતિવાંન અને વિવેકી હતો. તેની સ્ત્રીનું નામ સરદારબા હતું. રામસિંહને ઘણી જમીન તથા ત્રણ ગામ હતાં. જેથી એક નાના રાજ જેવું સુખ ભોગવતો હતો. તેમ

તેને અને તેની સ્ત્રીને ઘણીજ પ્રિતિ હતી. તેથી રામસિંહ સ્ત્રીને વશ થઈ ગયો હતો. તેમ સ્ત્રી પણ રામસિંહ ઉપર ઘણીજ પ્રિતિ રાખતી હતી. બંનેનો સરખો પ્રેમ એક બીજા પર હતો. તેથી તે બંને એક બીજાને ઘણાં ચાહતાં હતાં. થોડો વખત વિત્યા બાદ સરદારબાને ભયંકર રોગે ઘેરી લીધાં. અને તેથી તે મરણ તુલ્ય થયાં. ત્યારે સરદારબાએ રામસિંહને કહ્યું કે હે સ્વામીનાથ ? દુઃખે મને ઘેરી લીધી છે. તેથી આ વખતે હું ઉગરૂ તેમ નથી. પરંતુ મારા મુવા કેડે આપને તો બીજી સ્ત્રી મળશે. જેથી તમો મારૂં નામ ભુલી જશો. ત્યારે ઘણોજ પ્રેમ વશ થઇ ગયેલો રામસિંહ કહેવા લાગ્યો કે હે સ્ત્રી ? તું ફીકર કરીશ નહિ. તું મરી જઇશ તો હું અને તું સાથે બળીશું. આવુ વચન રામસિંહે સરદારબાને આપ્યું. બાદ થોડા વખત પછી સ્ત્રી ગુજરી ગઈ. જેથી રામસિંહે વિચાર કર્યો કે ઓચિંતા બળી મરવું તે સારૂ નહિ. પણ પુર્વે થઇ રૂતુધ્વજ પોતાની પ્રિયા નામે મદાલશાના દેહ ત્યાગથી શોકાતુર થઇ તેના દેહની ભસ્મની પોટલી બાંધી દેશો દેશ, તીર્થે તિર્થે, નદિએ નદિ અને પર્વતે પર્વત, અને વને વન પ્રિયા મદાલશા પ્રિયા મદાલશા એમ સ્મરણ કરતો અન્ન, જળ તજી દઈ ભમ્યો હતો. તેના માત પિ-

તાએ મદાલશા જેવી ગુણાવન હજારો સ્ત્રીઓ પરણવા માટે બતાવ્યું હતું. પણ તેણે માન્યુ નહોતું. તેને હજારો દુ:ખો પડેલાં પણ તેણે ગણગાર્યા નહોતાં. પરંતુ જ્યારે દૈવ-યોગથી એજ મદાલશા સજીવન થઈ ત્યારે તેણે અન્ન પાણી લીધું હતું. અહો ! કેટલો પ્રેમ ? વળી તેમજ જગત્ પિતા શિવજીએ જ્યારે સતિ પાર્વતિજીએ પ્રાણ ત્યાગ કર્યા હતો ત્યારે તેનાં રાખની પોટલી બાંધી તિર્થે તિર્થ ફરી છેવટ હિમાલયમાં જઇ એકજ સ્થળે ઘણુંજ કઠોણ તપ કર્યું હતું. ત્યારે પાર્વ-તિજી ફરી જન્મધારણ કરી વર્યાં ત્યારેજ તેમણે પોતાનું વૃત મુક્યું હતું. કેવો નીર્મલ પ્રેમ ? ખરેખર આનું નામજ પ-ત્નિપર પ્રેમ અને આનું નામજ એક પત્નિવૃત. આ સિવાય આ દુનિયામાં શ્રી રામચદ્ર, નળ, હરીચંદ્ર વિગેરે ઘણા મ-હાનપુરૂષો આ ભારત ભુમીપર એક પત્નિવૃતમાં પંકાઇ ગયા છે. તો તે મુજબ મારે પણ મારી પ્રતિજ્ઞાનો ભંગ ન થાય માટે મારી સ્ત્રીને તિર્થ યાત્રા કરાવી પછી બળી મરવું તે સારૂ. આમ મન સાથે વિચાર કરી સુરદાસમાને ચીરાવી તેમાં કસ્તુરી વિગેરે ભરી એક કાવડ બનાવી તેમાં તે બાઈનું ખોખું ઘાલી પોતે જાત્રાએ જવાનો વિચાર કર્યો. અને પોતાના કાર ભારીને બોલાવ્યો. અને ઉપરની બધી હકીકતથી વાકેફ કર્યો.

અને તેને નીચે મુજબ કહ્યું જે હૈ મારી વૃદ્ધ અવસ્થા છે તો રાજ્યની સઘળી બાબતોથી માહિતગર થવું. મારે કુંવર નથી માટે મારો સઘળો આધાર તારા ઉપર છે તેમ મારી સ્રીના વિયોગથી મારૂ દિલ રાજ્ય ખટપટમાં રહેવા માગતું નથી. માટે તારે વધારે ધ્યાન આપવું. અને જેમ બને તેમ રૈયત સુખી થાય તેવાં કાર્યો કરવામાં વધારે દિલ લગાડવું એ રાજ્યકર્તાનો ધર્મ છે. આમ કહી આંખોમાં ઘણાં આંસુ લાવી રામસિંહ રડી પડયો.

કારભારી—પ્રિય રાજન! તમે શું કરવા વૃથા રૂદન અને કલ્પાંત કરોછો? જે ભાવી બનવાનું હોય છે તે વૃથા થતું નથી. તમે દેહનો શોક કરતા હોય તો દેહ તો તમારી પાસેજ પડયો છે. શરીર પંચમહાભૂતનું બનેલું છે. તે કર્મ અનુસારે થાય છે, અને જાય છે. તેનો ધૈર્યવાન, ગુણીજન અને વિવેકી શોક કરેજ નહિ. વળી તમે કહેશો કે હું તો શરીરને રોઉંછું તો એતો મોટો અવિવેક સમજવો જોઈએ, આત્માતો અખંડ, અજ, અવિનાશી, અનેક ચેતન સ્વરૂપે છે, અને દુ:ખ રહિત છે. માટે એતો સુખસાગર અમર આત્મા છે. તેનો શોક કરવો મીથ્યા છે, જે નાશવંત છે તેનું દુ:ખ શું ધરવું. અને અખંડનો શોક શો કરવો? માટે આ બધું મી-

થયા છે, એમ સમજી તમારો થયેલો વિચાર બંધ રાખી મહેલમાં બેશી ભકિત કરો. જેથી તમારા દેહનું કલ્યાણ થશે.

રામસિંહ—ગુણીયલ પ્રધાન! તારા વિચારો મને સ્પષ્ટ ઉત્તમ લાગે છે, પરંતુ તું જાણે છે કે એક જાનવર જેવી જાત કે સારસપક્ષીનું જોડામાંનું એક પક્ષી જો મરણ પામે છે તો બીજું તરત તેનો પ્રાણ ત્યાગ કરે છે. તો મનુષ્યજાતીને કાંઇ પણ લાગણી ન થાય? માટે મેં તો મારી સ્રીને મરતી વખતે જે વચન આપ્યું છે તે મીથ્યા કરીશ નહિ.

કારભારી—અરે ક્રૂર હૃદય ધીક છે, તને કે આવો દયાજનક બનાવ જોઇ તેના તરફ પુરો દયાદ્રષ્ટિનો પ્રકાશ બતાવતું નથી. આહાં! પ્રભુ તારી અકૃપાની મોટી નીશાની, કારણ કે મારા પરમ સ્નેહિ સરદાર સાથે આજે તેં આવો મોટો દુખનો બોજો મુકી દીધો. પણ હે કૃપાળુ પ્રભુ! તને યોગ્ય નથી. હાય સરદાર! તારી શી દશા થશે. અરે! તારી સેવામાં હજારો દાસ દાસીઓ હાજર રહેતાં અને તું પુષ્પની શયામાં પોઢનાર તેં એક વીકટ અટંકી ભુમીમાં નીરાધાર કેવી રીતે પોઢીશ? માટે હે જગત નીયંતા! તારા દયાસાગરના વિશેષ ગુને આપ દેવા ધારતો હોય તો આ સરદારનો થયેલો વિચાર ફેરવી નાંખ. આમ કરતાં કરતાં કારભારી મુર્છીત થાય છે.

રામસિંહ—આહાહા ! શું વિચિત્ર બનાવ, પ્રભુ તારી ગહન ગતી છે. બ્રહ્માએ જે લેખ લખ્યા છે તે સાચા છે. ભવિષ્ય મીથ્યા થાય નહી. અફસોસ, અફસોસ એવી રીતે સરદાર અફસોસ કરી પોતાના પ્રધાનને જાહેર કરી સર્વે હકીકતથી વાકેફ કરો કાશી ઉર્ફે બનારસનો રસ્તો પકડયો. માર્ગમાં ચાલતાં ચાલતાં એક મહા વિકટ વન આવ્યું. અને સંધ્યાકાળનો વખત થયેલો તેથી પોતાની ખાંધ ઉપરની કાવડ એક ઝાડની શાખાએ બાંધી સરદાર રામસીંહ નીચે મુજબ વીચાર કરે છે.

હે નિરંજન નિરાકાર વિભુ તારી ગહન ગતિ છે. અરે હું રામસિંહ મારી સેવામાં હજારો દાસ દાસીએ હાજર રહેતાં (તેજ હું) અત્યારે વૈરાન જંગલમાં એકલો નિરાધાર ભટકું છું. દયાળુ પ્રભુ એવા તારા શું મહાન અપરાધ કર્યા હશે ? જેથી મને રાજ્ય સુખથી નષ્ટ કરી અત્યારે આ અટંકી ભુમીમાં મુકયો છે. અરે હું પુષ્પની શયામાં શયન કરતો તેના ઉપર નિર્દય થઇ આ ભયંકર જંગલના મેદાનપર સુવાની આજ્ઞા કીધી. ઠીક, કૃપાળુ પ્રભુ ! જેવી તારી ઇચ્છા. અજ્ઞાની મનુષ્ય કહે છે કે પૂર્વે જન્મના મહા અપરાધે કરી આવું દુઃખ સહન કરવું પડે છે. એ કેટલી મુર્ખાઇ ! વળી જ્ઞાની

મનુષ્યો એમ કહે છે કે પ્રભુ સર્વે કોઇની સ્થિતિ એક સરખી કરે તો સૃષ્ટિ ચાલેજ નહિ. અરે હવે તો તુંજ મારો ખરો પાલનહાર છે. અને જ્યારે તુંજ તિરસ્કાર દૃષ્ટિથી અમને જોઇશ ત્યારે હવે મારે પામર પ્રાણીને કોનો આધાર ! માટે હે દયાળુ વિભુ તું સહાય કર. અને આ દુ:ખથી મને બચાવ હું પામરનો કઇ અપરાધ તારી પાસે રજુ થયો હોયતો માફ કર. કારણ કે મનુષ્ય ખતાવાર છે ત્યારે તારા જેવા મહાન સાગરને પોતાની મર્યાદા મુકવી એ ઘટેજ નહિ. માટે હે પ્રભુ મને પ્રસંન થઇ બધી યાત્રાઓ કરાવી મહાન દુ:ખમાંથી મુક્ત કરી મારી સ્ત્રી સાથે તારા પવિત્ર સ્થાનમાં લઇ જા. આમ વિચાર કરી સુઇ રહ્યા. અને સવારે ઉઠી વહેલો કાશી જઇ પહોંચ્યો. ત્યાં સ્નાનાદિક વિગેરે ક્રિયા કરી ત્યાંથી પ્રયાગ, હરદવાર, બદ્રીકેદાર, શેતબંધુ રામેશ્વર, દવારકાપુરી વિગેરે ઠેકાણે યાત્રા કરી એક મહાન જંગલમાં આવી વિચાર કર્યો કે હવે મારી જે યાત્રા કરવાની મુરાદ હતી તે પાર પડી છે. માટે અહિયાં મારે સ્ત્રી સાથે બળી મરવું તે સારૂ છે. કેમકે, હવે રાજ્યમાં જવાની ઉમેદ નથી. તેમ વિચાર કરી કાષ્ટની ચિત્તા તૈયાર કરી પોતાની સ્ત્રીને તેમાં મુકી પોતે ચિત્તામાં બેસી બળવાનો નિશ્ચય કરે છે. એટલામાં અંતરિક્ષ માર્ગે દિ-

શ્વર પાર્વતિનો રથ ચાલ્યો જતો હતો. આ બનાવ પાર્વતિના જોવામાં આવ્યો. તેથી પાર્વતિએ ઇશ્વર પ્રત્યે કહ્યું કે માહરાજ આ જંગલમાં આ મનુષ્ય કેમ બળી મરતો હશે.? માટે તને તેને પુછો ? ત્યારે ઇશ્વરે જવાબ આપ્યો કે કંઇ દુઃખ માટે બળી મરતો હશે. ત્યારે પાંર્વતિએ વિનંતી કરી કે કૃપાનાથ તેનું દુઃખ ભાંગો. અને તેની હકીકત પુછો. તેથી ઇશ્વર તે સરદાર રામસિંહ પાસે ગયા. અને પુછ્યું કે હે સરદાર ? તું શા માટે બળી મરે છે. ત્યારે તે સરદારે પોતાની સઘળી હકીકત કહી. પછી ઇશ્વરે કહ્યું કે હજુ તો તારે ચોવીસ વરસ જીવવાનાં છે. અને તારી સ્ત્રી જો જીવેતો તું બળી થ ? નહિ ત્યારે રામસિંહે જવાબ આપ્યો કે ત્યારે તો મારે કંઈ કારણ નથી. ત્યારે ઈશ્વરે કહ્યું કે બચ્ચા, તારા જમણા હાથમાં જળ લઇ તારી સ્ત્રીના હાથમાં આપ અને કહે કે મારૂ અર્ધું આયુષ્ય આ સ્ત્રીને અર્પણ કરૂછું. તો તારી સ્ત્રી બેઠી થશે. અને તું અને તારી સ્ત્રી બંને એક વખતે ગુજરી જશો. એમ કહી ઇશ્વર પાર્વતિ અંતરધાન થઇ ગયાં. પછી રામસિંહે તે મુજબ કર્યું જેથી તેની સ્ત્રી બેઠી થઇ. અને સ્ત્રી પોતાના પતિ સામું જોઈને બોલી કે મહારાજ તમારી આવી દશા કેમ થઇછે. ત્યારે રામસિંહે પોતાની બધી હકિકત તે સ્ત્રીને

કહી સાથે કહ્યું જે હે સ્ત્રી બાર વરસથી મને ઘણું દુઃખ પડ્યું છે. તેમ મારા માથે ઘણા વાજ થયા છે. તેથી અહીંથી ચાલો. એમ કહી બંને જણાએ ત્યાંથી ચાલવા માંડ્યું. ચાલતાં ચાલતાં એક ગામ નજરે પડ્યું. તે ગામનું નામ ધવલપુરી કરીને હતું. તે ગામની નજીક એક બાગ હતો. તે બાગની અંદર આ રામસિંહ તથા તેની સ્ત્રી આવ્યાં. અને આસોપાલવના ઝાડ નીચે વિશ્રાંતી લેવા બેઠા તેવામાં રામસિંહને નિંદ્રા આવવાથી તેની સ્ત્રીના ખોળામાં પોતાનું માથું મુકી નિંદ્રા વશ થઇ ગયો. પાછળથી તેની સ્ત્રીને નિંદ્રા પણ આવી ગઈ. તેથી તે પણ સુઇ ગઇ. આવી સ્થીતિમાં બંને જણ છે. તેવામાં આ ગામનો રાજા હરિસિંહ બાગમાં હવા ખાવા માટે આવ્યો. તેને આ બંને સ્ત્રી પુરૂષને નિંદ્રાવશ થયેલાં જોયાં અને સ્ત્રીનું રૂપ જોઇ ઘણોજ મોહીત થઈ ગયો. ને પોતાના મન સાથે વિચાર કરવા લાગ્યો અહાહ ? પ્રિય કાન્તા તારો મનોહર ચેહેરો જોતાં મારૂ મન વશ રહેતું નથી. સ્રષ્ટાએ તને એવી તો ઘડી છે કે તારી કાન્તિ જોતાં અન્ય સ્ત્રી જોવાની વૃત્તિ ન થાય. જ્યારથી આ બાગની અંદર તારો મનોહર ચેહેરો જોવામાં આવ્યો છે ત્યારથી અન્ય કોઈ પદાર્થ તીરખવાને આ મન અભિલાષા રાખતું નથી. નિંદ્રામાંથી જા-

ગૃત કરવાને આ મન દોડયું હતું પણ લાચારીથી અને નિતિ થી કબજે રાખ્યું છે. સબબ કે ક્ષત્રી ધર્મને દુષણ લાગે અને સંસારીક કાયદાનું ઉલંઘન નહિ કરવાના હેતુથી એ સાહસ પગલું ભર્યું નથી. પણ તારી મનોહર છબી જોઇ આ ચલીત મન દોરાય છે. હે સ્ત્રી મારૂં ખરૂં હૃદય જે એક પ્રેમથી સંચીંત હતું. તે તેં છીનવી લીધું છે તો હૃદય સુન્ય મુર્તિ કેમ દીવસ નિર્ગમન કરે ? જરા બોલ અને મારા ખરા પ્રેમ તરફ વિચાર કરી મારૂં આમંત્રણ સ્વીકાર કેમકે પ્રેમીબાણ લાગી રહ્યું છે. તેનો ઘા મારા હાથે રૂઝાવવો ઘણો કઠીન છે.

અરે હાય ' સુંદરયોવન શોભાવનારી સુંદરી જરા મારા સામુ જોઇ તારૂ મધુર હાસ્ય કર ? તારો સુંદર ચહેરો અને કોમળ મુખાર્વિંદ જોતાં મારા દીલમાં જેમ સુવર્ણમાં હીરો જડાઇ જાય છે તેમ જડાઇ ગયું છે હજુ તો તારો સુંદર ચહેરો જોયો છે ' પણ તારી સાથે અહર્નિશ વિહાર કરતો હઉં તો કેટલું સુખ ઉત્પન્ન થાય ? શું ! નહિ બોલો ? અને તેમ કરી મારી ઉમેદ પાયમાલ કરીશ ? નહિ નહિ ! તેમ કદી થનાર નથી. કદી જો કે આ શરીરનો નાશ થાય અને તારા માટે કઠીન દુઃખો વેઠવાં પડે તો પણ મારી મનોવૃત્તિ કદી ફરનાર નથી. તેમ આ શરીરની અંદર હાડમાંસ છે ત્યાં

સુધી પણ હું તારો પીછો છોડનાર નથી હે સુંદર કાંન્તી બોલ અને આ પરવશ જીવને શાંન્ત કર.

રાજાના બધા વિચારો સ્રી સમજી ગઇ છે. પ્રથમના શબ્દો કાને પડવાથી તે સ્તબ્ધ બની સુઈ રહેવા જેવો ચહેરો બતાવ્યો હતો પરંતુ રાજા બોલી રહયો તેવીજ સ્રી નીચે મુજબ કેહેવા માંડયું.

રાજ્ય પુત્ર ! તમારી મનોહર કાન્તી જોઈને પરવશાજન શું ન કરે ? તમારૂં સુંદર મુખાર્વિંદ કોનું ચીત્ત ન ચોરે ? આ તમારો પ્રેમ અને અધિક સ્નેહ જોઈ કોણ ભાગી ન થાય ? તમારો મધુર પ્રકૃતિનો વહેવાર કોને મીત્ર ન કરી લે ? અને તમારા સ્નેહમય ગુણો કોને વશ્ય કરી ન દે ? ખરો દોષતો તમારા નેત્રનો છે કે પ્રથમ દર્શનેજ આવો વિશ્વાસ ઉત્પન્ન કરેછે. તમોએ અત્રે પધારી મેટો ઉપકાર કર્યો છે. તેનો બદલો વાળવા હું અબળા અશક્ત છું. પ્રથમ દર્શનથીજ તમોએ મારૂં જીવિત સફળ કર્યું છે. તમારૂં આવાગમન હું કીયા પ્રકારે સફળ કરી શકું ? જો તમારી દાસી થઇ રહું તો કંઇ ઓછું નહિ. તેથી કરી મારૂં જીવિત આપને અર્પણ કરી આપની સાથે આવવા તૈયાર છું. પરંતુ ખોળામાં માથુ છે તેનું શું કરવું ? ત્યારે તે હરિસિંહે બાગના બંગલામાંથી તકીયો

મંગાવી આપ્યો. તે તકીઓ તેના ખરા પુરૂષના માથા હેઠલ ઘાલી તે સ્ત્રી આ હરિસિંહ જોડે ચાલી ગઇ. રાજાએ તેને મહેલમાં દાખલ કરી અને દાસ દાસીઓ વીગેરે તેની સેવામાં સોંપ્યાં બાદ થોડી વખત વિત્યા પછી પેલો રામસિંહ સુતો હતો તે જાગી ઉઠયો. અને જુએતો તેની સ્ત્રી માલુમ પડી નહિ તેથી તે બાગની અંદર આમ તેમ જેમ ગાંડો હોય તેમ પોતાની આંખો ફેરવતો હતો. વળી મનમાં ઘણી જાતના વિચારો કરતો હતો. તેવામાં બાગનો માળી રામસિંહ પાસે આવ્યો અને કહ્યું કે ભાઈ! તું કેમ ગાંડા જેવો બની ગયો છું તારા સર્વે વિચારો હું જાણી ગયો છું પરંતુ કોઈ જગાએ તું મારૂં નામ ન દેતો હું તારી સ્ત્રી બતાવું. ત્યારે રામસિંહે ઘણી આજીજી સાથે વિનંતી કરવા માંડી કે કૃપા કરી મને મારી સ્ત્રી બતાવ. ત્યારે માળીએ કહ્યું કે આ ગામનો રાજા તારી સ્ત્રીને લઈ ગયો છે. જેવા તે શબ્દો સાંભળ્યા તેવો તે તરતજ ગામ તરફ ચાલ્યો. અને જ્યાં રાજમહેલો હતા ત્યાં આસપાસ ફરવા મંડયો. તેવામાં જરૂખે બેઠેલી તેની સ્ત્રી જોવામાં આવી. ત્યારે રામસિંહે કહ્યું કે—હે સ્ત્રી! મને મુકી તું ક્યાં આવી બેઠી છું? તને મારા સ્નેહનો તેમ પ્રિતિનો ખ્યાલ આવતો નથી? મેં તારા માટે ઘણા દુઃખો સહન કર્યાં છે તેનો બદલો

તેં આ આપ્યો કે શું ? ત્યારે તે સ્ત્રી બોલી કે તું કોણ છું ? હું તને ઓળખતી નથી માટે અતરેથી ચાલ્યો જા નહિતો વગર મોતે હેરાન થઇશ. ચાલ્ય જીવ રાજા પાસે જાઉં. એમ કહી રાજા પાસે આવ્યો અને રાજા પ્રત્યે બોલ્યો—માહારાજ મારે સ્ત્રી જોઇતી નથી; પરંતુ સ્ત્રી પાસેથી મારાં વરસ પાછાં અપાવો એમ થવાથી તમારી મોટી કૃપા થઇ એમ હું સમજીશ. અને ઉપકાર માનીશ ત્યારે રાજાએ પ્રધાનને બોલાવી બધી હકીકતથી વાકેફ કર્યો. ત્યારે પ્રધાને કહ્યું કે—એક બીજાને કંઈ વરસો અપાતાં નથી. માટે આ માણસની મરજી એમ છે તો તે મુજબ તેને સંતોષ પમાડીએ તેથી રાજા, પ્રધાન, અને રામસિંહ દરબારમાં આવ્યા. અને પેલી પાસેથી હથેલીમાં જળ લઇ રામસિંહને તેનાં વરસ પાછાં આપવાનું જળ આપ્યું જેવું જળ રામસિંહના હાથમાં આવ્યું. તેવો તુર્તજ તે બાઇનો પ્રાણ જતો રહયો. પછી રામસિંહ ત્યાંથી વિદાય થયો. તે એક જંગલમાં ગયો અને ત્યાં માહાત્માને શરણે રહયો. જેથી તેનું બાકી રહેલું આયુષ ભોગવી અંતે અમરપદને પામ્યો. પછી પેલા હરિપ્રસાદ બ્રાહ્મણને માહાત્મા પ્રભુએ કહયું કે સ્ત્રીના ગુણો સાંભળ્યા કે—અને હવે હું તને પુરૂષના ગુણો કહું છું તે તું સાંભળ.

પ્રિય વાંચકો વળી શાસ્ત્રકારોએ સ્ત્રીઓ માટે કહ્યું છે કે—

अनृतं साहसं माया, मूर्खत्व मति लोभता;
अशौच निर्दयत्वंच, स्त्रीणां दोषा स्वभावजाः

અર્થ—જુઠું બોલવું, વગર વિચારે સાહસ કામ કરવું, કપટ રચના, અત્યંત લોભીપણું, અપવિત્રતા, અને નિર્દયતા, એ ૭ દોષ સ્ત્રીમાં સ્વભાવીક પણેજ હોય છે એટલે પછી તેનો શો દોષ? "**પ્રેમદાની બુદ્ધિ પાનીએ**" એ મહાન વાકય અત્યારે તાદ્રશ્ય ચિત્તાર આપી રહેલ છે.

પ્રકરણ પુરૂષગુણ. ૭

પુર્વે ટાંડા કરીને એક શહેર હતું. તેમાં એક ભિક્ષુક બ્રાહ્મણ મોતી નામનો રહેતો હતો. તે હમેશાં ભિક્ષા વૃત્તિ કરી તેનું ગુજરાન ચલાવતો હતો. તે એક દહાડો તે ગામના એક મેહેલ્લામાં ચપટી લેવા ગયેલો તેવામાં એક મોટા ગૃહસ્થની છોડી તેનીજ જ્ઞાતીની તેના જોવામાં આવી. તે જોતાંજ આ બ્રાહ્મણ તે બાઇ ઉપર મોહીત થઇ ગયો. પછી હમેશાં તે મહેલ્લામાં જાય અને તેની આજુ બાજુના ઘરોમાંથી ચપટી લઇ તે બાઈને જોઇ ચાલ્યો જાય. જ્યાં સુધી તે બાઇ જોવામાં ન આવે ત્યાં સુધી એક ઓટલે બેશી તે બાઇને જોઈ નિસાસા

નાંખતો ઘેર જાય. અને જ્યારે તે બાઈ જોવામાં ન આવે ત્યારેતો તે દીવસ ભોજન પણ લેતો નહિ. એવી રીતે ઘણા દહાડા વિત્યાબાદ તે બાઇએ વિચાર કર્યો કે—આ પુરૂષ પ્રથમ હમેશાં મારા ઘરની ચપટી લેતો અને હવે કેમ લેતો નથી તે મારે પુછવું જોઇએ. તેમ તે મારા સામુ જોઇ કેમ નિસાસા નાંખે છે. વીગેરે બાંમતોને લીધે એક દીવસ જેવો તે ભિક્ષુક તે મહેલ્લામાં દાખલ થયો તેવોજ તે બાઈએ તે ભિક્ષુકને બોલાવ્યો અને કહયું કે માહારાજ? તમો પ્રથમ મારા ઘરની ચપટી લેતા હતા. અને હવે કેમ લેતા નથી? ત્યારે માહારાજ સ્તબ્ધ બની ગયા અને કંઈ પણ જવાબ આપ્યો નહી. ત્યારેજ પેલી બાઇએ પુછ્યું કે મહારાજ જે ખરી હકીકત હોય તે કહો. તમારો કંઇ પણ ગુન્હો હશે તો હું માફ કરીશ. અને મારાથી બની શકે એવું હશે તો તમારૂ કામ પણ કરી આપીશ. ત્યારે માહારાજે કહયું કે—હે સ્ત્રી તારી સુંદર કાન્તી જોઇ મારૂં મન પરવશ બની ગયું છે. અને મારા મનમાં વિચાર આવે છે કે જો તારા જેવી સ્ત્રી મને મલે તો હું કેટલો ભાગ્યશાળી થાઉં? અને હું બીજી મારી બાજુ તરફ જોઉં છું તો મને સ્પષ્ટ રીતે માલુમ પડે છે કે હું ગરીબ માણસ, નિર્વાહ ભિક્ષા વૃત્તિઉપર ચલાવું છું. છતાં તારા જેવી પદમણી

મને જેવી રીતે મળે કેમકે તેમાં હજારો વિઘ્નો આવી નડે. પ્રથમતો તારો બાપ ગૃહસ્થ અને ઇજતદાર તેથી તે સબંધ કરવા કે નહિ. બીજું તો તું જાતેજ ના કબુલ કરે કેમકે હું કાંઇ એવો વિદ્વાન નથી. અને મારો નિર્વાહ ફક્ત ભિક્ષા વૃત્તિ ઉપર ચલાવું છું—વીગેરે કારણોથી મારૂ મન પાછું સંકોચાય છે. પણ મનોવૃત્તિ સ્થિર રહેતી નથી. તેથી હું તારા મહેલ્લામાં હમેશાં ભિક્ષાવૃત્તિ કરવા આવું છું અને તને જોઇને મારા જીવને શાંન્તી પમાડું છું વળી તારી શરમને લીધે હું તારે ઘેર ચપટી લેવા આવતો નથી. ત્યારે આ બાઇએ જવાબ આપ્યો કે જાઓ મહારાજ તમારા મનમાં એમજ છે તો હું તમારી સાથે લગ્ન કરીશ. આ શબ્દ સાંભળતાંજ મહારાજ મનમાં ઘણા મગન થઇ ગયા. અને પોતાના મન સાથે વિચાર કર્યો કે " ઉદ્યોગી પુરૂષને કંઇ દુર્લભ છે ? અર્થાત એક વસ્તુ તેને દુર્લભ નથી. કેમકે ખરા તનમનથી જો કોઇપણ કામની પાછળ પડે તો એક વખત વા બે અગર ત્રણ વખત પાછો કે વારંવાર પાછો પડે તદપી તેજ કાર્યને હાથ કરવા પોતાનો ઉદ્યોગ અને ઉત્સાહ જારી રાખે તો બેશક તે આખર ધારેલી ધારણામાં ફતેહ મેળવેજ. એ વિષે એક વીર પુરૂષ પોતાના પુસ્તકમાં લખે છે કે હું એક મહાન શત્રુ સાથે જીત મે-

જીતવા ગયો હતો. તે વખતે શત્રુ સૈન્યના બેહદ બળથી હું એકવીસ વખત મારી મુરાદ સફળ કરી શકયો નહિ હતો. તેથી છેવટે હીંમત હારી મારા વતન ભણી નિરાશ અને એક હીચકારા સમાન બની પાછું હડવા ધાર્યું હતું. અને તેજ વિચારમાં ગરક બન્યો હતો. તે સમય મારી નજર આગળ એક કરોળીઓ એક વૃક્ષની ડાળ ઉપર ચડતાં પાછો પડયો, પણ પોતાના મુખની લાળ વિસ્તારી ફરીને લાળદ્વારાએ ઉપર ચડવા લાગ્યો. પરંતુ ફરી પાછો પડયો. તદપી તેણે હીંમત ન હારતાં પોતાનો ઉદ્યોગ જેમનો તેમ જારી રાખ્યો તેથી **હિંમતે મરદા તો મદદે ખુદા** એ અમુલ્ય વાકય સત્ય થયું. અંગ્રેજીમાં પણ કહ્યું છે કે (Heaven helps those that help themselves) આ અમુલ્ય વાકય સત્ય થયું અર્થાત વારંવાર પાછો પડયા છતાં પણ હિંમત ન હારીને કરોળીએ મરદામી આગળ ચલાવી. તેથી છેવટ તે વૃક્ષની ડાળ ઉપર ચડયો. તે જોઈ મારા મનમાં ધીરવીરતાના અંકુરો ફુટવા લાગ્યા. અને મેં વિચાર્યું કે જો આ એક સુક્ષ્મ જંતુ પણ પોતાની ધારેલી ધારણામાં અનેક વખત પાછો પડતાં છતાં પણ તેણે પોતાનોં ઉદ્યોગ ચાલુ રાખ્યો; તો તે છેવટે ફતેહમંદ નીવડયો. એવીજ રીતે હું પણ આ ઉદ્યોગમાં મચ્યો રહ્યો ન હોત તો મારૂં

કાંઇ પણ કાર્ય થાત નહિં. પરંતુ લાવ આં સ્ત્રીની હું ખાત્રી કરી જોઉ હે સ્ત્રી તારાં વાકયો તું સિદ્ધ કરી આ ચલિત મનને શાંત કરી શકે કેમ? મહારાજ! તમે મને નકીજ સમજજો કે હું તમને વરી ચુકી છું. એમ કહી બાઇએ નીચે મુજબ સંકલ્પ કર્યાં.

માત પિતા નારાજ થાય તો ભલે, પણ મારો પતિ તો આ બ્રાહ્મણજ સાચો એમ નિશ્ચય કરી બેઠી હતી. વળી માત પિતાને તથા કુળને કલંક લગાડવું, પૃથ્વી માતને નિર્થક ભાર આપું, ઇશ્વરની ચોર થાઉં માતા પિતાને અને દુનિઆને છેતરૂં, શું ઘા રૂઝાય છે પણ નિશાની જતી રહે છે? માટે મને જે નિશ્ચય કરેલો પતિ સિવાય આવૃત્તિ બીજે જશે નહિ. અને અન્યને હવે હું નહિ પરણું. એવો નિશ્ચય કરી બેઠી હતી. મારે તો આ બ્રાહ્મણ સાથે પરણવું એમાં સંશય નહિ. હવે આ બાઇના ઘરમાં તેના માત પીતાએ તેને માટે યોગ્ય વર શોધી લગ્નની ગોઠવણ કરવા માંડી હતી તે આ બાઇને આ વ્રતમાનથી વજ્રપાત જેવું થયું હતું અને મનમાં વિચાર કર્યાં કે—મારે શું કરવું એ સુજ્યું નહિ. બળાત્કારે પ્રાણ તજવા એ ઠીક લાગ્યું નહિં. સામાન્ય સ્ત્રીની પેઠે કુવે પડવું અગર ગળે ફાંસો ખાવો વીગેરે અજ્ઞાનતા ભરેલી બાબતો ત-

ણીને ઠીક લાગી નહિ. પણ પિતાને જઈને કહેવું કે મારે નથી પરણવું. એ અસભ્ય અવિવેક જેવું, એવું કહેતાં જીભ શી રીતે ઉપડી શકે? અને કદાચ કહેવાય અને લગ્ન સબંધ થાય તો માતુશ્રીની અને પીતાશ્રીની મરજી કેમ સચવાય? જન્મથીજ વિધિએ આ શરીર દુઃખરૂપ ઘડયું. માટે આ શરીરના પ્રાણનું ગમે તે થાય પણ મારૂં જેને આપેલું વચન મિથ્યા ન જાય. મારી મને ચિંતા નથી. એવો કોઠ માર્ગ હોય કે મારા પ્રિયનું અને મારા માતપિતાનું હિત મારાથી સચવાય! હે પ્રિયે મારૂ વચન મિથ્યા જશે? શું તમારી સાથે સબંધ નહિ થાય. એમ ઓછું આગુતી વિલાપ કરતી અસહ્ય દુઃખ ભરતી મુર્છીત થઇ અવનો ઉપર ઢળી પડી. જેનો ધબકારો તેના બાપને કાને પડવાથી તે તુર્તજ ઊઠયો. અને અંદર જઇ જુએ છે તો તેની છોડી મુર્છાને સ્વાધિન પડેલી જોવામાં આવી. બાઈને ઘણા પ્રયાસે સાવધ કરીને પુછયું કે— બેન આમ અચાનક બેશુદ્ધ થવાનું કારણ શું છે તે મને કહે? ત્યારે બાઈએ કહ્યું કે પિતાજી તમે મારા લગ્ન માટે ગોઠવણ કરવા માંડી છે. પરંતુ હું તો એક બ્રાહ્મણને વચન આપી ચુકી છું. માટે તે બ્રાહ્મણ સીવાય બીજાને હું વરવાની નથી. આ સાંભળી તેણીના બાપે ઘણી સમજાવી અન્તે કહ્યું કે—પ્રિય

પુત્રી તું હજી બાળા છે વળી અબળા જાતી છે, તેથી એવા ભિક્ષુકને કેવી રીતે સુખમાં રાખીશ. હું મારૂં કુળ તેમજ મારી આબરૂનો નાશ કરી તારા સરખી મનોહર કાન્તી વાળી કન્યા કેમ ભિક્ષુકને આપું ? પરંતુ શાસ્ત્રમાં પણ કહ્યું કે સુજ્ઞ પિતાએ કન્યાને સ્વરૂપે સુંદર, વયે જુવાન, ગુણીયલ, વિદ્યામાં કુશળ અને દારિદ્ર જે કુળમાંથી છેટે હોય. ધન ધાન્ય વીગેરે સંપત્તિથી ભરપુર હોય એવો ઉત્તમ પુરૂષ હોય તેને કન્યાદાન આપવું જોઈએ. છતાં આવા ભિક્ષુકને મારાથી તારો પતિ કેમ કરી શકાય ? મારૂં સર્વ નાશ થાય તોપણ શુ ! પરંતુ હું આવું કામ કરીશ નહિ. પણ ફોકટ છેવટે તેણીના બાપને પણ તેણીના વિચાર પ્રમાણે ચાલવાની ફરજ પડી અને બ્રાહ્મણ સાથે તેનું લગ્ન કર્યું.

થોડા દીવસ સુધી જમાઈને ઘેર રાખી તેની દીકરીને તથા જમાઇને તેમના ગામ તરફ વિદાય કરતી વખતે પોતાની દીકરીને તેની માતુશ્રીએ નિચે મુજબ શિખામણ આપી. બ્હેન ! પતિની આજ્ઞા પાળવી અને તેમની તનમન અને કર્મથી સેવા સીવાય બીજી કંઇ ઈચ્છા રાખવી નહિ. પતિની રજા સીવાય પોતાનું દ્વાર છોડી પરદ્વારે જવું નહિ. ઘણી અણસમજુ સ્ત્રીઓની પેઠે છેલછબીલી થઇને ફરવું નહિ.

સાસુ સસરાને માત પિતા સમાન જાણી તેમની તનમનથી સેવા કરવી. નણંદીને પોતાની બેન સમાન ગણવી. પતિના સુવા પછી સુઈ રહેવું. અને તેના ઉઠવા પહેલાં ઉઠી ગૃહકાર્ય કરવું. પતિને જમાડીને જમવું, પતિના સુખે સુખ અને દુઃખે દુઃખ સમજી તેમને દુઃખમાં પણ જ્ઞાન સંબંધી વાતથી સુખી રાખવા. પરજન સાથે વાત કરવી નહિ, તેમ ગુપ્ત કંઇ કરવું નહિ. પતિને ધર્મ અને વહેવારીક કાર્યમાં હિમ્મત આપી તનમનથી સહાયતા આપવી. અને જેમ બને તેમ પતિને હોંશિયાર બનાવવા કોશીશ કરવી. પતિનું મન કચવાય એવું કંઈ પણ વાકય કહેવું નહિ, પરપુરૂષ સામુ એક દૃષ્ટિએ જોવું નહિ તેમ હસવું પણ નહિ. દેવદર્શનના બ્હાને પુરૂષોના જમાવમાં નહિ જતાં ઘેર બેશી ઇશ્વરભકિત કરવી. દ્રવ્ય અગર વસ્ત્રાદિકનો લોભ દેખાડી કોઈ દેવ ગાંધર્વ અગર મનુષ્ય ગમે તેવો સ્વરૂપવાન હોય તથા દ્રવ્યવાન હોય, તોપણ તેમાં નહિ લલચાતાં તેને ધિક્કારી કાઢવો. વસ્ત્ર પહેર્યા સિવાય સ્નાન પણ કરવું નહિ. દેહ ક્ષણભંગુર છે એમ જાણી પુણ્યાર્થ સુકૃત્યો કરી સારી કિર્ત્તિ સમ્પાદન કરવી. આ પ્રમાણે શીખામણ આપી વિદાય કર્યા.

રસ્તામાં ચાલતાં ચાલતાં એક મોટું શહેર આવ્યું. તે

ગામની બહાર એક મોટી ધર્મશાળા હતી; હવે બપોરનો વખત હોવાથી વિશ્રામ લેવા માટે બંને સ્ત્રી પુરૂષે તે ધર્મશાળામાં મુકામ કર્યો. તેવામાં તેજ ધર્મશાળામાં તેમની સામે એક સોદાગરે પણ ત્યાં મુકામ કર્યો હતો. સોદાગર આ બાઈનું રૂપ જોઈ ઘણો મોહિત થઇ કામાન્ધ બની ગયો. જેમ કે;—

દોહરો.

સત્ય શીળ ડહાપણ ગયું, ગયું જ નિર્મળ નામ;
સૌ પાણી વેહેતે ગયું, જ્યારે પ્રગટ્યો કામ.
પુત્ર મિત્ર વહાલો નહિ, નહિ રત્ન નહિ દામ;
પંડિત પણ વહાલો નહિ, જ્યારે પ્રગટ્યો કામ.
વેદ પઠન કવિ ચાતુરી, સઘળી વાતો સેહેલ;
આભ ચઢન ઇંદ્રિ દમન, કામ જીતન મુશ્કેલ.

પછી સોદાગરે પેલા બ્રાહ્મણને બોલાવીને કહ્યું કે મહારાજ ! આ સ્ત્રી તમારી છે ? મહારાજે કહ્યું કે હા ! સોદાગર—મહારાજ આવી સ્ત્રી તમારે લાયક નથી અને તે તમારૂં શ્રેય કરશે નહિ. માટે હું તમને ભલામણ કરૂં છું કે જેટલા રૂપીઆ કન્યા લાવતાં થયા હોય તેથી બમણા રૂપીઆ લઇ આ સ્ત્રી મને આપો આવું સોદાગરનું ભાષણ સાંભળી મહારાજ તો લોભાઈ ગયા, અને મનમાં વિચાર કર્યો કે;—

કવિત.

પૈસે બિન બાપ કહે પૂતતો કપૂત ભયો,
પૈસે બિન ભાઇ કહે બંધુ દુઃખદાઈ હે;
પૈસે બિન જોરૂ કહે નકટેસૈ કામ પર્યો,
પૈસે બિન સસુર કહે કિનકો જમાઈ હે.
પૈસે બિનં યાર દોસ્તદાર કાહુને પતિજીયે,
પૈસે બિન દુનિઆમે મુહડો છીપાઇએ.
કહે કવિ બિકારામ સુનહો દીનદયાળ,
પૈસે બિન મુડદેકુ લકડી ન પાઈએ.

ઉપરના કવિતને આધિન થઈ હા પાડી. કેમકે આ સ્ત્રી જશે તો તેને બદલે બીજી સ્ત્રી તેમ દ્રવ્ય પણ મળશે. તેથી હું પૈસાદાર કહેવાઇશ. એમ વિચાર કરી સોદાગરને કહ્યું કે-હું મારી સ્ત્રીને જંગલ જવાનું બહાનુ કાઢીને ગામ બહાર ભગોળે આવું છું અને તમો પણ એક સરસ ઘોડો લઇ બે-હજાર રૂપીઆ તે ઉપર નાંખીને ત્યાં આવો. એટલે હું તેના ઉપર બેશીને પોબારા ગણી જઇશ. પછી તે સ્ત્રીને તમો સ્વાધીન કરી લેજો. એમ કહી મહારાજ પોતાની સ્ત્રી પાસે ગયા. અને પાણીનો લોટો ભરી બહાર જવાનું બહાનું કરી ધર્મશાળાની બહાર નીકળ્યા અને ભાગોળે જઇ સોદાગરની રાહ

જુએ છે એટલામાં તે સોદાગર ઘોડો લઇ પહોંચ્યો જથી મહારાજ ખુશ થયા. અને દ્રવ્ય લઇ ઘોડાપર સ્વાર થઇ પોતાના ગામનો રસ્તો ઝાલ્યો. પ્રિય વાંચક જરા નિચેની કહેવત ઉપર આપનું લક્ષ આપશો.

જરકી મોહોબત જરકે તાબે, જર તો જગમે ખાર હૈ;
જીસ જાયપે દેખો યારો (તો) જરસે બેડા પાર હૈ.
જીન દીઠે મુનીવર ચળે, તરુણી પછારે હત્થ;
કંથા વો ધન લાવજે, કે જીનરો નામ ગરત્થ.
વળી—આણંદ કહે મરમાનંદા, માણસે માણસે ફેર;
એકતો લાખરૂપીએ ન મળે (અને) એક તાંબીયના તેર.

આથી એમ સમજવું નહિ કે દુનિયામાં બધા માણસો સરખા હોય છે.

હવે પોતાના પતિને બહાર ગયે લગભગ એક કલાક થયો છતાં પણ નહિ આવ્યાથી તે બાઇ ફીકરમાં પડી. અને તેના સ્વામીની ખબર જોવા દરવાજા સામી જાય છે. એટલામાં સોદાગરના સીપાઈઓએ તે બાઇને અટકાવી અને કહ્યું કે—ક્યાં જાય છે? તને તો અમારા સોદાગરે વેચાતી લીધેલી છે. અને તારો ધણી તો તને મુકી જંગલ જવાનું બહાનું કરી જતો રહ્યો છે. એમ કહી તે બાઇને પકડી સોદાગર આગળ ર-

જુ કરી. આવાં વાંક્યં સાંભળતાંજ તેમ સોદાગરને જોતાંજ તે બાઇ મુર્છીત થઇ ધરણી પર ઢળી પડી. ત્યારે તેણીને સોદાગરે સાવધ કરી નીચે પ્રમાણે કહ્યું.

સોદાગર—હે રૂપસુંદરી ? સ્વપ્નાની સંમતને સંભારી શોક કરવો તે તહારા જેવી કોમળ સુંદરીને યોગ્ય નથી. માટે ભૂતનો વિચાર ન કરતાં મારે શરણે આવી ભાગ્યશાળી થા.

સ્ત્રી—અરે મુર્ખ ? જેવી રીતે શીકારી પોતાના શીકારને સપડાએલો જોઈ તેના ઉપર ઘાતકીપણું ગુજારે છે, તેવી રીતે હું અનાથ અબળા તારા સ્વાધિનમાં આવી છું તેથી શું શીકારીની પેઠે જુલમ ગુજારવાની ઈચ્છા રાખે છે ?

સોદાગર—જ્યારથી મેં તને આ ધર્મશાળામાં જોઈ ત્યારથી હું તને પૃથ્વી ઉપરની કોઈ સ્ત્રી ન સમજતાં સ્વર્ગની ભુલી પડેલી અપ્છરા જાણતો હતો અને તને વશ કરવા ઘણી યુક્તિઓ રચતો હતો. તું મને જોતી નહોતી છતાં ઘડીએ ઘડીએ અને પળે પળે તહારી સમીપ રહી, તહારા મનોહર વદન કમળનું દુરથીજ પાન કરી શાંન્ત થતો. છતાં આજે હાથ આવેલી કમળવદની તને છોડતાં આ ચળીત મન કેવી રીતે શાન્ત થાય ! માટે આ પરવશ જીવને પ્રેમનું આલીંગન આપ.

સ્ત્રી—અહાહા ! હવે હદ થઈ ગઇ. ચંડાળ ? આમ વદતાં તારી જીભ કેમ તુટી પડતી નથી ? અરે ! ચંડાળ ! તું જાણતો હોઈશ કે જ્યારે લગ્ન થાય છે ત્યારે ઈશ્વર રૂપ અગ્ની અને હજારો લોકોની સમક્ષ સ્ત્રી પુરૂષ પરસ્પર પ્રતિજ્ઞા સાથે બંધાયેલાં છે. એવીજ રીતે હું પણ મારા રંક પતી જોડે બંધાયેલી છું. છતાં અલ્પ સુખની ઈચ્છાએ તે લેખનો ભંગ કરી તહારૂં કહ્યું માન્ય કરૂં ?

અરે ! મુર્ખ જરા વીચાર કર કે પરસ્ત્રી ગમન કરનાર પુરૂષની આબરૂ આ લોકમાં હલકી થાય છે, અને આ લોકમાં ધીક્કારને પામી પરલોકમાં અઘોર નર્કને પામે છે. પરસ્ત્રીગમન કરવા જેવો એક મોટો અપરાધ નથી અને એના જેવું એક મોટું પાપ નથી અને તેવા પાપી મનુષ્યો પર ઇશ્વર ગુસ્સે થઇ તેને મહાન શીક્ષા કરે છે. માટે હે મુર્ખ ! તું વીચાર કર. નાહક તહારા કુળને કલંક શા માટે લગાડે છે.

સોદાગર—પ્રીય પત્ની ? જેમ મીન માછીની જાળમાં ફસાય છે ને તેમાંથી છુટવાને યત્ન કરે છે પણ યત્ન કરતાં કરતાં વધારે ફસાય છે. તેવીજ ગતી અત્યારે તારી સમજજે માટે કંઈ વીચાર નહી કરતાં મારે સ્વાધીન થા. હે સુંદર યોવના ? મેં હવે તારી સાથે નમ્રતાથી વર્તવાનું માંડી વાળી ક્રુર

દૃષ્ટીથી તારી સાથે વર્તવાનો વીચાર કર્યો છે (એમ કહી ઉઠે છે) માટે તારા મીથ્યા વીચારો કોરે મુકી મારા હુકમને તાબે થા, ને મારી સત્તાનો ઉપયોગ કર.

સ્ત્રી—અરે પાપી આ તું શું કરે છે? સ્વપ્ને પણ ધારીશ નહી કે હું તારે સ્વાધીન થઈશ નીલજ તને તરૂણ અબળાને પજવતાં લજ્યા નથી આવતી? મનુષ્ય જાતીને ન છાજતા શબ્દો જીભે ઉચરતાં તારી જીભ કેમ ટુટી પડતી નથી. અરે! કદી આ શરીરનો નાશ થાય, આભધરા એક થાય, સુર્ય પશ્ચીમ ઉદય થાય, તોપણ આ સતી પોતાનો ધર્મ તજી તારે આધીન થાય એમ બને નહી. હે પૃથ્વીમાત-આ વખતે ફાટી માર્ગ આપી તારા ઉદરમાં આ માયાવીને કેમ ખેંચી લેતી નથી! જેથી સતીના શીયલનો ભંગ થતો અટકે. હું મારો પ્રાણત્યાગ કરૂં છું. અને મારા આત્મ હત્યાનું ફળ જગતકર્તાની હજુરમાં તું ભોગવજે. એમ સોદાગરના ટેબલ ઉપર પડેલો કટાર હાથમાં લઇ પોતાના પેટમાં મારી પોતાનો પ્રાણત્યાગ કર્યો.

આહા! સાબાશ છે સાબાશ છે! તારી સ્નેહમય અને પવીત્ર લાગણીને, તેં પરસ્પરનો ધર્મ બજાવ્યો અને છેવટ સંસારની માયા તજી દેહનું કલ્યાણ કર્યું. સતી તારા પતી પ્રત્યે પવીત્ર પ્રેમને પણ ધન્ય છે કે તું ધન, માલ, તેમજ સુખશાં

તી વીગેરે વૈભવોને તુચ્છ ગણી એક પતી સેવાને શ્રેષ્ઠ ગણી સત્ય પત્નીપણું બતાવી આપી જીંદગીનું સાર્થક કર્યું. સાબાશ! સાબાશ! પ્રીય વાંચકો—જો દુનીયામાં આવી સ્ત્રીઓ હોય તો પતીને ઘર સંસારી બાબતનું કોઇપણ જાતનું દુઃખ રહે નહી.

આવી સુંદર કાન્તાને મરણ પથ સૌએ જોઇ. પેલા સોદાગરે ઘણી જાતનો વીચાર કરી તેજ કટારથી પોતાનો પ્રાણ પણ ત્યાગ કર્યો. જેમકે—

ગીતિ.

પરનારી પ્રીતે, થયા ખુવાર બહુ રાય રાણાં;
માટે મારૂં માની, તેથી રે'જો દુર અર્થે શાણા.

પ્રીય વાંચકો! આગળના જમાનામાં સ્ત્રીઓ કેવી હતી અને અને હાલની સ્ત્રીઓની કેળવણી કેવી છે તે વીષે એક નીચે ગરબી મુકું છું તે ઉપર લક્ષ રાખી દયાને ખેંચશો-

હાલની સ્ત્રી કેળવણી—રાગ ગરબી.

શું કરશે સારૂં બ્હેન, તારી કેળવણી,
સદગુણની જો નહી હોય, સાથે મેળવણી ટેક
મા, બા, ભૂ. પા શીખ્યાં સારૂં, લખવામાં હુંશીયાર રે;
ઇતીહાસોમાં ચુક ન એક, ચિત્ર વીચીત્ર અપાર; તારી. ૧
ગીતો સુંદર ગાતાં શીખ્યાં, ભુગોળ શીખ્યાં ભાવે રે,

સારી વાક્ય જોડણી કરતાં, ખોટ એકે ન આવે, ઠારી. ૨
મોતીના દાણા સરખાપણ, શીખ્યાં અક્ષર સારારે;
સુત ભમરની વાતો ભુલ્યાં, જાણ્યા જુગતે ધારા. ઠારી, ૩
કદી રાંધતાં જમતાં શીખ્યાં, શીખ્યાં કદી પીરસવારે;
સરખે સરખી સખીઓ સાથે, શીખ્યાં સુંદર હસવા. ઠારી ૪
પાખ્યાં પટકુળ પહેરી અંગે, ઘણાં ઘરેણાં ઘાલીરે;
દેશ દેશની વાતો કરતાં, શીખ્યાં પાડી તાળી. ઠારી. ૫
દેશ કાળને સમજી સઘળી, લાજ લગામ વિસારીરે;
શીખ્યા કરવાસિદ્ધ વાત પણ, મન ગમતી તે સારી. ઠારી ૬
સભા પતિની સન્મુખ ઉભી, શીખ્યાં ભાષણ ભણતાંરે,
શીખ્યાં સાદા સરવાળા કે, ગુણાકારને ગણતાં; ઠારી ૭
ગંજીફા ચોપાટકાં કરી, એવી રમ્મત અનેકરે,
રાત દીવસ રમવાને રાગે, અજાણ હોય ન એક. ઠારી ૮
નાચ તમાસા જોતાં શીખ્યાં, તેમજ ભાંડભવાઇરે;
ચતુર થયાં પણ સગાં સાંઇની, બિસારી ગયાં સગાઈ. ઠારી ૯
ખાટ પલંગ ખુરશીએ બેઠાં, મોજ મજા બહુ માણીરે;
દીનજનોને દુઃખીઆં દેખી, દયા ન દીલમાં આણી. ઠારી ૧૦
હક સ્વામીના સરખાં લેતાં, દેતાં સૌને ડારોરે;
સ્વતંત્રતાનો સ્વાદ ચાખતાં, શીખ્યાં ઝેવો સારો. ઠારી ૧૧

મલે વિનય વિદ્યાથી એવા, વચન વિવેકી કહેરે;
તે વચનોને ભણે ગણે છે, તેમ છતાં લજવે છે. કોરી ૧૨
ભણી ગણીને જે કરવાનું, તે તો રહે છે આળગું રે,
નહિ શીખ્યાનું તે શીખે છે, એવું સંકટ વળગ્યું. કોરી ૧૩
સાર ભણીને જે લેવાનો, તેનો રહેછે દુરરે;
દેશ સુધારક નરનું, તેથી જાય ઉતરી શુર. કોરી ૧૪
સેવકરૂપ છતાં સુધરેલી, સેવ્ય બનીને ચાલેરે;
પતિ પાસ પેજાર મગાવે, મગરૂરીમાં મહાલે. કોરી ૧૫
વિદ્વજનો સંગે નહિ વદતાં, કરે કુજનથી વાતરે;
કદળી બોરડી અંગ રહેતો, છેદે કંટકપાત. કોરી ૧૬
કેળવણીનો અર્થ ન સમજે, આજ કાલના લોકરે;
તેથી પાછળ પસ્તાઇ, પછી મેલશે પોક. કોરી ૧૭
રામશંકર કહે શરમ છે, કેળવણી લજવોછોરે;
જગત દ્રષ્ટિએ ડોલ ઘાલીને, તમે વેશ કેમ ભજવોછો. કોરી ૧૮

ઉપરની બધી હકીકતો માહાત્માના મુખથી સાંભળી પેલો હરિપ્રસાદ બ્રાહ્મણ માહાત્માના ચર્ણાવિંદમાં પોતાનું મસ્તક મુકી વારંવાર નમસ્કાર કરવા માંડયો, અને બે હાથ જોડી માહાત્માને કહેવા લાગ્યો કે—માહારાજ ! મારા ઉપર કૃપા કરી મને વૈરાગ્યની દિક્ષા આપો. કારણ કે દુનિયા મા-

ત્રનો નાશ છે. તેમાં સ્ત્રીપુરૂષ પરસ્પરનો પ્રેમ નહિ જાણતાં પોત પોતાના સ્વાર્થમાં રહેલાં છે. તેમ સંસાર કરવાની મારી પણ અપેક્ષા નથી. માટે મને દિક્ષા આપો. કૃપાળુ મહાત્માએ આ બ્રાહ્મણનાં દીન વચનો સાંભળી તેને દિક્ષા આપી. દિક્ષા આપ્યા બાદ માહાત્માએ પેલા બ્રાહ્મણને નિચે પ્રમાણે કહ્યું. વૃથા કાળ ગુમાવવો નહિ. માન અપમાન પેટમાં રાખવું. દુર્ગુણથી ડરતા રહેવું. તનમનથી મજબુત થવું. સારી રીતે પાળેલા પરાયા ધર્મ કરતાં ગુણહીણ પણ પોતાના વર્ણાશ્રમનો ધર્મ ઊત્તમ છે. પોતાના વર્ણાશ્રમનો ધર્મ પાળતાં અસંખ્ય દુઃખો વેઠવાં પડે અગર મરણ શરણ થવું પડે તો પણ તે ઊત્તમ છે. પરાયો ધર્મ આ લોકમાં તથા પરલોકમાં ભય ઊપજાવનાર છે. માટે સ્વધર્મ ઊપર આસ્થા રાખવી. જે માણસ પોતાનો નીતી ધર્મ છોડીને પારકા ધર્મમાં જાય છે. અથવા પોતાના ધર્મને ખરાબ વચનો કહીને પારકા ધર્મની સ્તુતિ કરે છે. તેના જેવું અજ્ઞાની અને પાપભરેલું કામ બીજું કોઇ સમજવું નહિ. કદી દુઃખી અવસ્થા આવે અને તેથી પીડા પામતા હઇએ તો પણ ધર્મની મર્યાદા છોડવી નહિ જ્યાં સ્વધર્મનું કામ આવે ત્યાં કે ગમે તેવું સંકટ વા દુઃખ વેઠીને પણ તે કાર્ય કરવું એ પવિત્ર મનુષ્યોનો ધર્મ છે.

પ્રકરણ. ૭

સુર્યનાં કીરણો ખીણ ઉપર પ્રકાશતાં હતાં. સંધ્યા સમય હોવાને લીધે ટેકરીઓનાં શીખરો સુવર્ણ સમ દીસતાં હતાં. ખડકો ભાગી ગયેલાં હોવાને લીધે મહેલનાં ખંડીએર જેવાં લાગતાં હતાં. તેનીપર આવી રહેલાં વૃક્ષો વાવટાની ગરજ સારતાં હતાં. સ્વભાવિક રીતે ઉગતાં વૃક્ષો તથા લીલોતરીએ ટેકરીઓને અલૌકિક દેખાવ આપ્યો હતો. એક તરફ જંગલી ફુલો પોતાની વાસ એક સરખી રીતે પ્રસારી રહ્યાં હતાં. બીજી તરફ થોરીઆ અને ભયંકર કાંટાવાળાં વૃક્ષો ટેકરીઓનો બચાવ કરવા ઉભાં હોય એમ જણતાં હતાં. દરેક કાંટાવાળી ઝાડી પાસે ગોકણ અને બીજા ફુલોના રોપા જણાતા હતા. જંગલી ગુલાબ વીગેરે રોપાઓથી ટેકરીઓ એવી ઝુકી રહી હતી કે જાણે હમણાંજ પડશે એમ લાગતું હતું. જંગલી બતકોને તરવાને ભાગ્યેજ પુરતી જગ્યા આપતા નિર્મળ ઝરાઓનો નાનો પણ જોસબંધ પ્રવાહ નાના છોડવાઓને તાણતો ચાલ્યો જતો હતો. કેટલીક વખતે ઝાડીઓમાં અદ્રશ્ય વહેતો હતો તો કેટલીક વખતે ઘણા પહોળા પટ સાંથે પ્રવાહ ચલાવતો હતો. ઉંચા ખડકો અને લીલોતરીવાળી જગ્યાઓનું તેમાં પ્રતિબિંબ પડતું હતું. પણ સુર્યસ્તનો સમય હોવાથી

તે લીલું પડવાને બંદલે સુવર્ણ રંગનું દેખાતું હતું. આ સમયે પેલા ત્રણ મુસાફરો મોતીરામ તથા મનોહરે અને તખ્તસિંહનો મોકલેલો જાસુસ રામસિંહ અહિંઆં આવ્યા અને મોતીરામે રામસિંહને આ ગામનું નામ પુછ્યું.

રામસિંહ—આ ગામનું નામ કૌસલપુર છે અને આ ગામથીજ હું તમને તેડવા આવ્યો છું. માટે ચાલો હવે આપણે ગામમાં જઈ રાજાને મળીએ. એમ કહી તેઓ ચાલ્યા અને રાજાને જઈને મળ્યા. રાજાએ તેમને ઉતરવાનો તેમજ ખાવાપીવાનો બંદોબસ્ત કરાવ્યો. બીજે દીવસે રાજાએ કારીગરોને કચેરીમાં બોલાવીને જે જગ્યાએ મહેલ બનાવવાનો હતો તે જગ્યા તેમજ તેમાં જોઇતી ઘણીખરી ચીજો કે જેનો સંગ્રહ કર્યો હતો. તે બતાવી અને દુનિઆના પ્રખ્યાત તેમજ સુંદર મહેલથી પણ સુંદર મહેલ બનાવવાનું ફરમાવ્યું. અને કહ્યું કે—મહેલ તૈયાર થયેથી તમને દશ હજાર રૂપીઆની મોટી રકમ આપવામાં આવશે. રાજાના આ શબ્દો સાંભળતાંજ બંને કારીગરો ખુશ થયા અને મહેલ બાંધવાનું કામ બીજે દીવસે શરૂ કર્યું. મહેલ બાંધતાં બાંધતાં લગભગ છ માસ વિતી ગયા. એક દીવસે મનોહરને તેની નવી સ્ત્રી યાદ આવી. અને તેણીના આટલી લાંબી મુદ્દત સુધી કંઈ સમાચાર

નહિ સાંભળવાથી મનમાં ઘણુજ દીલગીર થયો. અને તુરત પોતાની પ્રિયા ઉપર પત્ર લખ્યો.

પ્રિયકાન્તા—

પ્રિયા! શું લખું? કે શું અર્પણ કરૂં? મ્હારા ચિત્તમાંથી તારી મનોહર છબી જરા પણ ખસતી નથી અને તારા વિયોગથી મને જે દુઃખ થાય છે તે મારૂં હૃદયજ જાણે છે. તો તે હું તને કેવી રીતે દર્શાવુ? તારી પરમાર્થ બુદ્ધિ અને તારો નિતિયુક્ત વહેવાર મારા મસ્તકને ઘેલું બનાવે છે. અને તારા વિયોગથી હૃદયફાટ દુઃખ ઉત્પન્ન કરે છે. તારૂં ચિત્ત પણ અંદરથી કેટલું ચીરાતું હશે તેની મને ખાસ ખબર છે. તારી પરમાર્થ બુદ્ધિ અને નિતિયુક્ત વહેવાર વારંવાર યાદ આવે છે. પ્રિયા! પ્રેમ કમી નહિ કરતાં વધારે પ્રેમ રાખશો. અને ઈશ્વર સ્તુતિમાં તમારા દિવસો નિર્ગમન કરશો. હું હવે થોડા દીવસમાં મહેલ તૈયાર થયેથી ઘર તરફ આવીશ.

લી૦ મળવાને આતુર

તારો વિયોગી પતી.

આ પ્રમાણે પત્ર લખી એક કાસદ સાથે ચંદ્રાવતી તરફ રવાને કર્યો. થોડા દીવસ પછી મહેલ બાંધવાનું કામ પુરૂ

થયું. મહેલ એવો તો બાંધ્યો હતો કે કોઈ પણ ચિત્રકાર અ-
થવા શિલ્પશાસ્ત્રી ઉત્તમોત્તમ પ્રકારની આકૃતિનો મહેલ બ-
નાવવા અથવા કોતરવાં માગતો હોય તો તેને આ મહેલની
આકૃતિ જોયાથી કોઇ પણ પ્રકારનો સુધારો વધારો કરવાની
ઇચ્છા ન રહે. આવો સુંદર ભભકાદાર અને દીવ્યરૂપ મહેલ
આંખોમાં રમતો હતો જે નજરે જોતાં આનંદમય થઇ જાય
તેવો હતો. મહેલ વિવિધ પ્રકારનાં ચિત્રોથી રંગબેરંગી શણ-
ગાર્યો હતો. જેથી સર્વે મનુષ્યો સંતોષ પામે તથા ખુશી થાય
તેવી કારીગરી કરી હતી. આ મહેલના જેવો બીજો કોઇ મ-
હેલ દુનિયામાં હશે નહિ. મહેલ પુરો થયાના ખબર સાંભળ-
તાંજ રાજા કચેરીમંડળ સાથે ત્યાં આવ્યો. અને મહેલ જોઈ
ઘણો ખુશ થઈ પોતાને બંગલે ગયો. રાત્રે રાજા પોતાના શયન
ગૃહમાં જઈ સુતો અને વિચાર કરવા માંડ્યો કે આ કારીગ-
રોએ દશ હજાર રૂપીઆની મોટી રકમથી આનંદમય થઇને
સૌથી શ્રેષ્ઠ મહેલ બાંધ્યો છે. અને હવે દેશ પ્રદેશ મારા મહે-
લનાં વખાણ થશે વળી તેને વિચાર આવ્યો કે જો કોઈ બી-
જો રાજા આ કારીગરોને મારા કરતાં પણ મોટી રકમ આપી-
ને મારા મહેલ કરતાં પણ સુંદર મહેલ બંધાવે તો મારા મ-
હેલનાં થતાં વખાણ બંધ રહે. આથી તેને તે કારીગરોને મા-

રી નાંખવાનો વિચાર કરી સઘળી હકીકત તેની રાણીને જાહેર કરી. આ બધી હકીકત તેના પેહેરેગીર લાલસીંગે જાણી. લાલસીંગ ઘણો લોભી તેમજ દાવપેચી હતો તેથી તે સઘળી વાત તેણે બીજે દીવસે બસો રૂપીઆ લેવાની શરતે તેમને જાહેર કરી. સવારના દશ વાગતાં બંન્ને કારીગરો રાજાની હજુરમાં દાખલ થયા. અને વિનંતી કરી કે મહારાજ ? આ મહેલ બાંધવામાં અમે અમારી બધી કારીગરી વાપરી છે. પણ તેમાં એક જીવન દોરી મુકવી બાકી છે. અને જીવનદોરી ભુલથી માહારે ઘેર રહી ગઇ છે. માટે આપ મને અગર મારા દીકરાને તે લેવા જવાની રજા આપશો. રાજાએ તેમાંના કોઈને રજા આપી નહિ. અને કહ્યું કે—નોકર પૈકીના એક માણસને મોકલીને મંગાવી લઈશું.

મોતીરામ—જીવનદોરી જેવી ચીજ અમારા બંને તેમજ આપ તેમજ આપના કુંવર સિવાય તે દોરી અમો કોઈને આપતા નથી. કારણકે જીવનદોરી બીજા કોઇના હાથમાં આવવાથી તે અમારો ધંધો શીખી જાય. અને તેથી અમને નુકશાન થાય એમ રાજાને સમજાવ્યું. તેથી રાજાએ પોતાના કુંવર સુર્યસિંહને જીવન દોરી લાવવા ફરમાવ્યું. બીજે દીવસે કુંવર પોતાના પિતાની આજ્ઞા પ્રમાણે, ચંદ્રાવતી તરફ

જવાને તૈયાર થયો. અને કારીગરને તેની સ્ત્રી ઉપર પત્ર લખી આપવા ફરમાવ્યું. કારીગર નીચે મુજબ પત્ર લખી આપે છે.

પ્રિયકાન્તા.

પ્રિયા તારૂં હૃદય મેં સંપુર્ણ રીતે અનુભવ્યું છે. તારા પ્રેમનો મને પૂર્ણ અનુભવ થયો છે. તારો મારા પ્રત્યે મારાથી અધિક સ્નેહ છે. તે હું સારી રીતે જાણું છું. છતાં અબળા નામથી ઓળખાતી તેં અસહ્ય ભાર સહન કરી પરમાર્થ બુદ્ધિ દર્શાવી છે. જે અણગમતા સંસારમાં મન પેરવી મને સુધાર્યો. એ તારી અધાઢ્ય શક્તિ સ્વરૂપ ધન્ય છે. મેં પ્રત્યક્ષ અનુભવ્યું છે કે—તારા વિનાનું ભાગ્ય એજ દુર્ભાગ્ય. તારૂં સુંદર સ્વરૂપ મારા પ્રાણ હરી જશે. મારા હિત અર્થે તારાથી સમુદ્રના સમુદ્ર પી જવાશે. મારામાં એટલું બળ નથી. તારાથી હું ભાગ્યશાળી થયો છું અને મને સારી રીતે સમજાવ્યું કે સંસારના સમૃધિવાન મારે નહોતુ થવું કે સંસારના કિર્તીવાન મારે નહોતુ થવું કે મોટામાં નહોતુ ગણાવું પ્રિય? મને માર્ગ દર્શાવ અને આ આવેલા રાજકુમારને (સુર્યસિંહને) જીવનું દોરી આપ જેથી અમો અને અમારા પિતાશ્રી છુટા થઈ તે તરફ આવીએ.

લી॰ વિયોગી.

આવો પત્ર લખીઆપે છે તે પત્ર લઇ કુમાર સુર્યસિંહે ચંદ્રાવતી નગરીનો રસ્તો લીધો. કેટલેક દીવસે ચંદ્રાવતીએ આવી પહોચ્યા અને મોતીરામ કારીગરનું ઘર શોધી કાઢી લાવેલો કાગળ મનોહરની સ્ત્રી કાન્તાને આપ્યો. કાન્તાએ પત્ર વાંચ્યો. અને મન સાથે જીવનદોરી વિષે વિચાર કર્યો કે જીવનદોરી એટલે મારો સ્વામી અને મારો સસરો. જે મારૂં પાલણપોષણ કરે છે તો મારી જીવનદોરી તો ત્યાં છે. જેથી મારા પતિને તેમજ સસરાને ત્યાં કંઇ હરકત થવી જોઈએ. એમ વિચાર કરીને આવેલા કુમાર સુર્યસિંહને પોતાના મકાનમાં કબજે કર્યો.

કાન્તાએ પેલા રાજકુમાર સુર્યસિંહને પોતાના મકાનમાં ભોંયરૂ હતું તેમાં યુક્તિથી તથા ચાલાકીથી દાખલ કર્યો. તે ભોંયરામાં જોઇતી ચીજોનો સંગ્રહ પ્રથમથીજ તૈયાર રાખ્યો હતો. તેમ રસોઇ માટે એક બ્રાહ્મણ નામે હરગોવનને તે ભોંયરામાં રાખેલો હતો. જેવો તે રાજ્યકુમાર ભોંયરામાં દાખલ થયો તેવોજ તે બાઈએ ભોંયરાનું બારણું બંધ કરી દીધું. જેથી તે રાજકુમાર ગભરાયો. ભોંયરાનાં દ્વાર બંધ થવાથી મોટો નિઃશ્વાસ મુકી તે રાજકુમાર અસહ્ય દુઃખનો અનુભવ ગળતે આંસુડે ચાલવા લાગ્યો. ભોંયરામાં અધિક વિકટ જગો હે-

ખાવા લાગી. ગ્રીષ્મનો અપાર તાપનો ઉકલાટ સહન કરતો ધીમે ધીમે ભોંયરાના દરેક હોલ જોતો હતો.

પ્રિય વાંચક—રાજ્યકુમાર જેવા પુરૂષને આ વિકટ મારગે ચાલવું કેટલું દોહલું હશે? આ વેળાએ તે રાજકુમાર પોક-પોક મુકીને રડવા માંડયો. એ દુઃખમાથી છોડાવનાર પોતાનો કોઇ પણ ત્રાતા જાગશે. એવા કારણથી તે ભોંયરાના હોલે હોલ જોવા લાગ્યો. અને ધીમે ધીમે ભોંયરાની બેઠકો તેમજ ખુરશીઓ, પલંગો, વીગેરે જોતા જોતા એક હોલમાં ગયો. ત્યાં પેલો હરગોવન બ્રાહ્મણ રસોઇ કરતો હતો તે જોઇ પ્રથમ રાજકુમાર બીકના લીધે સ્તબ્ધ બની ગયો પણ હિંમત લાવી રાજકુમાર સુર્યસિંહ બોલ્યો કે હે બ્રાહ્મણ! તમે કોને માટે આ રસોઇ કરો છો? ત્યારે હરગોવને જવાબ આપ્યો કે કુમાર શ્રી આ રસોઇ આપને માટેજ થાય છે. ત્યારે કુમાર શ્રીએ કહ્યું કે હે બ્રાહ્મણ આ બાઇ ઘણી હોંશિયાર, વિવેકી, અને પ્રમાણીક જણાતી હતી છતાં આમ એકાએક મારી સાથે દગો કર્યો તો હવે અહિં મારો કોણ ધણી? તેમ આ બાબતની ખબર મારા પિતા શ્રીને કોણ આપશે? હે કૃપાળુ મહારાજ! મારા ઉપર કૃપા કરી મને રસ્તો બતાવ મને કંઇ સુજ પડતી નથી. ત્યારે હરગોવન મહારાજ બોલ્યા કે—હે રાજકુમાર જરા ધ્યાન દઇ સાંભળ. ગીતામાં કહ્યું છે કે—

सर्व धर्मान परित्यजा मामेकं शरणं व्रजः ॥
अहंत्वा सर्व पापेभ्यो मोक्षायष्यामि मामुंचः

गी. अ. १८ श्लो. ३६

અર્થ—સર્વ ધર્મને છોડીને માત્ર મારેજ શરણે આવ, તું શોક કરમાં. હું તને સર્વ પાપથી છોડીશ ને મોક્ષ આપીશ. માટે હે રાજ્યકુમાર તારા મિથ્યા વિચારો દૂર મુકી આ એકાન્ત સ્થળે ઈશ્વરની ભકિત કર. ઇશ્વર તને સહાયરૂપ થશે. વળી પરીબ્રહ્મ નારાયણે અર્જુનને કહ્યું છે કે—

दंभो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेवच।
अज्ञानंचाभिजातस्य पार्थसंपदमासुहीमः

गी. अ. १६ श्लो. ४

અર્થ—હે અર્જુન, દંભ, દર્પ, અહંકાર, ક્રોધ, પારૂષ્ય, અને અજ્ઞાન એ આસુરી સંપત્તિ છે. એવી આસુરી સંપત્તિમાં ફસાઈ જવાથી સાચી ભકતી થઇ શકે નહિ. માટે કોઈપણ નાશવંત ચીજનું અભિમાન નહિ કરવું જોઇએ. માટે હે રાજકુમાર તારે પણ આ બાબત ખુબ લક્ષમાં રાખવું. વળી કહ્યું છે કે—

अपिचेत्सुदुराचारो भजतेमामनन्यभाक्।
साधुरेवसमंतव्यः सम्यग्व्यवसितोहिस ॥

क्षिप्रंभवतिधर्मात्मा, शश्वच्छांति निगच्छति ।
कौंतेयप्रतिजानीहि नमे भक्तः प्रणश्यति ॥

अ. ९ श्लो. ३०–३१

અર્થ—બહુ પાપી માણસ પણ જો અનન્ય ચિતવાળો થઇને મને ભજે તો.તે તેને શ્રેષ્ઠ માનવો કારણકે તે ઉત્તમ નિશ્ચયવાળો છે. તે પાપી માણસ પણ મારા ભજનથી તુરત ધર્માત્મા થાય છે અને હમેશની શાંતી પામે છે.

वासांसिजीर्णानि यथाविहायनवानिगृह्हणानिनरोऽपराणि
तथाशरीरानीविहायजीर्णान्यन्यानि संयातिनवानिदेहि ॥

अ. २ श्लो. २२

અર્થ—જેમ માણસો જુનાં લુગડાં તજી દઇને બીજાં નવાં લુગડાં પહેરે છે. તેવીજ રીતે આ જુના શરીરને છોડીને જીવ બીજાં નવાં શરીરો ધારણ કરે છે. વળી સાંભળ—

लभंतेब्रह्मनिर्वाणमृषयक्षीणकल्मषाः ।
छिन्नद्वैधांयतात्मानः सर्वभुताहितेरताः ॥

અર્થ—જેનાં પાપ કપાઇ ગયાં છે. જેના સંશય મટી ગયા છે. જેનું મન પોતાને વશ છે. અને જે પ્રાણીમાત્રનું ભલુ ઇચ્છાવાળો છે. તે ભક્ત મુકિત પામે છે. વળી હે રાજન દુઃખ

આવી પડયાથી દીલ ગીર થવું એ પ્રભુની સામુ થયા જેવું છે. કારણકે પરમકૃપાળુ પ્રભુનો હુકમ માનવાને આપણે આપણા ધર્મથી બંધાયેલા છીએ. એટલુંજ નહિં પણ આપણા શરીરની રચના તથા જગતની પ્રકૃતિના બંધારણથી આપણે પ્રભુનો હુકમ માનવાને બંધાયેલા છીએ. એ સિવાય બીજું એ પણ સમજવાનું કે આપણી ઉપર જે દુઃખો આવી પડે છે, તે ભોગવવાનો પ્રભુનો હુકમ છે. એટલુંજ માત્ર નહિ પણ એ દુઃખો ઈશ્વરનાં મોકલેલાં છે અને તે ભોગવવાની ઈચ્છા ન રાખીએ તોપણ તે ભોગવવાંજ પડે. તેમાંથી છુટી જવાનો કોઈ પણ ઉપાય નથી. કારણકે પાપની શિક્ષા કરવા માટે તથા પાપથી બચવા માટે કૃપાળુ પ્રભુએ આપણી ઉપર દયા કરીને દુઃખો મોકલ્યાં છે. એટલે તે ભોગવ્યા વિના છુટકો નથી માટે હે રાજન તું તારા બધા વિચારો કોરે મુકી ઈશ્વરની સ્તુતિ કર ! તો તારૂં ભલું થશે. આવી રીતે ઘણા ઉપદેશો આપ્યા છતાં તે રાજકુમાર ઘણોજ ગાભરો બની ગયેલો જોઈ પેલો ભોંયરાવાળો બ્રાહ્મણ કહે છે કે—

"અહો રાજ્યકુમાર ! આપ આટલા બધા આતુર શાને અર્થે થયેલા છો ! શું આપની કોઈ અમુલ્ય વસ્તુ ખોવાઈ ગઈ છે ! અથવા શું કોઈ પ્રિય મનુષ્યનો વિયોગ થયો છે ! કિંવા

તમારા ચિત્તને કંઇ મોહ થઈ આવવાને લીધે આમ હાવરા બાવરા થઇને દોડાદોડ કરી રહ્યા છો? કે કશું કૌતક જોવામાં આવ્યું છે? શાન્ત થાઓ, શાંન્ત થાઓ. અને આપને આ પ્રમાણે મોહ થવાનું કારણ શું છે તે કૃપા કરી કહો?"

એ સાંભળી ક્ષણભર વિચાર કરી રાજ્યકુમાર બોલ્યો હે બ્રહ્મ? હું આતુર નથી, મારી અમુલ્ય વસ્તુ ખોવાઇ નથી, તેમ મોહે નથી, તું કહે છે એમાંનું કશુંએ નથી. પણ હામને કૌતક થયું એ ખરૂં, જેના વિયોગથી હું આટલો બધો આતુર છું, ને જે મને પ્રત્યક્ષ પ્રાપ્ત થયા છતાં જાણે કોઈ વખત પ્રસંગ પણ પડયો નથી તેમ ઘણી હોંશિયાર અને સકોમળ મુખારવિંદવાળી સ્ત્રી તેને જોઈ આ જીવ પરવશ થયેલો છે. માટે હે બ્રાહ્મણ? કૃપા કરી મને ફરીથી તે બાઇ કાંન્તા સાથે વાત કરાવ. તેમ નહિ થશે તો આ પરવશ જીવ આ દેહ છોડી થોડી વારમાં લાંબા પ્રદેશનો રસ્તો પકડશે. તમારી કલ્યાણકારીક સલ્લાહથી આ દેહ શાંન્તી પામતો નથી. અને વારંવાર આ જીવ તે સ્ત્રી તરફ દોરાય છે. માટે કૃપા કરી તે સુંદર કાન્તાને બોલાવ અને આ પરવશ જીવને શાન્ત કર. ત્યારે પેલો બ્રાહ્મણ કહે છે કે સાંભળ—

હે રાજન—ગમે તેવા જ્ઞાનીને પણ મોહ થાય છે ને તેથીજ મહાત્મા પુરૂષો ઘણા ચેતીને ચાલે છે. પ્રભુ સર્વેશ્વરની માયા એટલી અદભુત શક્તીવાળી છે કે તેના ભુલાવામાં ભલા ભલાઓ ભુલા પડી ગયેલા છે. બ્રહ્મદેવ, શંકર, નારદ, ઇંદ્ર, ચંદ્ર, આદિક અનેક સમર્થ પુરૂષોને માયાએ ઘણીવાર ભુલાવ્યા છે તો મનુષ્યનું ગજુ? એ ભુલાવો આત્માને નહિ પણ મનને થાય છે કેમકે મન જડ છતાં ચંચળ સ્વભાવનું હોવાથી, જે માર્ગે વધારે બળથી ખેંચવામાં આવે તે માર્ગે ઘસડઇ જાય છે. તે આત્માની જીવની સાથે એક રસપેરે જોડાઈ રહેલું હોવાથી તેની સઘળી ક્રિયા આત્માને લાગુ પડે છે. એટલા માટે મહાનુભાવ પુરૂષો મનને કિંચિત પણ અવકાશ આપતા નથી. નિરંતર તેને સ્વાધિનમાંજ રાખે છે. જરાક પણ છુટું સ્વતંત્ર થવા પામ્યું તો તેતો પોતાના સ્વભાવને અનુસરીને ગમે તેવો ઉત્પાત માંડી બેસે છે. ને તેથી ગમે ત્યાં ફસાય છે. બીજા સાધારણ પુરૂષો તો શું પણ સાક્ષાત ઇશ્વરના અંશરૂપ જગતના કલ્યાણ સારૂ જન્મેલા પુરૂષોએ પણ પોતાના મનને અવકાશ આપ્યો નથી તો આ સંસારી જીવ તે કોણ માત્ર? જો મનને સ્વતંત્રતા આપી તો ગમે તેવા જ્ઞાનીને પણ મોહ થશેજ. તેને માટે એક સત્યઇતિહાસ હું કહું છું તે શ્રવણ કર.

चतुर्विधा भजंते मां जनाः सुकृतिनोऽर्जुन ।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥

હે ભરત વંશમાં શ્રેષ્ટ અર્જુન ભલાં કામ કરવાવાળા ચાર પ્રકારના લોકો મને ભજે છે—૧ દુઃખી—૨ ધર્મને તથા પ્રભુને જાણવાની ઇચ્છાવાળા—૩ ભોગ ભોગવવાનાં સાધનો મેળવવાની સમજવાળા ૪ જ્ઞાની—હે રાજન—આ ચાર પ્રકારના ભકતોમાં દુઃખીઆઓને પ્રભુએ પ્રથમ ગણાવેલા છે તે એટલાજ સારૂ કે માણસો એમ સમજે છે કે દુઃખ એ માત્ર દુઃખજ નથી પણ દુઃખમાં પ્રભુની ભકિત છે. અને દુઃખથી તો પાપથી બચી શકાય છે. પણ જેમ પશુઓને ગોવાળની લાકડી ગમતી નથી. તેમ આપણને દુઃખ ગમતાં નથી. પણ પશુઓને એમ ક્યાં ખબર છે કે એ ગોવાળની લાકડી વગર સરકારી ડબામાં પુરઇ જવાય. એ લાકડી વગર તો સાંજે પોતાનાં વાછડાં પાસે પ્યાર કરવાને પોંચી શકાય એ લાકડીને આધિન યથા વિનતો ધણીના ઘરની ચાર ન ખવાય અને એ લાકડી વિનાતો વખતે જંગલી જાનવરના મોઢામાં જઇ પડાય, એવું ન થાય માટે પશુઓને ન ગમે તો પણ ગોવાળની લાકડીની જરૂર છે. અને એ લાકડીમાં મજે છે. તેમજ આપણને દુઃખ ગમતાં નથી પણ સમજીએતો તેમાં બહુ આનંદ છે.

પશુઓને લાકડી મારવાનો કોઈ ભલા ગોવાળને શોખ હોતો નથી. પણ પશુઓ આડે મારગે ન જાય માટે તેને હાંકવાં પડે છે—તથા વખતે લાકડી પણ મારવી પડે છે. એવી રીતે લાચારીથી કોઈ વખત પશુઓને લાકડી મારવી પડે તો તે ગોવાળને પોતાને ખાતર નહિ પણ પશુઓનાં ભલાને માટે હોય છે. આપણે પાપમાં ન પડીએ અને પ્રભુને યાદ કરીએ તે સારૂજ આપણને કંઇ કંઇ અડચણો આવી પડે છે. પણ સુખ કરતાં દુઃખમાં પ્રભુ વધારે યાદ આવે છે.

વળી—હે રાજકુમાર આપણી રોજની ભૂલો જાણવાથી અને તે સુધારવાથી આપણા કર્મો સુધરે છે. કર્મો સુધરવાથી દુનિયામાં વૃદ્ધિ થાય છે વૃદ્ધિએ સૃષ્ટીનું કર્મ છે. વૃદ્ધિ એ પ્રકૃતિનો સ્વભાવ છે. વૃદ્ધિએ પુરૂષાર્થની નીસાની છે. વૃદ્ધિમાં ભવ્યતાથી કુદરત નાચી રહે છે, વૃદ્ધિથી મનુષ્યની અભિલાષાઓ સંતોષાય છે. વૃદ્ધિ એ ઇશ્વરની પ્રસન્નતા છે. અને વૃદ્ધિ એ ઇશ્વરની લીલાનો વિસ્તાર, અથવા વધારે ખુલ્લા શબ્દોમાં કહીએતો ઈશ્વરનું બહુ રૂપે પ્રગટ થવું તેનું નામ વૃદ્ધિ છે. આ બધું અને એ કરતાં ઘણું વધારે કર્મથી થાયછે સર્વ ઉપાસનાનું એ ફળ છે. સર્વે પુરૂષાર્થમાં એ પુરૂષાર્થ છે. સર્વ સિદ્ધિઓની એ સિદ્ધિ છે. સર્વે સંસારમાં જે કોઈ પા-

મવા જેવુ છે તે-સાર છે-તે એ છે-સર્વે આનંદોનો આનંદ એ છે. અને જીંદગીની સાફલ્યતાએ જીવન મુક્ત છે ધન્યછે. ધન્ય છે. જ્યાં કલેસ નથી જ્યાં મેળવવાનું નથી, જ્યાં ખોવાનું નથી, જ્યાં હરીફાઇ નથી, જ્યાં અહંભાવ નથી, જ્યાં મનોવિકાર નથી, જ્યાં પુન્ય પાપ નથી, જ્યાં મારૂ તારૂ નથી, જ્યાં ભય નથી, જ્યાં અખંડ શાંન્તી છે જ્યાં જ્ઞાતા જ્ઞાન અને જ્ઞેયનો ભેદ નથી અને જ્યાં દ્રસ્ય દ્રષ્ટાંપણું નથી તે અખંડ સ્થિતિને તે સ્થિત પ્રજ્ઞપણાને તે બ્રહ્મનિષ્ટ પણાને તે જીવન મુકતને ધન્ય છે. પણ યાદ રાખજો કે કર્મથીજ કૃતાર્થ પણું પ્રાપ્ત થાય છે. કર્મની સીડીથીજ એ કૃતાર્થતાના આનંદ મંદિરમાં પહોંચાય છે. કર્મમાં આટલું બધું બળ છે. માત્ર બળજ નહિ પણ સર્વસ્વ કર્મમાં ગતિમાંજ છે. એટલુંજ નહિ પણ કર્મ કર્યા વિના કોઇ પણ સ્થિતી કે દેશકાળમાં એક ક્ષણ માત્ર રહી શકાય તેમ નથી. જ્યારે આટલું બધું અને એ કરતાં પણ ઘણું વધારે કર્મમાં છે. કહો કે ઇશ્વરમાંથી કર્મ છે અને કર્મમાં ઇશ્વર છે ત્યારે આપણી ફરજ છે કે બને ત્યાં સુધી કર્મને તેના ખરા રૂપમાં સમજવું જોઇએ કર્મ કરવું એ આપણને જેટલું કઠીન લાગે છે તે કરતાં કર્મને તેના ખરા સ્વરૂપમાં સમજવું એ વધારે કઠિન અને મુશ્કેલ છે.

જો કર્મ તેના ખરા સ્વરૂપમાં સમજાય તો ઈશ્વરની અને આ-
પણી વચ્ચે જે અંતર આપણે માની એ છીએ તે દૂર થઇ
જાય એજ મનુષ્ય જીવનની સાર્થકતા છે. અને એનુ નામજ
મોક્ષ છે. પણ મુશ્કેલ છે. કારણ કે અનેક જન્મોના પૂરા અ-
નુભવ વિના પુર્ણસિદ્ધિ વિના, પુર્ણજ્ઞાન વિના, અહંભાવ છોડયા
વિના, વૈરાગ્ય જાણ્યા વિના, કર્મનું ખરૂ સ્વરૂપ સમજાતુ નથી.

માટે હે રાજકુંમાર તારા ખરા, અવિચારો કોરે મુકિ
ઇશ્વર સ્તુતિ કર જેથી તારા દુઃખોનો નાશ થઈ સુખનો વ-
ખત આવે. આવી રીતે ઘણો ઉપદેશ પેલા હરગોવન મહારાજે
રાજકુમારને આપ્યો છતાં રાજકુંવર સંતોષ ન પામ્યો અને
બોલી ઉઠયો કે—પ્રિયમહારાજ—ગમે તેમ કરો પણ મને કાં-
ન્તાની મુલાકાત કરાવ—આવા રાજકુમારના મોઢેથી નીકળેલા
શબ્દો કાને પડતાંજ કાંન્તા બોલી ઉઠી કે હે રાજ્યકુમાર તારા
મિથ્યા અવિચારો કોરે મુકી શાન્તપણે ઇશ્વરભકિત કર. કે
તારૂ કલ્યાણ થાય—પરંતુ તારા બાપ જેવો લોભીષ્ટ, વિશ્વાસ
ઘાતી, અને નિર્દય નહિ થવા તું વધારે કાળજી રાખ જેથી
તારી કીર્તિસ્થંભ આ વિશ્વમાં અચળ રહેશે.

રાજકુમાર—હે સુંદરકાન્તા—તારો મનોહર ચેહેરો તેમજ
તારૂં મધુર ભાષણ સાંભળી આ ચળીત મન તારી તરફ દોરાય

છે. માટે આ જીવને પ્રેમનું આલીંગન આપી શાંન્ત કર.

હે કાન્તા ! જરા વિચાર કરી અને મારા જેવા રાજકુમારની માગણી સ્વીકાર.

કાન્તા—હે મુર્ખ અવિચારી રાજકુમાર તું આટલો બધો હાથમાં છતાં ખોટિ મિથ્યા અને નાશવંત ચીજની અપેક્ષા રાખે છે ? તો તને ધિક્કાર છે વળી જગતગુરૂ જે બ્રાહ્મણ તેને આપેલા દાખલાઓ તારા મનને સંતોષ ન પમાડતાં આ નાશવંત અને અલ્પસુખની ઇચ્છા રાખે છે ?

રાજકુમાર—મારી વહાલી કાન્તા—નિચેના કવિત ઉપર જરા ધ્યાન આપ ?

કવિત.

ચલવો ગગન પંથ, મલવો મહીર લોક;
દલવોરીપુકો દલ, સહસ્ત્રથી હીનહે.
ધરવો ધરાકો ભાર, કરવો હરાકો હેરી;
ખાયબો હલા હલકુ, લાયબો ફનીશ મણી.
ધાયબો ખગેશ સંગ, બને કોઇ દીનહે;
રેહબો આહાર બીન, કહેબો ભાવિષ્ય હોન.
સબહી સહેલ, કામ દહબો કઠીન હૈ;

પ્ર. શ્લો.

હે સ્રી ઉપરં કહેલું બધું સહેલ છે. પરંતુ કામ વશ

કરવો એ ઘણો કઠીન છે. હું તને વારંવાર અને ઘડીએ ઘડીએ કહું છું કે આ પરવશ જીવને પ્રેમનું આલીંગન આપી શાંન્ત કર. વળી ઇંગ્રેજીમાં કહ્યું છે કે—

The treasures of the deep are not so precious.
As are the concealed comforts of a man.
Locked up in woman's love, I scent the air.
Of blessings when I come but near the house.
What a delicious breath marriage sends forth.
The violet be's not sweeter.

અર્થ—સ્ત્રીના પ્યારની અંદર રહેલાં માણસનાં ગુહ્ય સુખો જેવાં કીમતી છે તેવો દરિયાનો ખજાનો કીમતી નથી. જ્યારે હું ફકત ઘરની નજદીક આવું છું ત્યારે મને સુખનો પવન વાય છે. લગ્ન કેવો સ્વાદીષ્ટ પવન મોકલે છે. વાયોલેટ નામના ફુલની પથારીની વાસ પણ એવી મધુર નથી

Fie! fie! unknit thy threatening unkind brow.
And dart not scornful glances from thy eyes.
To wound me who wish to be thy husband.
It blots thy beauty as frosts bite the meads.
Confounds thy fame as whirlwinds shake fair buds.
And in no sense is meet or amiable.

અર્થ—છીંટ? છીંટ? હું જે તારો પતિ થવાને ઇચ્છું છું તેને દુઃખ લગાડવાને તારાં ધમકીવાળાં અને કૃપારહિત ભવાં છે તે કાઢી નાંખ અને તારી આંખોમાંથી ધીક્કારની દ્રષ્ટીથી જો નહિ. જેવી રીતે ઝાકળ લીલા ઘાસને બાળી નાંખે છે તેવી રીતે આ તારી સૈંદર્યતાને ડાઘ લગાડે છે. અને જેવી રીતે વંટોળીઓ ઝાડની સુંદર કળીઓને હલાવી નાખે છે તેવી રીતે તારી કીર્તિને ગોટાળામાં નાંખે છે અને કોઈ પ્રકારે તને આ ઘટીત નથી. માટે હે સ્ત્રી મારૂં કહ્યું માન્ય કર. અને પ્રેમનું આલીંગન આપી આ ભ્રમીત ચીતને શાંન્ત કર.

કાન્તા—આટલો બધો ઉતપાત આપ મિથ્યા કરોછો. આમાં આશ્ચર્યકારક તમને શું જણાય છે. કે જેને અર્થે આપ શોક કરો છો ? આ ખેદ શો ? આ મોહ શો? આ ભ્રમ શો ? શાને અર્થે તમે આટલી બધી ચિંતા કરો છો ? વિચાર કરી જોશોતો તમને સ્પષ્ટ માલુમ પડશે કે સ્ત્રી નર્કનું દ્વાર છે. છતાં હે રાજકુમાર તારી વૃત્તિ કેમ અશુભ મારગે ચડે છે. શાંન્ત થાઓ ? શાંન્ત થાઓ ? અને બ્રાહ્મણનાં સંભળાવેલાં વાક્યો યાદ રાખો. જેથી તમારી મનોવૃત્તિ સ્થિર થશે. તેમ છતાં હું એક લૌકિક વાર્તાનું દ્રષ્ટાંત આપને આપું છું તે પર વિચાર કરી પછી ખેદ કરો.

પ્રકરણ ૮ મું

એક સમય કોઇ એક રાજા પોતાના કારભારી સાથે હવા ખાવા માટે ગામ બહાર નીકળ્યો હતો. ચાલતાં ચાલતાં એક જંગલમાં આવી પહોંચ્યો. ત્યાં આગળ એક ગોવાળીઓ બેઠો બેઠો વાંસળી વગાડતો હતો. તે વાંસળીનો મધુર સ્વર સાંભળી રાજા કારભારી પ્રત્યે બોલ્યો કે—આ મનુષ્ય વાંસળીના શોખમાં કેવો ગુલતાન બની ગયો છે ? ત્યારે કારભારીએ જવાબ આપ્યો કે આ માણસ ઘણો દુઃખી છે તેથી તે બિચારો વગડામાં આવી દુઃખનો વિસારો કરે છે આપ સમજતા હશો કે—તે શોખથી વગાડે છે. પણ તેમ નથી. તેની બઇરી વ્યભિચારણી હોવી જોઈએ. અને તેજ કારણથી આ ગોવાળીઓ દુઃખનો વિસામો ખાય છે. કેમકે જે પુરૂષના ઘરમાં સ્ત્રી ખોટી ચાલની હોય છે તેનું મન હમેશાં શોક સંતાપરૂપ અગ્નીથી બળતું રહે છે. અને સર્વે સંસાર શોકમય અને અકારો લાગે છે. મરણ વહાલું ગણે છે? મહા ઘોર પાપનો ઉદય થાય ત્યારેજ વ્યભિચારણી અને કર્કશા સ્ત્રીનો સમાગમ થાય એ સ્ત્રીના સહેવાસ કરતાં લાખ દરજ્જે મરવું સારૂં. આવા દુઃખનો વિસારો કરવા આ ગોવાળ અંતરે વાંસળી વગાડી પોતાના દીલને ખુશ રાખે છે. ત્યારે રાજા બોલ્યો—હે કારભારી

તું આ શા ઉપરથી કહે છે ! જો એમજ હોય તો મને નક્કી કરી બતાવ ત્યારે કારભારી કહે છે કે મહારાજ ! તમો બોલ્યા ચાલ્યા વગર મારી કેડે કેડે આવો હું તમને નક્કી કરી બતાવું પછી તે રાજા તથા કારભારી ગોવાળ પાસે ગયા. અને કારભારીએ પેલા ગોવાળને લાંબો હાથ કરી રામરામ કરી બોલ્યો કે ભાઈ ! ખુશીમાં છો ? અને આપણા ઘરમાં સો કુશળ છે ? આવું બોલવું સાંભળી પેલો ગોવાળતો સ્તબ્ધ બની ગયો. તે જોઇ પેલો કારભારી બોલ્યો કે—કેમ ભાઈ મને ન ઓળખ્યો ? હું તારો મોટો ભાઈ છું. તું જ્યારે નાનો હતો, ત્યારે હું પરદેશ કમાવા ગયો હતો. ત્યાં ઘણાં વર્ષો રહી સારા પૈસા પેદા કરી સર્વે સગાંઓને મળવા આવ્યો છું. તે સાંભળી ગોવાળ બોલ્યો કે ભાઇ હું તમને ઓળખી શકયો નહિ. તે માફ કરશો. ભાઇ પેલું સામું ઘર દેખાય છે તે આપણું છે. તમો ઘેર જાઓ હું પણ થોડીવારે ઘેર આવું છું. તમારી ભોજાઈ ઘેર છે. માટે તમારી આગતા સ્વાગતા કરશે. પછી તે રાજા તથા કારભારી ગોવાળને ઘેર ગયા અને જુવે છે તો ઘર માંહેની બાજુંથી બંધ હતું કમાડની ફાડમાંથી કારભારી જુએ છે તો એક જાર પુરૂષની સાથે ગોવાળની સ્ત્રીને ઘણું આનંદમાં જોઇ તેથી કમાડ ઠોકી કારભારી બોલ્યો કે—કમાડ ઉ-

ખાટો કે આ અવાજ સાંભળી પેલી બાઈ બોલી કે કોણ છે?
ત્યારે કારભારીએ જવાબ આપ્યો કે કોઈ નહિ. હું તમારો
જેઠ છું. આ શબ્દ સાંભળી પેલી સ્ત્રી તો ઘણી ગભરાઇ ગઈ.
અને ધીમે રહીને પોતાના યારને સંતાડવાની ગોઠવણ કરવા
લાગી. છેવટે એક માટીની કોઠીમાં તે જારપુરૂષને સંતાડી ક-
માડ ઉઘાડ્યાં. અને બહાર આવી ખાટલો પાથરી આપ્યો.
એટલામાં તો પેલો ગોવાળ પણ આવ્યો. અને તુરતજ પોતા-
ની સ્ત્રીને કહ્યું કે તું રસોઈ કર, ત્યારે કારભારી બોલ્યો કે—
અમે જમીને આવ્યા છીએ હું તો ફકત તનેજ તેમ સાં
વહાલાંને મળવા માટે આવ્યો છું. એવી રીતે વાતો કર્યા બાદ
કારભારી બોલ્યો કે ભાઇ! અતરેથી અમો બે ગાઉ છેટે પડે·
લા છીએ. ત્યાં પાણી ભરવા માટે વાસણની ઘણી તંગાસ છે.
માટે એક કોઠીની જરૂર છે. તો પેલી સામી કોઠી છે તે અ-
મને આપશો. ત્યારે ગોવાળે કહ્યું કે મારે તે કોઠીની જરૂર
નથી તમો સુખેથી લઇ જાઓ. આવું પોતાના પતિનું બોલવું
સાંભળી પેલી સ્ત્રી આનાકાની કરવા લાગી. જ્યારે તે કોઠીને
ઉચકી બહાર લાવવા તે ગોવાળ ગયો તેવામાં કારભારી બો-
લ્યો કે, તે કોઠી કાચી છે માટે તું છાંણાં લાકડાં લાવ. તે કો
ઠી અમે પકવીને લઇ જઇશુ, પછી પેલો ગોવાળ છાંણાં લા-

ફડાં લેવા ગયો. આ બનાવ જોઈ પેલી સ્ત્રી ગાભરી બની ગઈ અને વિચાર કરવા લાગી કે હવે મારૂં સતીપણું બહાર આવશે. એટલુંજ નહિ પણ મારો યાર પણ બળી મરશે હવે શું કરવું ! છેવટે પોતાના યારના બાપ પાસે પહોંચી અને કહ્યું કે તમારા દીકરા જોડે મારે ઘણી વખતથી દોસ્તી છે. છતાં આજ મેં તેને કોઠીમાં ઘાલ્યો છે. તે કોઠી મારો સ્વામી તેમજ બીજા બે માણસો બાળી મુકે છે તો તમે ગમે તેમ યુક્તિ કરી કોઠી માગી લ્યો. જેથી મારો અને તમારા દીકરાનો ભ્રમ રહે. એમ કહી પેલી સ્ત્રી ઘેર આવી અને કોઠી નહિ આપવા ઘણી તકરાર કરવા માંડી એટલામાં પેલા યારનો બાપ પણ આવી પહોંચ્યો. અને પેલા કારભારીને કહ્યું કે તમો આ કોઠી લઇ જશો તેથી નાહક આ સ્ત્રી પુરૂષને કંકાસ થશે. માટે આપ સમજું છો તેથી કહું છું કે તમોએ આટલા દિવસ પાણી માટે દુઃખ ભોગવ્યું તેમ બે દિવસ વધારે તસ્દી વેઠશો તેથી તમારે વધારે ખપ હોય તો, ચાલો હું તમને એથી સારી કોઠી આપું. તેમ છતાં જો આ કંકાસનો પાર લાવતા હોતો તે બદલે હું તમને પાંચ પચીસ રૂપીઆ આપું અને કોઠી સારા કબજામાં રાખીશ જ્યારે ટંટો મટશે ત્યારે તમો કહેશો તેમ કરીશું. આ પ્રમાણે તેનું બોલવું સાંભળી

કારભારી બોલ્યો કે—પાંચ પચીસતો શું પણ પાંચ હજાર રૂપીઆ આપે તોએ તને એ કોઠી આપનાર નથી. તેથી પેલા જારના બાપે પાંચ હજાર રૂપીઆ લાવી કારભારી આગળ મુક્યા. તે લઇ કારભારી એકદમ ઉભો થયો અને પેલી કોઠી ઉપર એક લાકડીનો ઘા કર્યો. જેવી કોઠી ફાટી ગઇ તેમાંથી પેલો જાર નીકળ્યો. તે જોઇ પેલી સ્ત્રીને તથા જારને લોકોએ ઘણો ફીટકાર આપ્યો. પછી કારભારીએ પાંચ હજાર રૂપીઆ પેલી સ્ત્રીના ધણીને આપ્યા. અને કહ્યું કે તું કોઈ સારી સ્ત્રી શોધી કાઢી પરણી લેજે. પછી તે સ્ત્રી તથા જારને લઈ રાજા તથા કારભારી શહેરમાં આવ્યા. અને સ્ત્રીને તથા તેના યારને શિક્ષા કરી—વાર્તાનો સાર એ છે કે વ્યભિચારણી સ્ત્રીના સંયોગથી પુરૂષને કેવાં સંકટ વેઠવાં પડે છે! તથા જાર કર્મ કરનારની કેવી ફજેતી અને ખરાબ દશા થાય છે તે સેહેજ સમજાશે. વળી શાસ્ત્રકારોએ સ્ત્રી માટે કહ્યું છે તે સાંભળ—

> अनृतं साहसं माया, मूर्खत्वं अति लोभता
> अशौचं निर्दयत्वं च, स्त्रीणां दोषाः स्वभावजाः

અર્થ—જુઠું બોલવું, વગર વિચારે સાહસ કામ કરવું, કપટ, અત્યંત લોભીપણું, અપવિત્રતા, અને નિર્દયતા, એ છ દોષો સ્ત્રીમાં સ્વભાવિકપણેજ હોય છે.

છતાં હું સ્રી જાત તને શીખામણ આપું છું તેથી તને જરાએ શરમ નથી ? આ મહા ઘોર પાપ કરવામાં તારી પ્રવર્ત્તિ કેમ થાય છે ! આ જગતમાં સ્રીને એકજ પતિ છે. અને પુરૂષને એકજ સ્રી છે. પરપુરૂષ પરસ્રીને પરસ્રી પરપુરૂની ઈચ્છા કરે છે તેવાં મનુષ્યો પરલોકમાં ઘોર નર્કમાં પડે છે. અને તેમના ઉપર ઈશ્વરનો મોટો કોપ થાય છે. તો કિંચિત સુખ માટે એ ઘોર નર્કમાં શા માટે મન પ્રેરે છે ! માટે મારૂં કહેવું માન્ય રાખી તું પ્રભુનું સ્મરણ કર જેથી તારાં દુઃખોનો અંત આવે

આ બધી હકીકતનો વિચાર કરી રાજકુમાર બોલ્યો કે, અરે હું કેવો દુષ્ટ ! અરે ! હું કેવો અવિશ્વાસુ, અરે હું કેવો ભ્રષ્ટ ! મેં ઘણીવાર સાંભળ્યું છે કે—નારી એ નરકરૂપ છે. અને તેના ખરાબ પ્રસંગથી પુરૂષ અવશ્યે નર્કે જાય છે. તેમાં વળી પરનારીના પ્રસંગથી તો તતકાળજ જાય છે. આવું સાંભળ્યાં છતાં મારૂં મન કેમ તૃપ્ત થતું નથી. આવા શોકથી દીન અને નમ્ર થઈ પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યો. હે દીનબંધુ ! હે પવિત્ર ન્યાઈ, હે દયાળુ, તારી શક્તિ એટલીબધી અદ્દભૂત છે કે કરેલા અપરાધનો યોગ્ય દંડ પ્રાણીને આપોઆપ આપો છો. હે જગતપિતા પિતાની આગળ અણસમજુ

બાળક ગમે તેવો મોટો અપરાધ કરે તોપણ પિતા તેને લેખવે નહિ. તો હું દુષ્ટ એવો આ દુનિયામાં આવ્યાને લીધે તારો બાળક છું, તો મારો થયેલો અપરાધ માફ કર. ને મારો અનુગ્રહ કર. હે કૃપાળુ! હું ભુલ્યો! હવેથી એવો અપરાધ નહિ કરૂં. વળી કાન્તા તરફ જોઇ કહે છે\ હે ભગની! મારા થયેલો અપરાધ ક્ષમા કર, અને મને ભોંયરામાંથી બહાર કાઢ તારો કહેલો અમુલ્ય ઉપકાર આ દેહ—આ સંસારમાં રહેશે ત્યાં સુધી ભુલીશ નહિ. હે સ્રી! તારો પતિ પ્રત્યે ખરો પ્રેમ અને તારી નિતિ જોઈ તારી જેટલી તારીફ કરૂં તેટલી ઓછી છે. દુનિઆમાં સ્રીઓ તારાજેવીજ થજો. સાબાશ છે તારા ટેકને!

કાન્તા—હે રાજકુમાર હું એક સ્રીઓના ગુણનું ગાયન કરૂંછું તે સાંભળ;—

(રાગ જોડી તે નવ જોઇ માડી. એ રાહ)

કુડી માયાથી હયે ફાંસી (૨)
સુખ સંસારી ઝેર બરાબર, બન્યા જંગલવાસી;
નાર તે નરક કુંડ જાણો (૨)
અસ્થી માંસ રૂધિર ભરેલી, નરક તણી ખાણ્યોં. કુડી.
પ્રિયારૂપે પારધી મોટા ૨)
પુરૂષ પાસે લે ફંદે ફસાવી, ખેલ કરી ખોટા. કુડી.

નીચ જ અશ્રુપાત મારો (૨)
બગડી બુદ્ધિ ધિક્ક પ્રિયાની, મિથ્યા જનમારો. કુડી.

હે રાજકુમાર તને ભોંયરામાંથી બહાર કાઢવાને કંઈ વાંધો નથી પરંતુ શાસ્ત્રમાં કહ્યું છે કે;—

नखीनाञ्चनदीनाञ्चशृङ्गिणांणांशस्त्रपाणिनाम् ।
विश्वासोनैवकर्त्तव्यः स्त्रीपुराजकुलेषुव ॥

અર્થ—(નખી) નખવાળાં (નદી) નદીમાં રહેનાર (શૃંગી) શીંગડાંવાળાં, જેના હાથમાં (શસ્ત્ર) હથીઆર છે તેનો વિશ્વાસ ન કરવો, અર્થાત સાવધાન રહેવું. તથા સ્ત્રી અને રાજાનો પણ વિશ્વાસ ન કરવો. માટે હે રાજન તું ગમે તેવી ખાત્રી આપીશ પરંતુ હું તને બહાર કાઢનાર નથી.

રાજકુમાર—ભગનિ દુષ્ટબુદ્ધિથી મેં મહત્ પાપાચરણ કર્યું નિર્મળ કુળને લાંછન લગાડયું. પરંતુ ગુરૂમહારાજની અમૃત સરખી વાણીથી અશ્વાસન પામ્યો. આશા લુબ્ધ થયેલો હું અહીંયાંજ મારો વખત નિર્ગમન કરીશ. પરંતુ હે ભગનિ હું પુરૂષ જાતે ઘણાજ દાબમાં છતાં મારી મનોવૃત્તિ હમેશાં ખોટે માર્ગે ચડતી હતી તો જે સીતા રામચંદ્રજીની સ્ત્રી તેને રાવણે લંકામાં દસ માસ સુધી હરણ કરી રાખેલી તો આ બાઈ કેવી રીતે શુદ્ધ રહી હશે ? કેમકે પુરૂષ ધારે તે કરી શકે. અને

જો કે આતો પુરૂષના દાબમાંજ હતી તો સીતાનું વૃત્તાંત ય-થ ઇતિ કૃપા કરી મને સંભળાવ તે સાંભળવા મારી મનોવૃત્તિ થઇ છે.

દાન્તા—રાજકુમાર તને ધન્ય છે. સીતાનું વૃત્તાંત સાંભળવાની તારી ઇચ્છા થઇ છે તો શાન્ત થઇ શ્રવણ કર. હું એ પતિવ્રતા સ્રીનું યથ ઇતિ ચરિત્ર કહુછું તેનીચે મુજબ.

પ્રકરણ ૯

મિથિલા—નગરીને વિષે હરીવંશના વાસુકી નામના રાજાની વીપૂલા નામે રાણીની કુખથી જન્મેલો જનક નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને વિદીહા નામની સ્રી હતી આ બાઇ ઘણી સુંદર કાન્તીની તેમજ પવિત્ર હતી એટલુજ નહિ પરંતુ પતિની આજ્ઞા શિવાય કંઇપણ કામ કરતી નહોતી તેથી જનક રાજા તેના કામકાજથી ઘણો સંતુષ્ટ હતો. તેમ રાજકારભાર નીતિથી ચલાવતો હતો તેમજ પ્રજાનું તથા બ્રાહ્મણનું રક્ષણ કરતો હતો. પણ તેને સંતતી નહિ હોવાથી દુઃખી હતો. ઘણો વખત વીતી ગયાબાદ એક એક પ્રસંગે ખેતરમાં હળ ખેડતાં જમીનમાંથી એક કુમારીકા મળી આવી. કે જેનું નામ સીતા રાખ્યું હતું આ પુત્રી ઘણીજ રૂપવંતી હતી. સ્રીની સરવે કળાનો તેને અભ્યાસ કરાવ્યો. અને થોડ

વખતમાં યોવન વયે પહોંચી. આવી કાન્તીવાન પુત્રી જોઈ જનક રાજા તેનાં સારૂ યોગ્ય વર જોવાની ચિંતામાં પડયા. કહ્યું છે કે—દીકરીનો બાપ દુખીજ હોય છે.—એના જન્મ વખતે પણ શોક વૃદ્ધિ પામે વર શોધવાની ચિન્તા અને તેણીને પરણાવવામાં પણ ઘણો ખરચ કરવો પડે સીતા ઘણી કાન્તીવાન છે. એવું ઘણે ઠેકાણે જાણ થયેલ હોવાથી મલેચ્છ કુળના તેમજ દૈત્યલોકો જનકરાજાને મહા ત્રાસ વરતાવવા લાગ્યા તે વખતે જનકરાજાએ રૂષીઓની (મહાત્મા પુરૂષો) ની મદદ લીધી હતી. આમ કેટલોક વખત વિત્યાબાદ જનકરાજાએ રૂષિઓને વિનંતી કરી કે—હે મહર્ષિ ! મારા ઉપર કૃપા કરી આ મારી કુમારીકાને યોગ્ય વર શોધી કાઢો. ત્યારે નારદ મુનિ વગેરે મહર્ષિઓએ કહ્યું કે તમે સ્વયંવર રચો એટલે. તે કુમારીકાને યોગ્યવર મળી આવશે. એ પ્રમાણે રૂષિઓનું કહેવું માન્ય રાખી જનકરાજાએ સ્વયંવર રચ્યો. પછી જનક રાજે રાજપુત્રો, રૂષીઓ અને વિદ્યાધરોને આમંત્રણ મોકલ્યાં. તેથી ઘણા રાજાઓ રૂષિઓ તેમજ વિદ્યાધરો આ સ્વયંવર મંડપમાં આવી દાખલ થયા. એવામાં વિશ્વામિત્ર રૂષિ જોડે નીકળેલા રામ, લક્ષ્મણ, આ સ્વયંવર મંડપમાં દાખલ થયા. અને લંકાનો રાજા રાવણ પણ આવી પહોંચ્યો. આ

પ્રમાણે સર્વે મંડળ સર્વના યોગ્ય આસનપેર બીરાજમાન થઇ ગયા છે. એવામાં જનકરાજાના દશોંદી બારોટે આ મંડપમાં આવી કહ્યું કે જે દેવતાઓથી અધિષ્ટિત એવા વજ્રવત્ નામના ધનુષને ઉપાડીને એના ઉપર પણછ ચડાવશે તેને સીતા વરમાળા આરોપણ કરશે. પ્રથમ પ્રમુખ ઋશીના રાજપુત્રોએ ધનુષને પણછ ચઢાવવાનું વૃથા પ્રયાસ કર્યો. તેઓ ધનુષને જરા પણ હલાવી શકયા નહિ. પછી ઘણા રૂષિપુત્રો તેમજ રાજાઓએ ઘણો પ્રયાસ કર્યા છતાં નિષ્ફળતાને પામ્યા: તેવીજ ગતી રાવણની પણ થઈ. તેથી જનક રાજાએ આ સ્વયંવર મંડપ વચ્ચે ઘણા કઠણ શબ્દો કહ્યા કે, હવે દુનિયામાં ક્ષત્રી બીજ નથી. આવા કઠોર વચનો સાંભળવાથી લક્ષમણનાં નેત્રો ઘણાં લાલચોળ થઇ ગયાં છે અને રૂંવાટે રૂંવાટે ઘણો ક્રોધ ચડી ગયો છે. આવું રામના જોવામાં આવ્યાથી લક્ષમણને રામે સાન કરી સમજાવ્યા. કારણ કે રામચંદ્રજી આવાં વચન સાંભળત નહિ પરંતુ ગુરૂની આજ્ઞાની રાહ જોઈ બેશી રહ્યા હતા. આથી ગુરૂએ રામચંદ્રજીને કહ્યું કે, ઉઠો અને આ ધંનુષને પણછ ચડાવો. પછી દશરથ પુત્ર ઉભા થઇને અલ્પ માત્રમાં તે ધનુષ ઉપાડયું અને તેના ઉપર પણછ ચડાવતાં તેના કકડે કકડા થઈ ગયા. કે તરતજ સીતાએ કંઠમાં રામજીને વરમાળા

આરોપણ કરી. પછી જનકરાજાએ તે સ્વયંવરમાં રામ, લક્ષ-મણ, શત્રુઘન અને ભરત આ ચાર કુમારોને પોતાની પુત્રીઓ આપી પરણાવ્યા. પછી દશરથરાજા પોતાના પુત્રને પરણાવી પોતાના નગ્ર તરફ વિદાય થયા.

આ તરફ ફરસુરામને શિવનું વજ્રવત્ નામનું ધનુષ તો ડી નાંખવાના સમાચાર મળ્યા તેથી તેઓ મહા વિકાળ ચેહરે મનમાં ઘણો ગર્વ લાવી રામને જવાનો રસ્તો રોકી બેઠા અને મનમાં વિચાર કરે છે કે એ ક્ષત્રી પુત્રને ખબર નહિ હશે કે ફરસુરામ હજુ દુનિયામાં છે, તેવામાં લક્ષમણ ફરસુરામની નજરે પડયા, તેથી ફરસુરામે ક્રોધ કરીને કહ્યું. અલ્યા ધનુ-ષનો તોડનાર તું છે ? તને ખબર નથી ? મેં સાતવાર નક્ષત્રી પૃથ્વી કરી નાંખી છે. છતાં તારા જેવા બાળકનું મારી સાથે શું ગજું ! તે પ્રમાણે કેટલાંએક કઠોર શબ્દ બોલી ફરસી ઉ-ગામી લક્ષમણને મારવા જાય છે. એવામાં રામે આવી ફરસુ-રામનું તેજ હરી લીધું અને તેમનું સમાધાન કર્યું. તેથી રા-મનો સત્કાર કરી ફરસુરામ તેમના આશ્રમ તરફ વિદાય થ-યા અને રામ તથા લક્ષમણ ચાલતાં ચાલતાં ઘણા દીવસે અવધપુરી આવી પહોંચ્યાં. નગ્રના લોકોએ રામજીને ઘણા હ-ર્ષ સાથે વધાવી લીધા. આવા ઉત્તમ પ્રકારના હર્ષથી રાજા તથા

થા ચારે પુત્રો મહેલમાં દાખલ થયા. અને આનંદમાં દિવસો ગુજારવા લાગ્યા. રામ સીતા સાથે ઉત્તમ પ્રકારના ભોગવિલાસ ભોગવે છે તેવામાં દશરથરાજાએ રામને કહ્યું–બેટા ! રામ ! તું સર્વમાં વડીલ છે અને તારા સદગુણોથી સર્વ પ્રજા સંતુષ્ટ છે. અને મારી વૃદ્ધા અવસ્થા છે, માટે હું તને રાજ્યાભિષેક પુષ્પ નક્ષત્રમાં કરનાર છું તેથી સર્વ સામગ્રી તૈયાર કરો.

એક તરફ અયોધ્યા નગરીમાં નાના પ્રકારનાં વાજીંત્રો વાગી રહ્યાં છે. તેથી શેઠ શાહુકાર આનંદથી રામના રાજ્યાભિષેક વિષેની નાના પ્રકારની વાતો કરી રહ્યા છે. વળી ઘણા પ્રકારનાં વસ્ત્રાલંકાર ધારણ કરેલાં અયોધ્યા નગરીનાં સ્ત્રી પુરૂષોનાં ટોળે ટોળાં તેમજ દુર દેશનાં અસંખ્ય લોકો આ સ્થળે ઉત્સવ જોવાને ભેગાં થયેલાં હતાં.

બીજી તરફ મંથરા નામની એક કૈકેયીની માનીતી દાસી હતી, તેને આ મંગળીક ઉત્સવની ખબર પડવાથી તે કૈકેયીની પાસે જઇને બોલી કે બાઇ ! તમે કાંઇ જાણો છો ! રામને રાજ્યાભિષેક થાય છે, રાજાએ તારી સાથે કપટ કરેલું છે, તેન તને ખબર પડતી નથી ! ત્હારા પુત્રને રાજ્ય નહિ આપવાના ઇરાદાથી તેઓને તેમના મોસાળે મોકલી દીધા છે, માટે મારૂં કહ્યું માની પ્રથમ શંબરાસૂરની સાથે યુદ્ધ કરતાં રાજાએ ત

મને બે વચનો આપ્યાં છે, અને આપતી વખતે કહ્યું હતું કે ત્હારે જ્યારે જોઇએ ત્યારે આ બે વચનો માગી લેવાં. માટે આ વખત છે. દાસીની આવી સલાહથી કેકૈની બુદ્ધિ ફરી અને તેણે પોતાનાં શરીરનાં આભુષણો ચારે તરફ મહેલમાં ફેંકી દીધાં અને વિચિત્ર વેશે કોપાંત થઇને બેઠી. આવા પ્રસંગે દશરથરાજા રામના રાજ્યાભિષેકની હકીકત કહેવા માટે કેકૈના મહેલે આવ્યા. ત્યાં આવી જુએછે તો ખરેખરો ચમત્કાર દીઠો. કેકૈની ખરાબ દશા જોઈને દશરથરાજા બોલ્યા કે તું આમ શા માટે કરે છે. અને આમ કરવાનું શું કારણ છે, તે મને કહે, તું માગીશ તે આપીશ. પછી રાજા પાસેથી વચન લેઈ કેકૈ બોલી કે મને પ્રથમ આપેલાં બે વચનો હાલ માગું છું તેમાં રામને રાજ્યભિષેક ન કરતાં ભરથને રાજ્યભિષેક કરો, અને બીજા વચનથી રામને ચઉદ વરસ વનમાં મોકલો. આ પ્રમાણે કેકૈનું બોલવું સાંભળી દશરથરાજા બેશુદ્ધ થઇ ધરણી પર ઢળી પડયા, કેટલીકવારે સાવધ થઇ ઉઠયા. હે ! સ્ત્રી બીજું ગમે તે માગ હું આપીશ, પણ આવી હઠ છોડી દે. એવી રીતે ઘણી સમજાવી પણ ફોગટ—પછી કેકૈ બોલી કે હે રાજન ! એક વખતે આપેલું વચન પાળવાને આટલું બધું જેમ જીવ ઉપર આવે છે ! સત્ય એ મનુષ્યનો મુખ્ય ધર્મ છે અને

તેથી મોટા લોકો પોતાના પ્રાણ જતાં સુધી પણ પોતાનું વચન તોડતા નથી. છતાં તમે તોડશો તો ખરાબ દશાને શરણે થશો. માટે આપેલાં વચનો યાદ લાવી મારી અરજ ધ્યાનમાં લ્યો.

આ હકીકત રામચંદ્રજીને કાને પડવાથી જનકરાજાની આજ્ઞાથી રામ, લક્ષમણ અને સીતા સહિત વનમાં પધાર્યા પછી થોડા વખતમાં લંકાના રાજા રાવણે જોગીના વેશે સતી સીતાનું હરણ કર્યું. અને લંકામાં લઇ ગયો. પછી લંકામાં રાવણે સીતાને પોતાની મરજી પ્રમાણે વર્તવા ઘણા સમજાવ્યાં પણ તે મિથ્યા જવાથી રાવણે તેણીને ડરાવવાને રાક્ષસીઓના પહેરામાં મુકયાં. રાક્ષસીઓએ ઘણી પ્રકારથી ડરાવ્યાં છતાં તેમણે તેનું કહેવું કબુલ કર્યું નહિ. ત્યારે છેવટે એક વરસની મુદત આપી તે મુદત એવી રીતે કે જો તમે મ્હારૂં કહેવું નહિ માનો તો તમને મારી નાંખવામાં આવશે વીગેરે.

આ તરફ રામ તથા લક્ષમણ સીતાની શોધમાં નીકળ્યા. માર્ગમાં સુગ્રીવ અને હનુમાનની સાથે પ્રીતિ થઈ. સુગ્રીવના કહેવાથી રામચંદ્રજીએ વાલીનો વધ કર્યો બાદ થોડા માસ વીત્યા પછી સુગ્રીવે સૈન્ય તૈયાર કરી અને સીતાની શોધ કરાવી. શોધતાં શોધતાં સીતાને રાવણ લંકામાં લઇ ગયો છે એમ માલુમ પડયું તેથી હનુમાનજી લંકામાં ગયા અને

અશોક વનમાં સીતાને મળ્યા. હકીકતથી વાકેફ થઈ હનુમાનજી રામચંદ્ર પાસે આવ્યા અને રામને સીતાની બધી હકીકતથી વાકેફગાર કર્યા.

હવે રાવણે સીતાને આપેલી મુદતમાં ફકત બે માસ બાકી છે એવામાં રામચંદ્રજીએ સૈન્યા સહિત લંકામાં પડાવ નાંખ્યો.

આકાશમાં ચંદ્રનું દર્શન થતું નહોતું તારાનો મંદ મંદ પ્રકાશ થઈ રહ્યો હતો. અને તે પ્રકાશથી સીંધુના પતનથી ભીંજાયેલી ભૂમીને મનુષ્યો સારી રીતે જોઈ શકે તેમ હતું તે રાત્રે શરદી ઘણીજ હતી. શીતલતાના પ્રતિકાર કરવાના હેતુથી સૈન્યાના અગ્રજનોએ અગ્નીને પ્રજ્જવલિત કંઈ કંઇ ઠેકાણે કર્યો હતો. અને તેથી અંધકારનો પણ કેટલેક અંસે અવરોધ થતો હતો. એવામાં લક્ષમણ અને ઇંદ્રજીતનું યુદ્ધ ભારે મચિ રહ્યું હતું યુદ્ધ ઘણો વખત સુધી ચાલ્યું તેવામાં ઈંદ્રજીતે લક્ષમણને સાંગ મારી તેથી લક્ષમણ મુર્છીત થઈ ધરણીપર પડયા. રામે ઘણો વિલાપ કર્યો, એવામાં હનમાન અને સુગ્રીવ રામ પાસે આવ્યા. રામજીએ હનમાનને કહ્યું કે દ્રોણાચળ ઉપરથી ઓષધી લાવો કે જેથી લક્ષમણ બેઠા થાય. આ વચનો સાંભળી તરતજ હ-

નુમાનજી પોતાના સ્વામીનો હુકમ ઉઠાવવા .દ્રોણાચળ પર્વત તરફ જવાને ચાલી નીકળ્યા. દ્રોણાચળ ઉપર આપથી પોતાને માલમ નહિ પડવાથી એકદમ દ્રોણાચળ પર્વત ઉપાડી ચાલી નીકળ્યા. માર્ગમાં આવતાં હનુમાનજીને ગર્વ થયો કે જો હું ન હોતતો આ દ્રોણપર્વત કોણ લાવી શકત. આમ વિચાર કરે છે એવામાં ભરથે જાણ્યું કે આ કોઈ માણસ રામચંદ્રજીના યુદ્ધમાં પર્વત લઇ જતો હોય એમ જણાય છે. એમ મનમાં લાગવાથી તેમણે ધનુષબાણ ચડાવીને હનમાનજીને માર્યું. તેથી હનમાનજી શ્રીરામ કરીને નિચે પડયા. રામ શબ્દ સાંભળવાથી ભરથજી હનમાન સામા દોડી આવ્યા. અને રામની બધી હકીકત હનમાનજીને પુછી. પછી હનમાનજીને સાવધ કરી વિદાય કર્યા. હનુમાનજી ત્યાંથી રામજી પાસે આવ્યા. અને દ્રોણપર્વત મુકતાં લક્ષમણજીની મુર્છા વળી. તેથી સૈન્યમાં ઘણો જયજયનો નાદ થઈ રહ્યો—પછી રામે રાવણ સાથે યુદ્ધ કરી તેમાં રાવણનો નાશ કરી સીતાને પાછી લાવ્યા. અને થોડી મુદતમાં પોતે પોતાનું રાજ્ય મેળવ્યું. પછી રાજ્યગાદીએ બેશી રામે પોતાના ભાઇઓને તેમના ઇચ્છા પ્રમાણે દેશ વહેંચી આપ્યા. રાજ્ય કરતાં થોડાં વર્ષ વીત્યા પછી સીતાએ ગર્ભ ધારણ કર્યો. એક દીવસ સીતાનું

દક્ષિણ નેત્ર ફરક્યું. તેથી તેણીએ રામને કહ્યું. રામે—દુર્નિમીત્ત છે. કારણકે પુર્વે સૂરીઓ કહી ગયા છે કે પુરૂષનું જમણું અંગ ફરકે—અને સ્ત્રીનું ડાબું અંગ ફરકે તો તે એષ્ટ છે. બાકી ખરાબ છે. માટે હે સ્ત્રી તું પુન્ય કર. તેથી ત્હારાં દુઃખો દૂર થશે. સીતાજીએ રામચંદ્રજીના કહેવા મુજબ કર્યું. હે શંકર ? માણસો કહે છે કે રાવણે સીતાને છ મહિના સુધી પોતાના અવાસમાં રાખી એવી સીતાને સતી કેમ કહેવાય ?

હે વિશ્વંભર ? પાણીમાં જેમ તૈલ પ્રસરી જાય છે તેમ આ લોકાપવાદ સર્વત્ર પસરી રહયો છે. માટે એ અસત્ય હોય નહિ. આવો લોકાપવાદ સારો નહિ. એમ જાણી રામ ઘણા વિચારમાં પડયા. અને લક્ષમણને બોલાવીને આ લોકાપવાદની હકીકત કહી. પછી લક્ષમણે કહ્યું કે—હે દીનદયાળ આ બધું ખોટું છે. અને માણસો લોકોના ખોટા અપવાદ સાંભળવાને ઘણા રસીક હોય છે માટે આપે કંઇ મનમાં લાવવું નહિં. એક દીવસે રામ રાત્રી સમયે શેહેરમાં ફરતા ફરતા એક ધોબીના ઘર આગળ ઉભા રહયા તે વખતે ધોબેણ બહાર ગયેલી તે અહુવારે પાછી આવેલી તેથી ધોબીએ પોતાની સ્ત્રીને લાત મારીને કહ્યું કે તું અત્યાર સુધી કયાં ગઈ હતી ?

પેલી સ્ત્રીએ ઉત્તર આપ્યો. તમેતો બહુ ભલા જણાઓછો ? રામ જેવાથી પણ અધિક ? રામેતો રાવણના ઘેરથી પાછી આવેલી સીતાને શુદ્ધ માની અને તમેતો હું એક ક્ષણ પણ બીજે રહું છું તે ખમી શકતા નથી. તેનું કારણ શું ?

ધોબીએ આ ઉપરથી કહ્યું કે રામતો સ્ત્રીને આધીનછે. હું તેવો નથી તો કેમ સહન કરૂં ? એ સાંભળી રામે વિચાર કર્યો કે સ્ત્રી આધીન એવો મને ધિક્કાર છે. પછી ત્યાંથી જઇ તે મણે લક્ષમણ પાસે આ વાતની હકીકત કહી. લોકો સીતાને અસતી ગણે છે. તેથી લક્ષમણે કહ્યું હે કૃપાસાગર ? લોકોના કહેવા ઉપરથી સીતાનો ત્યાગ કરશો નહિ. એ મહા સતી છે. લોકો પારકા દોષો કહેવામાં બહુ રસીક હોય છે પણ જે લોકો સ્વભાવથીજ એ પ્રમાણે પારકા દોષ કહેવામાં ગાવામાં રસીક હોય તેમને તો સમર્થ રાજાઓએ શિક્ષા કરવી જોઇએ અથવા તો ગામ બહાર કાઢી મુકવા જોઇએ. રામે કહ્યું હે લઘુબંધુ? તું કહે છે તે સત્ય છે તો પણ લોકો વિરૂદ્ધ કાર્ય નિરંતર તજવું. લક્ષમણે કહેતાં છતાં પણ અંતે રામે લક્ષમણને તથા પોતાના મંત્રીને બોલાવીને કહ્યું. સીતાને વનમાં મુકી આવો. અને તેને ગંગાના સામે તીરે મુકીને આવજો એ ઉપરથી જેવી આજ્ઞા એમ કહી મંત્રી સીતા પાસે ગયો

અને કહેવા લાગ્યો હે જગદંબા હું આપને મહારાજા રામની આજ્ઞાથી ગંગાતટે લઇ જવા આવ્યો છું માટે આપ આ રથમાં બીરાજમાન થાઓ એમ કહી સીતાને રથ વિશે બેસાડી ગંગાની તીરે વાલ્મીક રૂષિના આશ્રમ પાસે લેઇ જઇ ત્યાં તેણીને કહયું. હે કલ્યાણી ? તમારા પતિએ તમને અહિંઆં મેલવાનું કહયું છે. મને ધિક્કાર છે. પણ હું કીંકરજન શું કરૂં ? સ્વામીનો હુકમ એટલો તો ખરાબ છે છતાં પણ કરવો પડેછે. એ શબ્દો સાંભળતાંજ સીતાને મુર્છા આવી. રથમાંથી પડી ગયા. કેટલીકવારે મુર્છા પાછી વળી. એટલે તે વિલાપ કરતી કરતી રામને મન સાથે કહેવા લાગી કે હે સ્વામી ? જો આપને લોકાપવાદનો ભય હતો તો આપે ત્યાં લોકોની સમક્ષ મારી પરિક્ષા કેમ ન કરાવી ? એમ કર્યું હોતતો તે આપને ઘટીત હતું. પણ આતો તમે નિર્દય. જનોને વિષે અગ્રણી ગણાણા કારણ કે તમોએ તમારા ગર્ભવંતી પ્રિયાને વનને વિષે એકલી મુકી તો પણ હું તો પતિને એક ક્ષણ પણ વિદનકારી નહિ થાઉં હે લક્ષમણ તથા મુંત્રી આ શબ્દો તમારા ભ્રાતુઅને સ્વામીને કહેજો. આવા શબ્દો લક્ષમણના કાને પડતાં લક્ષમણના નેત્રમાં પણ આંસુ ભરાઇ ગયાં. અને તેમાંથી આંસુ નિચે પડવા લાગ્યાં. એવી સ્થિતિમાં સીતાને વાલ્મીકરૂષિના

આશ્રમ નજીક મુકી દીધાં. સીતાજી નશીબને દોષ દેતાં મોટા સાદે રોવા લાગ્યાં. તેમના રોવાનો અવાજ સાંભળી ઋષિકુમારોએ વાલ્મિકઋષિને ખબર આપી. તેથી વાલ્મીકઋષિ જાતે આવીને ઘણા પ્રેમાળ શબ્દોથી સીતાજીને શાન્ત પાડી તેમને પોતાના આશ્રમમાં લઈ ગયા. લોકાપવાદથી રામે સીતાજીને વનમાં મોકલ્યાં તે વખતે તે ગર્ભવંતાં હતાં તેમને વાલ્મિકઋષિના આશ્રમમાં યોગ્ય વખતે બે પુત્ર પ્રસવ્યા. આ બે પુત્રનાં નામ કુશ અને લવ એવાં રાખ્યાં. આ બંને બાળકો રૂપમાં તથા શરીરના બાંધામાં આબેહુબ રામના સરખા હતા. અને તેમને વાલ્મીકઋષિએ યુદ્ધમાં ઘણા કુશળ કર્યા હતા. એક સમયને જોગે કુશે ઋષિને વિનંતી કરી કહ્યું કે હે ઋષિરાય આપ અમોને ક્ષત્રીપુત્ર કહોછો ત્યારે અમારો બાપ કોણ અને તે ક્યાં છે તે અમને બતાવશો. વાલ્મીકઋષિએ બધી હકીકતથી લવ તથા કુશને વાકેફ કર્યા પછી કુશે કહ્યું, હે મુનિ રામે તે સારૂં કર્યું નથી પછી લવે પુછ્યું હે મહાત્મા અયોધ્યાનગરી અહીંથી કેટલે છેટે છે. વાલ્મીકઋષિએ કહ્યું હે બાળકો અયોધ્યાનગરી અત્રેથી લગભગ છસોયોજન દુર છે. આવી વાતો પુરી થયા બાદ રોજના નિયમ પ્રમાણે વાલ્મીકઋષિ કુશ અને લવને બેઠા બેઠા અભ્યાસ કરાવે છે. અભ્યાસ પુરો થવાથી લવ અને

કુશ ગુરૂની રજા લઈ વનમાં ફરવા નીકળ્યા તેવામાં અયો-ધ્યામાં જે રામચંદ્રજીના અશ્વમેધ યજ્ઞનો ઘોડો છુટેલો તે વા-લ્મીકઋષિના આશ્રમ તરફ આવ્યો. આ ઘોડો જોઇ લવ તથા કુશ તે તરફ ગયા અને તે ઘોડાને એક વૃક્ષ નિચે બાંધ્યો. અને તેની સાથે આવેલા રક્ષકો સાથે યુદ્ધ મચાવ્યું અને તે-મને હરાવ્યા. તેમાંથી એક દુતે અયોધ્યામાં જઇ યુદ્ધની હ-કીકતથી રામચંદ્રજીને વાકેફ કર્યા અને કહ્યું કે મહારાજ ! વાલ્મીકઋષિના આશ્રમે ઘોડો બાંધેલો છે અને તે ઘોડાને બાં-ધનાર બંને કુમારો ઘણાજ કીશોરવયના છે છતાં તેમનું અ-દભૂત પ્રાક્રમ જોઇ અમે ઘણા ડરીએ છીએ. પછી રામ તથા લક્ષમણને આ યુધ્ધમાં આવવું પડયું તેથી રામ અને લક્ષ-મણ ક્રોધાયમાન થઇ ઘણું યુદ્ધ કરવા મંડયા. યુદ્ધ થયું તેમાં લવ અને કુશે રામચંદ્રજીના સૈન્યને દીનદશાએ પહોંચાડી દીધું. એટલે લક્ષમણે ક્રોધાતુર થઇ કુશ ઉપર ચક્ર મુકયું. પણ ચક્ર તો કુશને પ્રદક્ષણા દઇને પાછું લક્ષમણ પાસે આ-વ્યું એટલે રામ અને લક્ષમણે ખેદ પામીને વિચાર્યું શું આ તો નવા બળ અને નારાયણ ઉત્પન્ન થયા. એટલામાં તો આ-કાશથી નારદમુની ઉતરી આવ્યા અને રામ પ્રત્યે હર્ષીને બો-લ્યા અહો ! તમે પુત્રનો વધ કરવા ધારો છો ! આ બાળકો

સીતાની કુખથી ઉત્પન્ન થયેલા આપનાજ પુત્રો છે. અને તમ ને યુદ્ધના રસે મલવા આવ્યા છે. તમારૂં ચક્ર તેમને કંઇ કરી શકયું નહિ એજ એની નીશાની સમજો. કારણ કે એ ચક્ર એક ગોત્રી પુરૂષો ઉપર ચાલી શકતું નથી. આવાં નારદમુનિ નાં વચન સાંભળી રામ લક્ષમણે યુદ્ધ પડતું મુકયું એટલે બંને કુમારોએ આવીને પીતાને પ્રણામ કર્યા. પીતાએ પણ તેમને સ્નેહ સહીત આલીંગન આપ્યું, એટલે સૈન્યવિષે હર્ષ નાદ થઇ રહ્યો. પછી રામ અને લક્ષમણ વાલ્મીકરૂષિના આ- શ્રમે આવ્યા. રામચંદ્રજીએ વાલ્મીકરૂષિને વિનંતી કરી કે— હે મહાત્મા! સીતાએ વનવાસમાં રહેતાં પોતાની પવિત્રતા સાચવી હોય એવી ખાત્રી જો રૂષિ આપો તો તેમને પાછાં ગ્રહણ કરવાને હું તૈયાર છું. વાલ્મીકીએ તે કબુલાત કરી સીતાંજીને ભરસભામાં બોલાવ્યાં અને તેમને માટે ખાત્રી આપી તે.પણ રામચંદ્રજીના મનનું સમાધાન થયું નહિ ને બોલ્યા કે—સીતા પોતાની પવિત્રતા માટે કંઇ ખાત્રી લાયક પુરાવો આપે તો મારા મનનું સમાધાન થાય. તે વખતે સીતાજી સર્વ સભાની સમક્ષ આવીને મોઢેથી સ્રીજાતીને ઉચીત એવા પ્રેમાળુ શબ્દો બોલ્યા કે—હું કાયા, વાચા, તથા મનથી પ- વિત્રતા ચરણથી ડગી ન હોઉં તથા મારૂં મન નિષ્કલંક

રણું હોય તો હે પૃથ્વીમાતા મને તમારા ઉદરમાં સમાવી દો. એ પ્રમાણે બોલતાંજ તેમના પગ નિચેની જમીન ફાટી અને સીતાજી પૃથ્વીમાં સમાઈ ગયા.

હે રાજકુમાર ? આ સીતાના પવિત્ર વૃતાંતથી એટલો બોધ લેવાનો છે કે શીલ એ મનુષ્યનું પરમ ભૂષણ છે. અને તેથી વાંચ્છીત ઈચ્છા પુર્ણ થાય છે અને શીલથી સર્વે દુઃખો નો નાશ થાય છે. આ પ્રમાણે શીલનો મહીમા જાણી તમારા મનમાં રોપાયેલું ખોટું બીજ ત્યાગ કરી ઇન્દ્રીઓના વિષયોને ખરેખરા વિષ તુલ્ય સમજી તેની ઈચ્છા મૂકી દો. અરે ! હે રાજકુમાર જે રાજા ન્યાય નીતિ અને પવિત્રતાનો ત્યાગ કરી કેવળ વિષયાશક્ત થઈને પોતાની ઇન્દ્રીઓનો અનિયામિત ઉપયોગ કરે છે તો તેનું રાજ્ય પાયમાલ થઇ જાય છે એમાં કાંઇ સંશય નથી. માટે વિચાર કર. જેણે કમલીનીના અને કેવડીના સુંદર દલમાંથી પોતાની ઈચ્છા પ્રમાણે મધુર રસ પીધો છે, જેને ચંદ્રથી પ્રકાશ પામેલી શરદ રૂતુની અતિ ઉજ્વળ રાત્રી મોગરા અને કેતકીના પુષ્પમાં નિર્ગમન કરી છે, અને જેને હાથીના કુંભસ્થળમાંથી ઝરતા મદજળ પ્રવાહની સુગંધથી ઉપર અહર્નિશ ભ્રમણ કરેલું છે. તેવા ભોગી ભ્રમરો ખાખરાની ડાળીએ પ્રફુલ થયેલાં કસુડીનાં ફુલો

ને ગ્રહણ કરવાથી ક્યાંથી સંતુષ્ટ થાય. માટે હે રાજ્યકુમાર ત્હારી ઉર્વશીના જેવી સ્ત્રીનું સુખ મુકી અન્ય સુખની ઈચ્છા શા માટે રાખે છે? અરે ભ્રમીત ચીત ભ્રાતા! આમ શાહસ વાકયો બોલવામાં તથા તે કરવાની ઈચ્છામાં કંઈક તો વિચાર કરો! આપ ન્યાય નિપુણ શાસ્ત્ર રાંપુન્ન એવા અકૃત્યો રૂપી શત્રુનો ઉપયોગ કરોછો. પરંતુ એનું પરિણામ આપને સારૂ થવાનું નથી માટે આપનું હૃદય નિર્મળ કરીને કંઈક વિચાર કરો. ભૂમી કેવી છે અને તેમાંથી કીયા અને કેવા ફળની ઈચ્છા રાખોછો? કદાચીત વિષ અમૃત સરખું દેખાતું હોય તોપણ તેમાંથી મોતનું કારણ થઈ પડે છે. આપનાં બંને નેત્રો કામથી અંધ થઇ ગયેલાં છે. પણ ભ્રાતા આપનાં હૃદય ચક્ષુ ઉઘાડીને દ્રષ્ટી કરો તો તુર્તજ માલુમ પડી આવશે કે સ્ત્રી એ નર્કનું દ્વાર છે.

જો કે સતપુરૂષોની વાણી તો હસ્તી દંત જેવી છે. જેમ હાથીના દાંત મુખમાંથી બહાર નિકળેલા પાછા મુખમાં પેસતા નથી તેમ મહત પુરૂષોની વાણી બહાર નિકળેલી કદાપી કાળે પાછી મુખમાં પેસતી નથી. અને અસત્ય અને દુરાચારી પુરૂષોની વાણી તો કાચબાના ગીવા જેવી છે. અટલે જેમ કાચબાની ડોક બહાર નિકળે છે અને પાછી પેસી જાય છે

તેમ અસત્ય પુરૂષોની વાણી મુખમાંથી નીકળે અને પાછી પેશી જાય છે. તો તું તારા સત્ય વચનથી કદાપી બહીરમુખ થઇશ નહિ, અને તારા સત્ય વચનોનો સત્કાર કરી તેને પ્રતીપાદ ન કરવામાં કદાપીકાળે ભ્રમીત ચીત કરીશમાં.

હે રાજકુમાર તને ભોંયરામાંથી બહાર કાઢવાને કંઇ વાંધો નથી. પરંતુ શાસ્ત્રમાં કહયું છે કે,—

नखीनाञ्च नदीनाञ्च शृंङ्गिणांणांशस्त्रपाणिनाम् ॥
विश्वासो नैव कर्त्तव्य, स्त्रीपुराजकुलेषुच ॥

અર્થ—(નખી) નખવાળાં (નદી) નદીમાં રહેનાર, શૃંગી (શીંગડાવાળા) જેના હાથમાં (શસ્ત્ર) હથીઆર છે, તેનો વિશ્વાસ ન કરવો. અર્થાત સાવધાન રહેવું તથા સ્ત્રીનો અને રાજાનો પણ વિશ્વાસ ન કરવો. માટે હે રાજન તું ગમે તેવી ખાતરી આપીશ પરંતુ હું તને બહાર કાઢનાર નથી.

રાજકુમાર—ભગનિ દુષ્ટ બુદ્ધિથી મેં મહત પાપાચરણ કર્યું, નિર્મળ કુળને લાંછીત કર્યું. પણ તારા નીતિ યુકત બોધથી મારો ભવ સુધર્યો, પરંતુ હે ભગનિ મહારા ઉપર ઘણી જ કૃપા કરી મ્હારી આડે રસ્તે ચડેલી બુદ્ધિ સુધારી જેથી હું પણ તારે જાણવા જોગ અને વર્તવા જોગ એક દ્રષ્ટાંત આપું છું તેનું સાંભળ—

પ્રકરણ ૧૭

આ ભરત ભૂમિને વિશે ઘણી રચનાથી શણગારેલું અપૂર્વ દ્રવ્યવાળુ અને મનને આનંદ આપે એવું એક સીદીપુર નામે નગર હતું. દરિદ્ર, દુર્ભાગ્ય, દંભિક અને દુ:ખ તો એ નગરમાંથી તદન નાશ થયેલાં હતાં. આ નગરમાં સદગુણોથી ભરેલો ચંદ્રના જેવો નિર્મળ અને અને અદભૂત કાન્તીવાન જાણે ઇંદ્રનો લઘુ બંધુ હોય એવો એક પૃથિરાજ નામનો રાજા રાજ કરતો હતો. આ રાજા સંકરનો ભગત હતો છતાં તે હરેક જાતિના ધર્મોનો સ્વીકાર કરતો હતો. એટલુંજ નહિ પણ તે ઇંદ્રિયોના વિજયમાં જાગૃત ન્યાય તથા પ્રાક્રમથી શોભીત. એવા તે રાજાની ભ્રગુટીરૂપ લતા આગળ સર્વ સંપત્તિઓ લજ્યા રહિત હતી. તેનો નિર્મળ યશ દુનિયામાં પ્રસરી રહો હતો, તેની પ્રાણવલ્લભા નામે સુશિજ્ઞા કરીને હતી. તે શિલ, લજ્યા, પ્રેમ વિનયથી તે સુંદિર પતિની સાથે પ્રીતિ અને મધુર વાણીથી દિવસો નિર્ગમન કરતી હતી રાજા રાજ્યકારભારથી ઘણો હોંશિયાર હતો; તેથી તે શેહેરની તમામ પ્રજા ઘણા હુન્નરો શીખવવામાં અતિ ખંતિલી હતી.

આ નગરને વિશે મોતીચંદ નામનો એક વેપારી વસતો હતો. તેને પદ્માવતી નામે એક સ્ત્રી હતી. આ બા-

છના રૂપને વિષે કોઈ પણ જાતની ખામી નહોતી. પુનમના ચંદ્ર જેવું જેનું વદન છે. જેના કેશ નાગણીના જેવા શ્યામ છે. જેના નેત્ર ચંચળ છે. જેના દાંત જાણે હીરા હોય તેવા દેખાય છે. આ સરવે પ્રકારે સુશોભિત છે. છતાં આ બાઇને સંતતિ નથી. અને દ્રવ્ય અપુર્વ છે તેથી બંને નિશ્ચય કરી યાત્રાઓ કરી તથા ઘણું એક પુન્ય દાન કર્યું અને આખરે તેમ ને દરરોજ મંદિર દેરે જવું અને સાધુ સંત તથા મુનિઓના મુખની કથા શ્રવણ કરી ઘેર આવી ભોજન લેવું, આમ ઘણા દિવસો ગુજારતાં એક દીવસે પુન્યના બળે એક મહાતપસ્વી મુનિએ તે ગામમાં નિવાસ કર્યો. હવે રોજના નિયમ પ્રમાણે પેલો વણીક તથા તેની સ્ત્રી તે મુનિ મહારાજનાં દર્શને ગયાં, સાષ્ટાંગ અભિવંદન કરી તે બાઈ મહાત્માને કહે છે.

હે! મન, વચન અને કાયાના વિશે પુન્ય ભૂતવડે ગગન ત્રણ ભૂવનના પ્રાણીને ઉપકારની શ્રેણીથી ખુશી કરનાર અને લેશ માત્ર પરગુણને પર્વત સમાન ગણીને પોતાનું હૃદય વિકસ્વર કરનાર મહાત્મા હું તમને વારંવાર વંદન કરૂં છું. હે! મહાત્મા! તમેં સો મોક્ષરૂપી લક્ષ્મી આપો છો. કેમકે સ્વર્ગ લોક તથા ઇંદ્રની સાહેબી પણ થોડે દહાડે જતી રહે છે પણ તમારી કૃપાથી જ પ્રાપ્ત થાય છે. તે અચળ છે. માટે તમારી

કૃપા જે છે તે અજ્ઞાન દુર કરી સાચું જે જન્મ વિનાનું નિ-
રાકાર રૂપ તે કરી નાંખે છે. માટે હે મહર્ષિ! હું વારંવાર
વંદન કરી વિનંતી કરૂં છું કે હું અને આ મારા સ્વામી
બન્ને જણાએ ઘણાજ પ્રેમ સાથે ઘણીજ જાત્રાઓ તેમ ઘણા
પુન્ય દાન કર્યા છતાં મારે સંતતિ નથી. તો તેની મને વાંચ્છ-
ના પણ નથી પરંતુ મારૂં મન કેમ સ્થિર થતું નથી અને
વારેઘડીએ સંતતિ ઉપર લક્ષ દોડે છે. તો હું અને મારો પ-
તિ કીયો પંથ સ્વીકારીએ તો જેથી સંસારની વાંચ્છના દુર
થાય, અને મોક્ષપદની પ્રાપ્તી થાય માટે હે કૃપાળુ ગુરૂ મારા
ઉપર કૃપા કરી મારા સંશયનું સમાધાન કરો.

હે કૃપાળુ મુનિ! આ સૃષ્ટિપર આપ જેવા પરમ પુરૂષ
મળવા ઘણા કઠીન છે. જેમ કે યોગીઓના તથા દેવોના નિજ
સ્વરૂપનું રેહઠાણ તથા વિશ્રાંતીને પણ વિસામો લેવા જેવી
જગો ઘણી કઠીણ છે. તે જગો આપની કૃપાથી સેહેજ મ-
ળે છે. અને આ દુઃખ દાયક સંસારના ફેરાથી મુકત થવાય
છે. એવા આપ દયાળુ ગુરૂ મહારા ઉપર અનુગ્રહ કરી હું
રંક સ્ત્રી જાતી આપને શરણે આવેલી છું તો કૃપાવડે મારો
અને મારા પતિનો ઉદ્ધાર થાય, તેવી યોજના બતાવો. મને
ભરોસા રહે છે કે આપ જેવા મહાત્માના વચનથી મહારો ઉદ્ધાર

વે મનોરથ પૂર્ણ થશે. જેમ કે ગુરૂ વિના જે જે સાધનો કરે છે તે તે સર્વે વ્યર્થ જાય છે. લોકો ઘણા ઠાઠથી દેવ પૂજા કરે છે. ગોપીચંદન વિગેરેના ટીલાં ટપકાં કરે છે. ગળામાં તુલશીની કે રૂદ્રાક્ષની માળાઓ રાખે છે. મંત્ર જંત્ર કાઢેલાં પતરાં પુજે છે. કોઈ વાઘ ચર્મ્બર ઉપર બેસી ભજન કરે છે. કોઇ અપવાસ કરી દીવસોં નિર્ગમન કરે છે. તેથી તે કર્મોનું ફળ મળે છે ખરૂં પણ જન્મ મરણના ફેરાથી મુકત થવાતું નથી. પણ કહેલું છે કે ગુરૂ કૃપા વિના જ્ઞાન નહિ, અને જ્ઞાન વગર અધોગતિ તથા ગર્ભવાસ છુટતાં નથી, ગુરૂકૃપા મેળવ્યા સિવાય મન ગમતાં સારાં કર્મ કરે તે દુનિયામાં જેમ આંધળો માણસ વૈભવ ભોગવે તેવાં છે માટે ગુરૂ વિના જન્મારો વ્યર્થ.

અગાઉ મોટા મોટા સંત મહન્ત અને મુનિરાજ થઈ ગયા તેમને પણ જ્ઞાનનો વિચાર ગુરૂથીજ પ્રાપ્ત થયો હતો. તો મોક્ષની ઇચ્છાવાળા મનુષ્યોએ ગુરૂનાં ચરણ સેવવાં એવું શાસ્ત્રનું કહેવું છે, કેમકે તે વગર કલ્યાણ નથી. બ્રહ્મજ્ઞાનનો જે ઉપદેશ કરે છે, અજ્ઞાનરૂપી અંધારૂં મટાડે છે, જીવ શિવનું ઐક્યપણું કરે છે તેમજ દેવ તથા ભગતપણું જીવ શિવપણાથી દ્વૈતરૂપી છે. તે દ્વૈત ભગતને ઐક્યપણું કરી આપનાર એવા જે આપ પરમગુરૂ હું તમને વારંવાર વંદન કરૂં છું;

મહાત્મા—અહા ! જેના ઘરમાં રૂપવંતી, ગુણવંતી, ધર્મવંતી હોય છે, તેના કેવાં ભાગ્યોદય ! તેવી સ્ત્રી ઘરનાં સર્વે મનુષ્યોને ચંચળ અને ગુણમય કરે છે, તેનાં સરવે કાર્યો પાપ રહીતજ હોય છે, તેના સરવે વિચારો ઉત્તમ હોય છે. તેના સરવે શબ્દો શીખામણ લેવા જેમ હોય છે, ઉપદેશ કરતાં પણ સારો બોધ કરી શકે છે. અને તે ઉપદેશકનાં વચનો કરતાં સ્ત્રીના વચનો ઉપર ઘરનાં માણસોની વધારે પ્રીતિ ચોટે છે. તેથી એવું સ્ત્રી રત્ન એ ઘરના ભૂષણ—શણગાર રૂપ છે. બાઈ ! તને ધન્ય છે, ત્હારા વિચારો અને ત્હારો પતિ પ્રત્યે પ્રેમ તેમ ત્હારાં નીતિયુક્ત વાક્યો સાંભળી હું ઘણોજ પ્રસન્ન છું તો સાંભળ હું તને સ્ત્રી જાતિનો ખરો ધર્મ બતાવું જેથી ત્હારી ખરી મુક્તિ થશે. અને ત્હારા થયેલા સંકલ્પોનું સમાધાન થશે.

સ્ત્રી જાતિનો ખરો ધર્મ શું છે ? તેનું ખરૂં કર્તવ્ય શું છે ? તે હું બતાવું તે તું સાંભળ—

नास्ति स्त्रीणांपृथग्यज्ञो, न व्रतं नाप्युपोषितं ।
पतिशुश्रुषतयेन, तेनस्वर्गे महीयते ॥ १ ॥ (मनुस्मृति)

સ્ત્રીઓને યજ્ઞ, વ્રત કે ઉપાસના છેજ નહિ, પતિ સેવા અને તે સેવાથી સ્વર્ગે જવાય છે, આ શ્લોક એવો ખુલાસો

આપે છે કે સ્રીઓને યોગ, યજ્ઞાદિક, કર્મો કે મંદિરે, મુંદિરે અને દેરે, દેરે, જઈ પ્રભુની પ્રતિમાનાં દર્શન કે દાન ધર્મ કે પુન્ય કરવા કરતાં પોતાના પતિના ધર્મમાં પ્રવર્ત રહી તેમની સેવા કરવાથીજ આખરે સ્વર્ગ પદ મળે છે, પોતાના પતિની આજ્ઞા ઉલંઘન કરી તેની સેવા મુકી દઈ બીજા ધર્મ આદરે છે તેને તે ધર્મ ફળીભૂત ન થતાં આખરે તેને મહાનર્ક શોસવું પડે છે. સ્રીઓને તો ફક્ત મન કર્મ વચનથી પોતાના પતિનું શ્રેય કરવાના ઉપાયો શોધવા, તેમની આજ્ઞામાં રહેવું સારી ચાલથી ચાલવું. સદગુણો ગૃહણ કરવા, તેમજ પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી રહી સહન શિલતા ધારણ કરવી વાણી કબજામાં રાખી પતિની સેવામાંજ રહેવું, પ્રાતઃકાળથી તે સાયંકાળ સુધી, તેમ સાયંકાળથી તે પ્રાતઃકાળ સુધીનો વખત સ્રીએ પોતાના પતિની હજુરીમાંજ રહેવું.' ચાર વેદ અને અઢાર સ્મૃતિઓમાં પણ શ્રેષ્ટ ધર્મ એજ કહ્યો છે કે પતિને ઇશ્વર રૂપ માનીને નિત્ય પુજન કરવું અને તેનો હુકમ માનવો એ સ્રીઓનો ખરો ધર્મ છે. સ્રીને પુરૂષના સંસારિક વેહેવારીક કૃત્યોમાં હમેશાં સાથી રૂપ રહેવું. અને તેને તેના લાયક જોઇતા પ્રસંગોપાદી મદદ દેવા માટેજ તેને અર્ધાંગના એવું ઉપનામ આપવામાં આવેલું છે. પરણતી વખતે જણુ

સ્ત્રી પતિની મન, કર્મ, વચનોથી આધીન રહેવા બંધાયેલીજ છે. લગ્ન ક્રિયામાં થતી સપ્ત પદિની ક્રિયામાં કન્યા પોતાના પતિ પાસે જ માગણીઓ કરે છે. તેથી ખાતરી થશે કે સ્ત્રીઓ પતિની સેવા કરવાને મુલથીજ બંધાયેલી છે.

त्वंमयाल्व्यसौभाग्यं, पुण्यैश्चविविधै कृतैः ।
देवैः संपादितोमह्यं, कन्याचैकपदेब्रवीत् ॥

હે સ્વામી! તમે મારી સંગાથે રહીને સુખને પામો એટલે હું તમને સુખ આપનારી થઇશ અને મેં કરેલા અનેક પ્રકારના કર્મોએ કરીને મને દેવતાઓએ તમો પતિ આપ્યા છે. આ પ્રમાણે પ્રથમ પદ ભરતાં કન્યા પતિને કહે છે.

कुटुंब पालये स्वामिन, बाल्ययौवनवार्धके ।
आस्ति नास्ति स्वयंतुष्ट, ब्रूतेकन्याद्वितियके ॥

હે ભરથાર ? બાળ, યોવન, વૃદ્ધા, અવસ્થામાં હું તમારા કુટુમ્બનું પાલણ કરીશ અને કાંઈ ઘરમાં વસ્તુ હશે કે નહિ હોય તો પણ હું શંતુષ્ટ રહીશ કન્યા બીજે પગલે આ પ્રમાણે કહે છે.

मिष्टान्नव्यंजनादीना, काले संपादयेत्तवं ।
आज्ञा संपादेनी नित्यं, ब्रूते कन्या तृतियके ॥

હે સ્વામી ? હું તમારે અર્થે બરોબર વખતે ભાત ભા-

તનાં મિષ્ટાન અને શાક પત્રાદિક સંપાદન કરીશ. અને સદાય તમારી આજ્ઞામાં ચાલીશ આ પ્રમાણે ત્રીજે પગલે કન્યા પતિને કહે છે.

शुचीः शृंगारमपाहं, वाग्मनः कायकर्मभिः ।

नाहंत्वादित्वसंगच्छै, ब्रूते कन्या चतुर्थके ॥

હે ભરથાર ! હું સદાય નિર્મળતામાં રહીશ. હાથના તથા નાકનાં, પહેરવાનાં આભૂષણ વસ્ત્રાદિક જે શૌભાગ્યને જણાવેછે. તે સદા પહેરીશ. અને મન, વચન, તેમજ કાયાના કરમવડે તમને મુકીને અન્ય પુરૂષને ભજીશ નહિ. આવું ચોથે પગલે કન્યા કહેછે.

गृहकर्माणिसर्वाणि, करिष्याम्यनुवर्त्तनी ।

वंशवृद्धिकरिष्यामि, ब्रूतेकन्याचपंचमे ॥

હે નાથ ! હું ગ્રહનાં જે કામોછે તે સરવે કરીશ. તમારી આજ્ઞા પ્રમાણે ચાલીશ. તમો વંશ વૃદ્ધિ કરસો આ પ્રમાણે પાંચમે પગલે કન્યા કહે છે.

सुखदुःखानी सर्वाणि, सहिष्याबित्वयासह ।

यत्रत्वंतत्रहंतत्रं, ब्रूते षष्टेच कन्यका ॥

હે ભરથાર ! હુ તમારા ભેગી રહીશ. અને સુખ દુઃખ પડશે તે સહન કરીશ. પણ જ્યાં તમો વાસ કરશો. ત્યાં તમારી સાથે મને રાખશો.

त्वंपतिश्चममस्वामिन्, मयादेहस्त्वदर्पितः ।

वंदनीयोसिनित्यत्वं, ब्रुते कन्याच सप्तमेः ॥

હે પ્રાણ વલ્લભ! મારૂં પાલન કરનાર તમોછો! મારા સ્વામી પણ તમો છો તમને અર્પણ કરેલી વસ્તુ તેની પ્રસાદીનું હું ભક્ષણ કરીશ. આ પ્રમાણે સાતમે પગલે કન્યા કહે છે.

એટલુંજ નહિ પણ કન્યા પોતાના પ્રાણનાથ પ્રત્યે દરેક પગલે પોતાના મન કર્મ વચને સ્વાધિન રેહેવા શાસ્ત્ર યુકત બંધાયેલી છે. અને જ્યારે તે પ્રમાણે સ્ત્રીઓ ન ચાલે ત્યારે ઈશ્વરના બાંધેલા બંધારણથી વિમુકત થઈ તેના હુકમનો અનાદર કરેલો જણાય છે. અને જ્યારે તેમ થાય ત્યારે પ્રભુ આપણને અમરપદ કર્યાંથીજ આપે. જ્યારે દેવાંગનાઓ પોતાના પતિનીજ સેવા કરવાની અરજ કરે છે. ત્યારે મનુષ્યે તો તેમ કરવું અવશ્યનું છે રૂક્ષમણી, સચી, સિતા, પારવતી, રતિ, વીગેરે સ્ત્રીઓએ કે જે સાક્ષાત ઈશ્વરી અવતાર તરીકે મનાય છે. તેમને પણ પોતાના પતિની ઘણીજ બરદાસ ઉઠા-

વેલી છે. સ્ત્રીઓના પતિની સેવા એજ વૃત, તપ, અને અ-
ગ્નાદિક નિત્ય કર્મ છે સિવાય અન્ય યોજનાઓ નિર્થક છે.

પુર્ણ ભકિતથી સ્વામીની આજ્ઞા લઈ તેનાં ચરણોદક લેવાં અને વ્રત, તપસ્યા, દેવની પુજા તજી દઈ યત્ને કરીને પતિના ચરણ કમળની સેવા કરી સ્વામી પ્રસન્ન થાય તેવી રીતે સ્તુતિ કરવી. પતિની આજ્ઞા સિવાય સતિએ કંઈ પણ કાર્ય કરવું નહિ ઉત્તમ વૃતવાળી એવી જે સ્ત્રી તે યાત્રા એઠ ઘણા લોકાનો સમુદાય ભેગો થાય છે ત્યાં તેમ નૃત્ય, ગાયન, એવી કોઇ પણ જગ્યામાં ભાગ લેવો ન જોઈએ મહાત્માના કહેવા પ્રમાણે તે બાઈ વર્ત્તવા લાગી. જેથી થોડા દીવસે તેણીને ગર્ભ રહયો દશમાસ પુરા થતાં એક કાન્તીવાન પુત્રનો જન્મ આપ્યો. પુત્ર મોટી ઉમરનો થયે તેનું લગ્ન કર્યું. બાદ આ લોકમાં સારો જશ લઇ પછી થોડી વખતે તે સ્ત્રી તથા વણીક મોક્ષ ગતીને પ્રાપ્ત થયાં.

બાઈ આ દ્રષ્ટાંત ઉપરથી એટલો બોધ લેવાનો છે કે શિ-યળ એ. સ્ત્રીનું પરમ ભૂષણ છે. શિયળથી સર્વ પ્રકારનાં, દુઃખોનો નાશ થાય છે, અને શિયળથી વાંચ્છિત ફળ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે શિયળનો મહિમા જાણી શિલ ધર્મ પા-ળવા ઉધમી થવું. પાંચ ઈંદ્રિયોના વિષયને વિષ તુલ્ય મંસ-

છે તેનાથી દુર રહેવું. શિયળ પાળવાથી આ ભવમાં પણ અનેક કષ્ટો નાશ પામે છે. અને જગોએ જગોએ આપની કીર્તિ ફેલાય છે અને મનોવૃત્તિ ઉજ્વળ થતી જાય છે, તેથી મોક્ષ સુખની પ્રાપ્તી થાય છે.

કાન્તા—શાબાશ ! શાબાશ ! વિરપુત્ર તારી બુદ્ધિનો તું આટલું જાણ્યા છતાં નાહકનો દોષિત શા માટે થાય છે. અને તારા નિર્મળ કુળને લાંચ્છીત કરવાની પ્રેરણા શા માટે કરી છે. પણ જો ત્હારા દોષો દૂર થશે, તે માટે હું ઇશ્વરની સ્તુતિ કરીશ. આજે નવરાત્રીનો દીવસ છે માટે મારી સખીઓને બોલાવી સંગીતનો સમાગમ કરાવું છું તે તું સાંભળ. બાદ થોડા દીવસ પછી હું તમારા પિતાશ્રીને પત્ર લખીશ. અને તેનો જવાબ આવેથી આપને ખુશીથી છુટા કરોશ.

કાન્તા તથા તેની સખીઓ—(ગરબો) ૧

દોને અંબિકા દર્શન આજ આ ઘડી,

આજ આ ઘડી, અંબે આજ આ ઘડી. દોને.

સાખી.

બાઘ સ્વારી શોભી રહ્યાં, કર લીધાં હથિયાર;

સુંદિર સાડી શોભતી, ટીલડીનો લલાટ.

સહાયતા વિનાનો માત, અંબે ન આવેરે;
ખાલી શીદ કરો છો વાર, અવો આ વારેરે,
આશા ભર્યો હું આવ્યોરે અંબિકા. દોને.

સાખી.

વાર ન કરશોં માવડી, જેશો નહિ મુજ દોષ;
નવ દુર્ગા મુજ મન વસો, કરગરી કહું છું આજ.
ભર મેદનીની માંય, આમ શું સતાવોરે;
આ સેવક ઉધારણ માય, સહાય તમે થાઓરે,
અરજી અમારી ઉર ધારીરે અંબિકા. દોને.

સાખી.

ચંડ મુંડને મારવા, પ્રગટ્યાં ત્યાં તતખેવ;
માટે આવો આ સમે, દાસની રાખવા ટેક.
કીધી કરૂણા લ્હેર, માત પધાર્યાંરે;
વળી દઇ દર્શનનો લાભ, દુખડાં ટાળ્યાંરે,
વિનતિ અમારી ઉર લીધીરે અંબીકા. દોને

સાખી.

જળથળ અવની ઉપરે, જ્યાં ત્યાં તારો વાસ;
ભક્ત ઉધારણ માવડી, નમું છું વારંવાર.
ત્રીભુવન કહે માત દુઃખ નહોનું દેવુંરે,

ષ્ણ છે કળીયુગનો વાસ અગ્રુ શું કહેવું રે;
વિનતિ અમારી ઉર લીધીરે અંબિકા. હોને.

(ગરબો.)

પાણી ભરવા હું ગઇતીરે.

અંબે દર્શન સૌ ચાલોરે, માજી જ્યાં બીરાજે છે.
દુઃખ સૌના તું કાપેરે, ડુંગરવાળી માં જે છે. અંબે.

સાખી.

સરવે મળી ચાલો હવે, દરશન કરવા કાજ;
મન મારૂં લોભી રહ્યું, જોઇ છબી ખુબ આજ.
પગે પાવડી પહેરીરે, ઝાંઝર ઝમકે સારાં;
કાને કુંડળ મોટારે, હીરા જેમાં ચળકે છે. અંબે.

સાખી.

કર ચુડો સારો ધર્યો, કોટે નવસર હાર;
પચરંગી સાળુ ઓઢીને, કીધો ઝાક ઝમાળ.
મંડપ મોટો ત્યાં બાંધ્યોરે, શોભા તેની બહુ સારી;
હાંડી ઝુમરૂખ લટકેરે, જુએ સહુ નરનારી અંબે.

સાખી.

સોળે શણગારો સજી, સિંહ થયાં અસવાર,
હાથ ત્રીશુળ ખપ્પર ધરી, દીઠાં મેં તૈયાર.

મારર્યા મધુકૈટ મોટારે, મહિષાસુર પાપીને;
યુદ્ધ જબરૂં તેં કીધુ રે, લજ્યા સૌની રાખી તેં. અંબે.

સાખી.

મહિસા સૂર જુડો થઇ, આવ્યો આપ દ્વાર;
ખડક લઇ તેને હણ્યો, છેદ્યું તેનું શીશ.
મોટાં પ્રાક્રમ કીધાંરે, માજી તું ગાજે છે,
રામશંકરનાં દુઃખોરે સહેજથી તું કાપે છે. અંબે.

ગરબો.

(રાગ. પુનમ ચાંદનીનો)

ખુશી થઇએ આજે પ્રેમે મંડપ જોઇનેરે.
ચાલો દરશન કરવા સરવે મળીને સાથ,
આજે નવરાત્રી ખેલેરે માતા ચોકમાંરે—ટેક.

સાખી. ૩

કમર કછોટો આયુદ્ધ લઇ, બેઠાં મહા વિકાળ;
નયણે માને અમી ઝરે, ટીલડીનો ચમકાર.
બાળા બહુચરી અંબા મા, માતા તુલજારે;
પાવાગઢથી આવ્યાં છે માતા કાળકારે.
ચોસઠ જોગણીઓ ઉભી છે માતા ચોક. આજે.

સાખી.

કુમકુમ રોળ્યા ભાલમાં, ચોખાં ચોડયા સાર;
લીધાં અંજન પ્રેમથી, સેથે સીંદુર સાર.
ચાચર મંડપ મધ્યે, રૂપાના સીક્કા જડયારે;
આરસ પહાણના પથરાતો રૂપે જડયારે,
તેની સામે બેઠા ભૈરવજી ગંભિર. આજે.

સાખી.

જે ગાય શીખેને સાંભળે, તેની પુરે આશ;
દાસ ત્રીભુવન એમ કહે, માજી રાખજો લાજ.
ગબ્બર જુઓ તેમાં, અઘોરીઓ અતિત છેરે;
તેના ઉપર માતા અંબીકા રાજી રહેરે,
વન તરૂવર શોભા દીઠી છે ગંભિર. આજે.

ઉપર પ્રમાણે થોડો વખત ગમ્મતમાં ભાગ લઇ કાન્તાની સર્વે સખીઓ પોતપોતાના ઘેર ગઈ.

હવે કાન્તાએ નીચે મુજબ કાગળ લખી એક કાસદ જોડે આ રાજકુમારના પિતાશ્રી તખ્તસિંહ ઉપર કોન્સીલપુર મોકલ્યો.

નામદાર દરબારશ્રી તખ્તસિંહજી.

મુ. કૌન્સીલપુર.

ચંદ્રાવતીથી. લી૦ કારીગુરની સ્ત્રી કાન્તાનું પગે લાગવું સ્વીકારશો.

હે રાજન ? આપણે સર્વ એકજ મુળમાંથી ઉત્પન્ન થયેલાં છીએ. એકજ તત્વમાંથી પોષણ મેળવીએ છીએ અને અંતે કોઇક પણ દીવસે એકજ તત્વમાં મળી જવાના છીએ જો કે તમો વસ્ત્ર પહેરોછો તે તમો શું તમારા શરીર ઉપર ઉપકાર કરોછો ? તમો સ્વાદીષ્ટ ચીજો ખાઓ છો તે શું તમારી જીભ્યા ઉપર ઉપકાર કરોછોં ! હે રાજન ? એ ઉપકારો નથી. પણ સ્વભાવીક છે. આપણે રોજ રોજ શું ખાઇએ છીએ ? શું વિચાર કરીએ છીએ ? શું ઈચ્છાઓ રાખીએ છીએ ? એ સમજીને આપણે આપણા મન સાથે વિચાર કરીએ તો આપણને આપણી જીંદગીનો દુરૂપયોગ માટે ત્રાસ છુટયા વગર રહેશે નહિ. પણ જરા વિચાર કરો કે મારા સ્વામીએ તથા મારા સસરાએ મોટી રકમ મેળવવાને લાલચની ખાતર તેમ તુમારૂં મન સંતુષ્ટ કરવાને તેમ તમારી કીર્તિ ફેલાવવા સુંદર મહેલ બાંધી આપ્યો તેના બદલામાં તેં તેમને કેદ કર્યા. અહાહાહા ! શું રાજ્ય નીતિ ? કેવું ઉદારપણું ? પણ યાદ રાખજો કે જેણે. તમને એવી સલાહ અથવા બુદ્ધિ આપી છે-

તેણેજ મને એ શબ્દો કહ્યા, જેથી મેં તમારા રાજકુમારને તે-
વીજ રીતે કેદ કર્યો છે.

હે રાજન?—જ્યારે મારા સ્વામીને તેમજ સસરાને છુ
ટા કરી મારી તરફ વિદાય કરી મોકલશો ત્યારેજ તમો રાજ
કુમારનું મુખ જોશો તે નક્કી સમજવું.

લી૦ કાન્તા.

પ્રકરણ ૧૧

કાગળ લઇ નીકળેલો માણસ ચાલતાં ચાલતાં થોડા દિ-
વસે સંધ્યા સમયે કૌંસીલપુર આવી પહોંચ્યો. અને રાત્રીનો
વખત થઈ જવાથી રાજ્યમાં નહિ જતાં ગામ બહાર એક ધ-
ર્મશાળામાં મુકામ કર્યો. બીજે દીવસે સૂર્યોદય થયા પછી થોડી
વારે રાજ્ય કચેરીમાં જઇ કાન્તાએ આપેલો કાગળ તખ્ત-
સિંહ રાજાને આપ્યો.

રાજાએ કાગળ હાથમા લઈને વાંચ્યો અને કુંવરજીને
કેદ કર્યો છે આ શબ્દો વાંચતાંજ રાજાને ઘણોજ ક્રોધ ચડી
આવ્યો અને તુરતજ પોતાનો કારભારી તથા કચેરીમંડળ
ભેગું કર્યું અને સર્વેનો મત લેવા માંડયો.

કારભારી—હે રાજન! શાસ્ત્રમાં કહ્યું છે કે પુન્ય કરવું તે
ગુપ્ત કરવુ આપણા ઘેર આવેલા મનુષ્યને સારા આદર સાથે

તેનો સત્કાર કરવો મારકાનું ભલુ કરવા હમેશાં ચીત્ત રાખવું અને પરાયા માણસે આપણા ઉપર કરેલો ગુણ કદી પણ ભુલી જવો નહિ. જો કે આપ રાજા છો અને આપને દ્રવ્ય પુષ્કળ છે છતાં આપ ચક્રવર્ત્તિ રાજા થાઓ તેથી મનમાં ગર્વ કદી પણ લાવવો નહિ તેમ જો કે કોઈની ખોટી વાત થતી હોય તો તે વાત સાંભળવી નહિ તેમ ફેલાવવી નહિ આવાં કઠણ વૃત ધારણ કરનાર રાજાને નિતિવાન રાજા ગણે છે જુઓ કે આ હાથ છે તે પુન્ય કરેથી શોભે છે, માથુ છે તે સત્પુરૂષોને તથા દેવને નમાવ્યાથી શોભે છે, મુખ છે તે સાચુ બોલવાથી શોભે છે, હાથ છે પ્રાક્રમથી શોભે છે વળી સત્પુરૂષોનું મન કમળના પુષ્પથી પણ ઘણું નરમ હોય છે અને આપત્તિમાં પથ્થરથી પણ કઠીન થાય છે માટે હે રાજન આપ આ વૃથા ક્રોધ શા માટે ચડાવોછો ? જો કે હું આપને કહેવા યોગ્ય નથી છતાં કહું છું તે મારી ફરજ અદા કરૂંછું. આપ જ્ઞાનદ્રષ્ટિએ જોશો તો સહેજ માલુમ પડશે કે જે માણસોએ આપને ખુશી કરવા માટે ઘણી મહેનત કરી સારો બંગલો બાંધી આપ્યો તો તેને તેના બદલામાં આપે કેદ કર્યા. અહાહા ! કેટલો અ- ધર્મ! આ રીત શાસ્ત્રથી બહાર છે. તો આપ મહારા ઉપર કૃપા કરી કેદ કરેલા કારીગરોને છુટા કરશો અને તેની મહેનતના

પ્રમાણમાં દ્રવ્ય આપશો આપને કંઈ કમી નથી તેઓ તેમના ગામ જવાથી રાજ્યકુમાર ખુશીથી આવશે વળી આપને જ્યારે આટલોબધો ક્રોધ ચડયો છે ત્યારે તે કારીગરોને તેમજ તેની સ્ત્રીને કેટલોબધો ક્રોધ ચડયો હશે ! તેનો જરા જ્ઞાનદ્રષ્ટિથી વિચાર કરશો ટુંકામાં મારે એટલુંજ કહેવાનું છે કે આ બંને કારીગરોનું મન સંતુષ્ટ કરી તેમને અંતરેથી વિદાય કરો.

આવી રીતે કારભારી રાજાને કહે છે એટલામાં રાજ્યગુરૂ પધાર્યા.

રાજ્યગુરૂ—અરે અવિચારી ! પુર્વાપર વિચાર કર ! જે ત્હારા અંતઃકરણમાં એક પણ દુષ્ટ સંકલ્પે આજ સુધી પ્રવેશ કર્યો નથી તો તું કૌંસીલપુરીનો પવિત્ર રાજા કહેવાયો અને ત્હારી પવિત્રતાના પુન્ય પ્રભાવથીજ પરમકૃપાળુ જગત પુજ્ય પીતા શ્રી કૃષ્ણભગવાને પણ ત્હારા ઉપર પરિપૂર્ણ કૃપાદ્રષ્ટી કરી પોતાના ચતુરભુજની છાયા કરેલી છે તે ત્હારા હૃદયકમળ ઉઘાડીને જો. પણ હું નિશ્ચય કરીને કહુંછું કે તેં ત્હારી નિર્મળ બુદ્ધિને અત્યંત મલિન કરતાં મનસા દુષ્ટ કર્મ કરવાના સંકલ્પરૂપી કર્મ બાંધવા તત્પર થયો છે. અને તું આ શુન્ય વિચારી થઈને શાસ્ત્રનિંદીત અયોગ્ય કાર્ય કરે છે તો તે ઉપરથી આ સમયે હું તારૂં ભવિષ્ય ભાખુછું તે તું નિશ્ચય સં-

મજી ત્હારા મનની સાથે નિરંતર સ્મરણ કરી રાખજ. અરે, તું જ્યારે કબુદ્ધિના કુંડમાં લથડીઆં ખાતાં મોહ વમળમાં ભરાઇ પડયાથી પોતાની મેળે પવિત્રતાનો નાશ કરીને નર્કદ્વાર ઉઘાડવાનો તું પ્રયત્ન કરે છે? ત્હારે તારૂં સર્વત્ર નાશ થવા બેઠું છે એમ હું સમજુંછું અરે, એટલુંજ નહિ પણ ત્હારા દુષ્ટ કૃત્યને ઉદ્દેશીને આ મારાં હીતકર વચનોને હીત શત્રુ ગણી કાઢીને વિપરીત વિચાર ગ્રહણ કરે છે? તો તે પરથી કોઈ મોટી આપત્તિ તારા રાજ્ય ઉપર આવી પડે એમ મને ભાસે છે અથવા તો ત્હારૂં રાજ્ય પાયમાલ થશે એ વિના આવો કુતર્ક આપના પવિત્ર અંતઃકરણમાં વાસ કરે નહિ.

આવી રીતે કારભારીએ તેમજ રાજ્યગુરૂએ શીખામણ આપી છતાં રાજા જરાપણ શાન્ત થતો નથી. અને ફરીથી રાજાએ હુકમ કર્યો કે જાઓ મારા દેખતાં પેલા મોતીરામ તથા મનોહર કારીગરને કેદમાંથી બહાર કાઢી અહિં બહાર કેદમાં ઈલાયદા રાખો. અને તે માગે તે ચીજો તેમને આપો. અને ચાર દીવસ પછી તેમને ફાંસીએ ચડાવી દો, આવો રાજાનો હુકમ સાંભળતાંવારજ પેલા કારીગરોને દેહમાંથી બહાર કાઢી એક ઇલાયદી જગોએ સારા જાપતાથી રાખી તેમને રાજાનો હુકમ સંભળાવવામાં આવ્યો કે આજથી ચોથે દીવસે

એમને ફાંસી દેવામાં આવશે માટે તમારે જે ચીજો વીગેરે જો ઇએ તે ચાર દીવસની અંદર માગી લેવી. અને તે યોગ્ય લાગશે તો આપવામાં આવશે. આ શબ્દો કાને પડતાંજ પેલા બન્ને કારીગરો ગાભરા બની ગયા. અને પાછી હીમત લાવી બોલ્યા કે બેટા ! શાન્ત થા જરાપણ ગભરાઇશ નહિ આપણને ઈશ્વર સહાય થશે. પ્રેહ્લાદ, ધ્રુવ, નળ વીગેરે ઘણા ટેકી રાજા ઓને ઇશ્વરે મહાન કઠીન મુશીબતોમાંથી ઉગર્યા છે તો આ-પણ તેજ ઇશ્વર સહાય થશે.

સુની દુ:ખી જનકી કથા, આપ બિપતિ બીસારી;
દુખકે ઘોંસ ગુજારીએ, ધિરજ ઉરમે ધારી,
સીત હરી દીન એક નીશાચર, લંક લઇ દીનએ સોહીઆયો;
એકદીના દમયંતી તજી નળ એક દીના ફીરહી સુખ પાયો.
એકદીના બન પાંડવ કે અરૂ, એકદીનાં છીતી છત્ર ધરાર્યા;
સોચ પ્રબિન કછુ ના કરો, કિરતાર યેહ બીધી ખેલ બનાયો.

(પ્રવીણસાગર)

પ્રકરણ ૧૨

હવે ભોંયરામાં રાખેલ રાજકુમાર કહે છે કે હે કૃપાળુ એનાં ! ત્હારા સદ ઉપદેશથી મ્હારૂં મન પ્રફુલિત થયું છે. અને તે એવી રીતે કે જ્યાં સુધી આ શરીર રહે ત્યાં સુધી

એક પળ પણ હું પરસ્ત્રીપર કુદ્રષ્ટિ તેમજ ખરાબ આચરણ કરનાર નથી. હું પ્રતિજ્ઞા લઇ કહું છુ કે હે પ્રિય ભગની ! મને ભોંયરામાંથી બહાર કાઢ. તું કહીશ તેમ કરીશ ત્હારૂં વચન કદીપણ ઉલંઘન કરીશ નહિં. વચ્ચે પરમેશ્વર છે તેમ મારી સાત પેઢીનું વચન છે માટે મારા શબ્દો ઉપર ભરોંસો રાખી મને છુટો કર. અને મારી સાથે ચાલ. હું ત્હારા સ્વામી અને સસરાને ઘટિત દામ આપી ત્હારી સાથે અતરે પપહોંચાડીશ. વિશ્વાસ લાવો.

કાન્તા—હે રાજકુમાર ! જીવવું, મરવું, સુખ, દુઃખ ભય, ક્ષેમ, હાની, નિર્ભય અને લાભ એ સરવે વિધિના હાથ છે. જેમ બ્રહ્માએ આપણા કપાળમાં લખ્યું હોય તેમજ કાળે કરી થયે જાય છે. માટે આપ ભોંયરામાં રહ્યા તેથી આપના મનમાં એ વાત લાવશો નહિં. જો કે રાજાનો જરા પણ વિશ્વાસ રાખવો ન જોઈએ એવું છતાં હું તમારા બોલવા ઉપર ભરૂસો રાખી તમારી સાથે આવવા તૈયારુ છું પણ પ્રથમ વિચાર કરજો. કેમકે હું સ્ત્રી જાત છું જો મારા ઉપર કંઈ પણ વિઘ્ન અથવા આળ આવેથી મ્હારે મરવું પડે. માટે તમો તેના દોષિત થશો. અને પાપી મનુષ્યમાં અગ્રણી ગણાશો. તો વિચાર કરો અને કહો.

રાજકુમાર—હે ભગની ! આ શરીરમાંથી હાડમાંસ જુદાં થાય તેમ કદાચ આ શરીર પડી જાય, તો પણ મને ફીકર નથી. પણ મારૂં આપેલું વચન કદી મિથ્યા નહિ જવા દઉં. એ તમારે ખાસ ધ્યાનમાં રાખવું, તમારા પવિત્ર ઉપદેશથી આ શરીર આપની જેટલી રક્ષા કરે તેટલી ઓછી છે. માટે નિર્ભય થાઓ. અને મને બહાર કાઢો અને મારા રાજ્ય તરફ જવાને તૈયાર થાઓ.

પછી કન્તાએ ભોંયરાનું બારણું ઉઘાડયું અને રાજકુમાર તથા પેલા બ્રાહ્મણને બહાર કાઢયા. બે ઘોડા તૈયાર રાખ્યા હતા તેથી એક ઉપર પુરૂષનો પોષાક ધારણ કરી કાન્તા સ્વાર થઈ. અને બીજા ઉપર આ રાજકુમાર સ્વાર થયો. આ પ્રમાણે બંને જણ ઘોડેસ્વાર થઇ કૌન્સીલપુર તરફ જવાને ચાલી નીકળ્યાં.

માર્ગમાં ચાલતાં ચાલતાં એક મોટું શહેર આવ્યું જેનું નામ ગોહિલપુર હતું, આ ગામની દક્ષિણ બાજુએ એક સુંદર બાગ હતો, જેની અંદર કેતકી, ગુલાબ, મોગરો, ચંપો, નાળીએરી, ખજુરી, દાઢમ વિગેરે તેમ કેળનાં સુંદર ફળ ફુલોથી, કેળના ભારથી ઝુકી રહ્યા હતા. ત્યાં નાના પ્રકારનાં જાનવરોનો અવાજ સંભળાતો હતો. આ બાગમાં એક સુંદર

બંગલો હતો, તે બગીચો તથા બંગલો સંભાળવા માટે એક ચોકીદાર ત્યાં રાખેલો હતો. આ ચોકીદારે પેલા બંને સ્વારોને આવતા જોઈને પુછયું ભાઇ તમે કયાંથી આવો છો અને કયાં જવાનો વિચાર રાખો છો! ત્યારે પેલા રાજકુમાર કહ્યું કે—અમો છેટેથી આવીએ છીએ અને હજુ ઘણે છેટે જવાનું છે. પરંતુ સાંજ પડી ગઈ છે. તેથી આ બાગમાં રાત વાસો રહેવાનો વિચાર છે તો અમારી સવડ થશે ? આ ચોકીદારે તેમનું બોલવું સાંભળી વિચાર્યું કે—રાત પડી ગઇ છે. હવે શેઠ આવવાના નથી ત્યારે લાવને આ બંગલો ઉઘાડી આપું કેમકે આ કોઈ સારા માણસ જણાય છે. તો જતી વખતે મારે કંઇ પ્રાપ્ત થશે. આવી આશાથી પેલા ચાકરે બંગલો ઉઘાડી આપ્યો. અને તેમના ઘોડા લઇ નજીકમાં બાંધ્યા. રાજકુમારે તથા કાન્તાએ બંગલામાં મુકામ કર્યો. પછી રાજકુમારે કાન્તાની આજ્ઞા લઈ ગામમાં પોતાને જમવા માટે કંઈ ખાવાનું લેવા સારૂં કંદોઈની દુકાને ગયો અને ત્યાંથી મીઠાઇ લીધી. પછી તંબોળીની દુકાનેથી પાન લીધાં અને ઘોડાને વાસ્તે ચંદી લીધી એ બધી જણસો એક મજુરને માથે ચડાવી રાજકુમાર કાન્તા પાસે આવ્યો. પછી ઘોડાને મજુર પાસે ચંદી ચડાવી અને લાવેલી મીઠાઇ રાજકુમાર તથા કાન્તાએ ખાધી

અને બાકી વધી તે પેલા મજુર તથા બાગના ચાકરને વહેંચી આપી. કાન્તા તથા રાજકુમાર પાન સોપારી ખાય છે એવા-માં કાન્તાની નજર પેલા મજુર તરફ ગઈ અને મજુરની આંખ જોઇ ઘણું અચંબા સાથે પેલા મજુરને પુછવા લાગી. હે ભાઇ ! આ તારી આંખ શાથી ગઇ છે, તમો દેખાતા તો રૂષ્ટ પુષ્ટ અને પહેલવાન જેવા છો તેમ આંખ જોતાં ઘણા બિહામણા લાગો છો. આ ખોડ પ્રથમીજ ઇશ્વરે બક્ષેલી હોય તેમ જણાતું નથી તો તમારી જે હકીકત હોય તે કહેશો. કેમકે મારે સાંભળવાની ઇચ્છા થઈ છે. પછી રાજકુમારે પણ તેજ પ્રમાણે કહ્યું, ત્યારે મજુરે જવાબ આપ્યો. મારા મહેર બાન ! એ વાત સાંભળવામાં કંઇ સાર નથી. અને સાંભળેથી તમો મારૂં કંઈ દુઃખ ઓછું કરશો ? જો એમજ હોય તો મને આપ આગળ વાત કહેવાને જરા પણ વાંધો નથી. ત્યારે રા-જકુમારે કહ્યું તું કહે તો ખરો. પછી પેલા ગરીબ મજુરને વિશ્વાસ આવ્યાથી તેણે કહેવું શરૂ કર્યું.

આર્યાવર્ત્તમાં સ્ત્રી પુરૂષો મળી પચીસકરોડની વસ્તી ગણાય છે તેમાં બારકરોડ સ્ત્રીઓ નાની મોટી થઇને ગણાય છે અને એક કરોડ છોકરા છોકરીઓ થાય છે. અગીઆરકરોડ બાકી રહેલી તેમાં ત્રણકરોડ ભીખ માગનાર આ ઘરથી પેલે

હૃર એમ દુનિઆમાં રમણ કરે છે અને ત્રણકરોડ તીર્થયાત્રા-
માં ફરે છે એક કરોડ વ્યસની ભાંગ ગાંજામાં મશગુર રહે છે
અને એક કરોડ શરાબ પી મસ્ત રહે છે અને એક કરોડ આ
મથી તેમ બેભાન સ્થીતીમાં ફરે છે અને એક કરોડ માંદા ખા
ટલામાં આમથીતેમ ગોટાળા ખાય છે, ત્રણ કરોડ ચોરી તથા
તથા જુગાર રમવામાં મશગુલ છે, એક કરોડ નાચ, ગંજીફા,
કબુતર, બાજીમાં વખત ગુમાવે છે તો હે ભાર્તભૂમી તને ધન્ય
છે કે તું ધરતીમાંથી અનાજ પકાવી આપે છે. આવી મનુષ્ય
યોની છે જો પૂર્વના પુન્યનો સંચય થયેલો હોય તો મનુષ્ય
યોનીમાં જનમે છે અને તેમાંજ જો ન્યાયમાર્ગમાં ચાલવાથી
જન્મ મરણનો ફેરો ટળે છે અને જો મોહ, મત્સર, લોભ,
મધમાં લોભાણો તો આ દુનિયામાંથી હજારો ગાઉને છેટે રહે
છે માટે પ્રથમ કાર્ય મન મારવાનું છે જ પુરૂષે મન માર્યું તેને
આ ભવસાગર તરવાને કંઈ વાર નથી. મારી ખોટી મોટાઈમાં
આ દશા થઇ છે. કહેવત છે કે—"ઠોકર વાગ્યા પછી સમજણ
આવે." તોં કહેવત મને બરોબર લાગુ પડે છે અને તેથી વારે,
ઘડીએ મને વિમાસણ આવે છે કેં મહારે ઘણું સુખ હતું તે
ક્યાં ગયું અને હાલ આ મજુર તરિકે આપની સેવામાં હા-
જર! અહાહા! ધિક્કાર છે મારા જીવતરને. અફસોસ! અફ-

સોસ ! જો કે હું એક પાટલીપુર ગામનો રહીશ છું. જાતે ખેડુત રજપુત છું. મારે ઘેર પચીસવીધા જમીન હતી, તેમ હું મારા ગામથી પાંચ ગાઉને છેટે પરણેલો હતો, મારે અને મારી સ્ત્રીને ઘણીજ પ્રિતી હતી તેથી અમો સુખચેનમાં દિવસો નિર્ગમન કરતા હતા એવામાં મારા સાસરેથી કંકોતરી આવી કે—તમારી સાળીનાં લગ્ન છે માટે તમો તે ઉપર પધારજો અને અમારી દીકરીને આ કાગળ વાંચી તુરત મોકલજો. પછી કાગળ વાંચી મેં દશ વીધા જમીન વેચી તેમાંથી જે રૂપીઆ આવ્યા તેનું થોડું ઘરાણું તથા લુગડાં વીગેરે મારી સ્ત્રીનાં બનાવી તેને તેના પીયર તરફ વિદાય કરી. હવે લગનમાં થોડા દિવસ બાકી છે એટલે મેં પણ વિચાર કર્યો કે—જો હું બરોબર ભભકા સાથે નહિ જાઉં તો મારી પણ આબરૂ જશે અને લોકો કહેશે કે અહો ! આતો નકામી મોટાઇ કરે છે, માટે મેં પણ મન સાથે વિચાર કરી પેલી બાકી રહેલી જમીન વેચી મારી અને તેના ઉપજેલા રૂપીઆમાંથી એક સારી ઘોડી લીધી અને એક હુંપીઓ કરાવ્યો તેમ લુગડેલતે બની હું પણ તૈયાર થયો. મારૂં સાસરૂ પાંચ ગાઉ છેટે છે તેથી મેં ઘેરથી મોડા નીકળવાનો વિચાર રાખ્યો અને સાંજના સાડાપાંચ વાંગે ઘોડેસ્વાર થઈ મારા સાસરાના ગામનો રસ્તો લીધો

માર્ગમાં જરાવાર લાગવાથી હું મારા સાસરે સાડાસાત વાગે પહોચ્યો આ ગ્રામની ભાગોળે પહોચી મેં વિચાર કર્યો કે- ારાં લુગડાં, દાગીના, તેમ સારી ઘોડી ઉપર બેઠેલોછું છતાં મત્યારે ગામમાં પ્રવેશ કરીશ તો કોણ જાણશે માટે લાવ આ ામે ફકીર ટકીઆ છે ત્યાં રાત ગાળી સવારમાં મારે સાસરે ઈશ,

સુજ્ઞ પ્રિયવાંચક ? દ્વીતીય ભાગ વાંચો ?

અપુર્ણ.



અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપનાર સાહેબોના મુબારક નામની ટીપ.

કડી.

૧ હરીલાલ બાપુભાઇ વકીલ
૧ ગંભીરસીંગ જેઠાભાઇ બા.
૧ જાની નારણલાલ છગનલાલ
૧ મણીલાલ મોહનલાલ બારોટ
૧ પરભુલાલ કેશવલાલ
૧ લાલજી રામદાસ બારોટ
૧ પટેલ પરભુદાસ કેવળદાસ
૬ ચીમનલાલ ગીરધરલાલ
૧ છોટાલાલ નરોતમદાસ

બાબાજીપુરા

૧ પટેલ જેસંગ શામજી
૧ પટેલ શીવલાલ પીતાંબર

વડનગર

૧ છગનલાલ દાલજી બારોટ
૧ મહન્ત જગન્નાથદાસજી રૂગ

નાથદ્વારાજી

૧ બારોટ ચતુરભાઇ ભાથીભાઇ

બેટશંખોદ્ધાર

૧ જો. ભવાનીશંકર હરજીવન

ગોતા.

૧ નર્મદાશંકર ગુલાબરામ,

અરણેજ.

૧ શીવપ્રસાદ છોટાલાલ
૧ રતીલાલ હરજીવન

માણસા

૧ રા. રા. થાધવલાલ ગોપાળજી
૧ રા. ગીરધર નથુભાઇ
૧ રા. મફતલાલ જેઅચંદ
૧ કેશવલાલ સાંકળચંદ
૧ પટેલ ગણેશ રામદાસ
૧ હુકમચંદ મગનલાલ જીવરામ
૧ પુંજીરામ જગજીવન
૧ મણીલાલ પરસોતમ
૧ મણીલાલ ગોપાલ ગોરધન
૧ નથુભાઇ ઝવેર ગાંધી
૧ પંડયા સાંકળચંદ છગનલાલ
૧ બારોટ સાંકળચંદ કેદારજી
૫ મથુરદાસ છગનલાલ
૧ રાઓલ અરજણસીંહજી
૧ રા બેચરસીંગ જવાનસીંગ

ગોધરા.

૨ બા. મોહનલાલ કુંવરજી

મુંબાઇ.

૧ રા. ચત્રભુજ કુબેર ત્રીવેદી
૧ વીરમચંદ વખતરામ

આમોદ,

૧ રણછોડભાઇ મોતીભાઇ બા.

ગોલાદરા.

૧ પુંજાભાઇ જે. તંબુકાવાળા.

જાહેર ખબર.

રામ વિવાહ તથા કાવ્ય સંગ્રહ.

આ પુસ્તકમાં ગોસ્વામી તુલસીદાસ કૃત "રામ વિવાહ" જેની અંદર ઘણાંજ સુંદીર ગાયનો દેવકન્યાઓએ તેમજ ઋષિ પત્નીઓએ ગાયેલાં ધોળ, પદ, વીગેરે છે. તેમજ બીજા અનેક પ્રકારના ગરબા ગરબીઓ કૃષ્ણ ભગવાનની લીલાના તથા "નરસિંમહેતાના મુકવામાં આવેલાં છે. સ્ત્રીઓને લગ્ન પ્રસંગે તેમજ નવરાત્રીમાં ગાવાના ગરબા પણ પ્રસંગોપાત મુકવામાં આવ્યા છે તેમ આગળ થઇ ગયેલા મહાન કવિશ્વરો જેવા કે ગદ, ગંગ, બીરબલ, ચંદ, જેઠાલાલ, વૈતાળ, પદ્માકર, વિગેરેનાં ઘણાંજ રસિક કાવ્યોનો સંગ્રહ મુકવામા છે. જેની અંદરની દરેક કાવ્ય શોખીલાઓને આનંદ, રસિક જનોને રસીકતા, પ્રેમી જનોને પ્રેમાનંદ, ઉદ્ધાર જનોને અહલાદ સમજુ જનોને શાન્ત અને ગમાર લોકોને વખતો વખત ગમ્મત સાથે જ્ઞાનની સાથે ગમ્મત આપનાર છે. રોયલ સોળપેજી આશરે સો પૃષ્ટનું થશે પુંઠું પણ સારૂં સફાઇદાર સુશોભીત બાંધવામાં આવશે. કીંમત માત્ર ટપાલ ખરચ સાથે રૂ. ૦—૮—૦ આઠ આના રાખવામાં આવી છે. થોડી મુદતમાં છપાઇ બહાર પડશે. તાકીદે નામ નોંધાવો.

કર્ત્તા.

ત્રીભુવન કાકુભાઇ બારોટ.

મુ. ઠે. કરણપુર.

(ગુજરાત.)

જાહેર ખબર.

☞વાંચો ખાસ સુચના. વાંચો☜

આ પુસ્તકનો દ્વીતિય ભાગ થોડા સમયમાં કર્તા તરફથી પ્રકાશ કરવામાં આવશે માટે સુજ્ઞ વાંચક મહાશયો તેને એકવાર મંગાવી વાંચી જોવા વિસ્મૃત થશો નહિ. પુસ્તકની નકલો ગ્રાહકો પુરતીજ કાઢવામાં આવશે. જેથી સોનેરી સમય આળસથી વ્યર્થ નહિ ગુમાવતાં ગુણ ગ્રાહક ચતુર સજ્જનો તેનો શીઘ્રતાથી સ્વીકાર કરશો.

આ પુસ્તક મળવાનું ઠેકાણું.

બારોટ ત્રીભુવન કાકુભાઈને ત્યાંથી

મુ૦ કડી—ઠે. કરણપુર.

જોસી રામશંકર સાંકળેસ્વરને ત્યાંથી

માણસા—(મહીકાંઠા.)